# શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રી ઈ. ઈ. એલ. કે. કોમર્સ કોલેજ, ચીખલી

Re Accredited 'B+ (2.75)' Grade by NAAC

વિમલ ઉચ્ચત્તર કેળવણી ટ્રસ્ટ સંચાલિત
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન




# વિમલ

(૨૦૧૮ – ૨૦૧૯, ૨૦૧૯ – ૨૦૨૦, ૨૦૨૦ – ૨૦૨૧)

50
સુવર્ણ જયંતી વર્ષ

પરામર્શક
**આચાર્યા ડૉ. ફાલ્ગુની દેસાઈ**

સંપાદક
પ્રા. ડૉ. એન. કે. નાયક

મંત્રી
પી. એચ. પંડયા

મેગેઝીન સમિતિ



જન્મ : ૨૭-૩-૧૯૧૫

અવસાન : ૧૩-૧૧-૧૯૯૯

### સ્વાતંત્ર્ય સેનાની, સમાજસેવક અને શિક્ષણ સંવર્ધક

# સ્વ. મોહનલાલ મણિલાલ દેસાઈ

નિત્ય રોપાયા ભૂમિ મહીં તે આપ છો, મૂળ કે પાયો સુદૃઢ છે તે આપ છો.

શુષ્કતા ભીનાશ બંને રૂપમાં જે છે તે આપ છો, ખૂબ રેલાય જે વાત્સલ્ય ભાવે તે આપ છો.

વૃક્ષ સાથે ખૂબ ઘનિષ્ઠ સંબંધ છે, અમ શીશ પર શીળી છત્રછાયા જે છો તે આપ છો.



राष्ट्रीय मूल्यांकन एवं प्रत्यायन परिषद

विश्वविद्यालय अनुदान आयोग का स्वायत्त संस्थान

**NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL**

*An Autonomous Institution of the University Grants Commission*

# Certificate of Accreditation

The Executive Committee of the
National Assessment and Accreditation Council
on the recommendation of the duly appointed
Peer Team is pleased to declare the
Shri M. R. Desai Arts and
Shri E. E. B. Kosadia Commerce College
Chikhli, Dist. Navsari, affiliated to Veer Narmad South Gujarat University,
Gujarat as


Accredited

with CGPA of 2.75 on seven point scale
at $B^{+}$ grade
valid up to October 29, 2022

Date : October 30, 2017

Director

**आचार्य देवव्रत**
राज्यपाल, गुजरात
गांधीनगर-३८२०२१



## संदेश


वनवासी क्षेत्र में शिक्षा का प्रकाश फैलाकर विकास का उन्नत मार्ग स्थापित करने के उद्देश्य से कार्यरत श्री एम.आर.देसाई आर्ट्स एन्ड श्री इ.इ.एल.के. कॉमर्स कॉलेज, चीखली की स्थापना के इस वर्ष ५० वर्ष पूर्ण होने जा रहे हैं, यह जानकर बहुत प्रसन्नता हुई।

वनवासी प्रदेश में विमल उच्चतर केळवणी ट्रस्ट ने इस कॉलेज के जरिए आदिवासी बच्चों को उच्च शिक्षा प्रदान करने हेतु जो कार्य किया है वह सराहनीय है। खासकर आदिवासी बालिकाओं को उच्च शिक्षा के लिए प्रेरित करने का आपका कार्य सचमुच प्रशंसनीय है। ५० वर्ष के स्वर्णिम सफर की स्मृति को स्मारिका में संजोने का जो निश्चय आपने किया है, इसके लिए मेरी शुभकामनाएं।

(आचार्य देवव्रत)

**વિજય રૂપાણી**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

apro/Jm/2019/10/01/jp



તા. ૦૧-૧૦-૨૦૧૯

## સંદેશ

***'By education, I mean an all-round drawing of the Best in child & man in body, mind & spirit."***

***-Mahatma Gandhi.***


શિક્ષણ એ આપણા જીવનનું એક અગત્યનું પાસું છે. શિક્ષણ થકી સ્વની સાથે સમાજ, રાજ્ય અને રાષ્ટ્રના વિકાસ તેમજ સફળતાનાં શિખરો સર કરી શકાય છે. આજના સમયમાં શિક્ષણ દ્વારા દેશમાં સામાજિક, આર્થિક અને વૈજ્ઞાનિક ક્રાંતિ લાવી શકાય છે. માનવીના જીવનમાં મૂલ્યો, સત્ય, નિષ્ઠા અને સંસ્કૃતિનો પ્રસાર પણ શિક્ષણ થકી જ વિસ્તરે છે. ભવ્ય રાષ્ટ્રનિર્માણમાં પોતાના શૈક્ષણિક કૌશલ્યની આહૂતિ વડે સમગ્ર વિશ્વમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકાય છે.

વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ, શ્રી એમ. આર. દેસાઈ આર્ટસ એન્ડ શ્રી ઈ. ઈ. એલ. કે. કોમર્સ કોલેજ ચીખલી, દક્ષિણ ગુજરાતના દંડકવન એવા ચીખલીના આદિવાસી સમાજ માટે છેલ્લા પાંચ દાયકાથી જ્ઞાન સરિતા વહાવી રહ્યું છે જે ખૂબ જ પ્રશંસનીય કાર્ય છે. સંસ્થાના સુવર્ણજયંતી અવસરે વિકાસ ગૌરવયાત્રાને સ્મૃતિ બદ્ધ કરી મુખપત્ર સ્વરૂપે પ્રકાશિત કરવાનો આપનો પ્રયાસ અભિનંદનીય છે. ટ્રસ્ટ અને કોલેજ સાથે સંકળાયેલા તમામ કર્મીઓને શુભકામના પાઠવું છું.

આપનો,

(વિજય રૂપાણી)

# શુભેચ્છા સંદેશ



આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચકક્ષાનું શ્રેષ્ઠ શિક્ષણ અને વ્યવસાયની સાનુકૂળ તક પૂરી પાડવાના આશયથી સ્થપાયેલી આ સંસ્થા સતત વિકાસલક્ષી પ્રયત્નો સાથે અગ્રેસર રહી પચાસ વર્ષ પૂર્ણ કર્યા છે.

આપ સૌ વિદ્યાર્થીઓ આ દેશની ગૌરવવંતી ધરોહર છો. તેમનું ઘડતર, તેમનો આત્મવિશ્વાસ જગાડવાની આ સંસ્થાને તક પ્રાપ્ત થઈ છે, તેનો આનંદ છે. ૨૦૨૦ નું આ વર્ષ કોરોના કોવિદ – ૧૯ ની વૈશ્વિક મહામારીને કારણે આપણે માટે અનેક ક્ષેત્રે પડકારરૂપ બન્યું છે. આપણે સૌ આ સમયને પણ પાર કરીશું. સૌ સ્વસ્થ રહો. માનસિક – શારીરિક ક્ષમતા કેળવી સાથે મળી સિધ્ધિના શિખરોને સર કરીએ. આપ સૌને હાર્દિક શુભકામનાઓ તથા શુભાશિષ.

**શ્રી અરવિંદભાઈ દેસાઈ**
ટ્રસ્ટી
વિમલ ઉચ્ચતર કેળવણી મંડળ,
ચીખલી.

# શુભેચ્છા સંદેશ



સંસ્થા સુવર્ણ જયંતી ઉજવી રહી છે ત્યારે આ સંસ્થાની સ્થાપનાનો ઉદ્દેશ એ જ રહ્યો છે કે આપણા વિસ્તારના નવયુવાનોના, વિદ્યાવાંચ્છુઓના સ્વપ્નો સાકાર થાય.

સંસ્થા વિદ્યાર્થીઓની હિતૈષી રહી છે. સંસ્થા મિત્ર, પથદર્શક અને તત્વ ચિંતક બની વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકીર્દિ માટે સતત પ્રયત્નશીલ રહે છે.

તમે રાષ્ટ્ર ઘડતરના સંવાહક છો. વિદ્યા થકી સ્વનું, સમાજનું અને રાષ્ટ્રનું નામ ઉજ્જવળ કરો. તમારા થકી આ સંસ્થા પણ ગૌરવાન્વિત થશે.

૨૦૨૦ નું વર્ષ આપણા સૌના જીવનમાં મોટું પરિવર્તનકારી સાબિત થયું છે. કોરોના કોવિદ – ૧૯ ની વૈશ્વિક મહામારીથી સમગ્ર વિશ્વ ગ્રસ્ત થયું છે. ત્યારે આપણે ધૈર્ય સાથે આપણા કર્મ પ્રત્યે કટિબધ્ધ રહીએ. કોરોના દૈત્યને સાથે મળી હણીએ. અણધારી આવી પડેલી આ પરિસ્થિતિએ અનેક પડકારો આવ્યા છે, તેનો અવસર સમજી નવીનીકરણ દ્વારા લાભો ઉઠાવીએ. નવી શિક્ષા નીતિ માટે પણ સજ્જ થઈએ. સૌ સ્વસ્થ રહો, તંદુરસ્ત અને સલામત રહો. ઉત્તમ ભાવિના લક્ષ્યાંકો સિધ્ધ કરો એવી શુભકામના.


**શ્રી દર્શનભાઈ દેસાઈ**
મેનેજિંગ ટ્રસ્ટી અને ચેરમેન
વિમલ ઉચ્ચતર કેળવણી મંડળ,
ચીખલી.

# આચાર્યાશ્રીની કલમે



કેંક પથ્થરો રામના નામે તરી ગયા ભલે,રામ ન રાખે જેને એ ડૂબે છે, પછી તરતો નથી. જો હશે શ્રદ્ધા અડગ તો સ્થાન પણ અવિચળ હશે. ધ્રુવ તારક બને, એ પછી ખરતો  નથી. એક ભાગાકારનો છે દાખલો અસ્તિત્વ, શેષ કૈં જો ના વધે તો અર્થ કઈ સરતો નથી. સંસ્થાના અસ્તિત્વનો ઉત્સવ રૂડો હોય છે અને એ ઉત્સવ જેના ભાગ્યમાં હોય એ બધાં જ ખૂબ ભાગ્યશાળી. સંસ્થાનો સુવર્ણજયંતી અસ્તિત્વોત્સવ, વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટની પ્રબુદ્ધ રાહબરી હેઠળ ૨૦૧૯ – ૨૦ માં ઉજવાયો.

શ્રી મણીલાલ રણછોડજી દેસાઈ આટર્સ એન્ડ ઇબ્રાહીમ ઇસપ લહેર કોસાડીઆ કોમર્સ કોલેજની શરૂઆત ૧૯૬૯ માં થઈ હતી. જ્યાં શાળાની કલ્પના પણ શક્ય ન હતી ત્યાં આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે ઉચ્ચ શિક્ષણની સંસ્થા સ્થાપવામાં આવી. સ્વાતંત્ર્યોત્તર કોલેજના મકાનની બાંધણી, મનોરમ્ય વાતાવરણ, લીલુંછમ પરિસર જ્યાં સુંદર પર્યાવરણ છે. પરિસરનું સ્મિત આવકારદાયક છે. વર્ષ ૧૯૬૯માં ૧૪૮ વિદ્યાર્થી, ૧૦ અધ્યાપકો, ૦૪ સેવક ભાઈઓ અને ૦૪ વહીવટી કર્મચારીઓથી સંસ્થા શરૂ થઈ. સંસ્થા આર્થિક ભીંસને લીધે બંધ પડી ગઈ ત્યારે સ્વતંત્રસેનાની, શિક્ષણસંવર્ધક, સમાજસેવક સ્વ. શ્રી મોહનકાકાએ સંસ્થાને પુનર્જીવિત કરી. વર્ષ ૧૯૭૮-૭૯ માં વિદ્યાર્થીઓની સંખ્યામાં૧૯% વધારો થયો. વર્ષ ૧૯૭૩ માં હિન્દી,૧૯૯૦ માં  સંસ્કૃત અને ૨૦૦૨ માં વાણિજયમાં અનુસ્નાતક કેન્દ્ર શરૂ થયાં. હાલમાં ૧૦ સ્નાતક અને ૦૩ અનુસ્નાતક અભ્યાસક્રમ ચાલે છે. કોલેજનો કેમ્પસ વિસ્તાર ૪૮૨૧૨૯. ૪૧ sq.ft. છે. વિતેલા વર્ષોમાં રાજ્યપાલ શ્રીમન નારાયણ અને ઉમાશંકર જોશી કોલેજમાં પધાર્યા હતાં. ૧૯૬૯-૭૦ માં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯% હતી તે ૧૯૭૫-૭૬માં વધીને ૩૨% જેટલી થઈ. વર્ષ ૧૯૭૬-૭૭ માં વિદ્યાર્થીની સંખ્યામાં ગણનાપાત્ર વૃદ્ધિ થઈ - ૧૧૧૦. વર્ષ ૧૯૭૭-૭૮ માં આચાર્યશ્રી ગુણવંતભાઈ એ VNSGUNI. માં કાર્યકારી કુલપતિ પદ સંભાળ્યું. વર્ષ ૧૯૭૯-૮૦ માં ટેબલ ટેનિસની ટીમ યુનિવર્સિટી કક્ષાએ સેમીફાઈનલમાં પહોંચી. ભાઇઓની ખો-ખો ટીમ સી-ઝોનમાં ચેમ્પિયન થઈ. યુવક મહોત્સવમાં ૬-પ્રથમ અને ૩-દ્વિતીય ઈનામો પ્રાપ્ત થયા. વર્ષ ૧૯૭૯-૮૦ માં "અરવિંદભવન" નું નિર્માણ થયું. વર્ષ ૧૯૯૪-૯૫ માં પ્રિ. ડૉ. ભરતભાઇ દેસાઇ કોમર્સ ફેકલ્ટી VNSGUNI. માં ડીન થયા. વર્ષ ૨૦૦૭ માં NAAC પ્રથમ સાયકલમાં 2.3૭ CGPA પ્રાપ્ત કર્યા.વર્ષ ૨૦૧૫-૧૬ માં IQAC ની સ્થાપના થઈ. વર્ષ ૨૦૧૬-૧૭ માં NAAC  દ્વિતીય સાયકલમાં  2.75 CGPA પ્રાપ્ત કર્યા.

વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ દરમિયાન સ્નાતક કક્ષાએ અનુક્રમે ૮૯૦ અને ૧૦૦૨ તથા અનુસ્નાતક કક્ષાએ ૨૧૦ અને ૨૦૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો. સંસ્થા યુનિવર્સિટી સમકક્ષ પરિણામ ધરાવે છે. વર્ષ ૨૦૧૮ ની યુનિવર્સિટી પરીક્ષામાં પટેલ તેજલકુમારી રાજુભાઈએ સૌથી વધુ CGPA ગુજરાતી વિષયમાં પ્રાપ્ત કરી નાટ્યરત્ન શ્રી લલ્લુભાઈ ભીમભાઈ દેસાઈ તથા સ્વ. નાથુભાઈ  દેવજીભાઈ પટેલ પારિતોષિક અને ઓજસ ટ્રસ્ટ પ્રેરિત આચાર્ય કુંજવિહારી મહેતા પુરષ્કાર પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું. રમતક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ સાથે અનેક મેડલો, પુરષ્કારો વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યા. NSS નો વાર્ષિક શિબિર કુકેરી મુકામે યોજાયો. વિદ્યાર્થીઓને રાષ્ટ્રનિર્માણ પ્રત્યે ઉન્મુખ કરવામાં આવ્યાં. વિદ્યાર્થીઓની પ્રતિભાને ઉદ્ભાસિત કરતા અનેકવિધ કાર્યક્રમો યોજાયા.

સુવર્ણ જયંતી વર્ષનો આરંભ વિશ્વયોગ દિવસની ઉજવણીથી થયો. પ્રથમ વર્ષના નવાગંતુક વિદ્યાર્થીઓ સાથે પ્રત્યાયનના હેતુથી વિદ્યાર્થી અભિસ્થાપન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. NSS અને સપ્તધારાના ઉપક્રમે અનેક વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો થયાં- રાષ્ટ્રીયપર્વોની ઉજવણી, ગાંધી સાર્ધશતાબ્દી, સરદાર જયંતીની ઉજવણી થઈ. વિવેકાનંદમંચ આયોજિત સ્વામી વિવેકાનંદ જન્મજયંતી તથા  વિદ્યાર્થીઓને અભિપ્રેરિત કરનારા શિવાજી મહારાજ, સુભાષચંદ્ર બોઝ, વીર ભગતસિંહની  સ્મૃતિમાં તજજ્ઞોના વ્યાખ્યાનો, પ્રદર્શનોનું આયોજન થયું. NSS ના ઉપક્રમે સ્વચ્છતા પખવાડા, સ્ત્રીસન્માન,કન્યા-ભ્રૂણ બચાવો, બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા રક્ષાબંધન, રાષ્ટ્રીય મતદાતા જાગૃતિ અભિયાન, મહિલા-સ્વસુરક્ષા કાર્યશિબિરનું આયોજન થયું. સુરક્ષા સેતુ સમિતિ અને વિસ્પી કાસદના માર્ગદર્શન તથા નિદર્શને વિદ્યાર્થીનીઓના આત્મવિશ્વાસને જગાડ્યો. વિદ્યાર્થીની પ્રતિભાને અજવાળતી અનેકવિધ સ્પર્ધાઓ તથા શૈક્ષણિક પ્રવાસ દ્વારા વિદ્યાર્થીઓ સ્વવિકાસ માટે મળતી દરેક તકોથી લાભાન્વિત થયા. ઉદિશા અને સાહિત્યસભાના ઉપક્રમે UPSC, GPSC, BANK, RAILWAY જેવી સ્પર્ધાત્મક પરીક્ષા, કારકિર્દી માર્ગદર્શન માટે પ્રેરક તજજ્ઞોના વ્યાખ્યાનો યોજાયા. આંતરવર્ગીય રમતો, નવરાત્રિ અને ઉતરાયણના ઉત્સવોનો આનંદ માણ્યો. શારદા ફાઉન્ડેશનની સહભાગિતામાં વિશ્વ મહિલા દિવસના ઉપલક્ષ્યમાં જીવંતિકા-૨ પરિસંવાદનું આયોજન થયું. અનેક ક્ષેત્રોની પ્રેરણાત્મક નામાંકિત મહિલાઓને સન્માનિત કરવામાં આવી. અધ્યાપકોએ સ્વસજ્જતા અર્થે કે.સી.જી. આયોજિત ફેકલ્ટી

ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, વિવિધ વેબીનારો તથા સેમિનારોમાં સહભાગી થઈ સંશોધનપત્રો રજૂ કર્યા.

ગુજરાત સરકારશ્રીના વિદ્યાર્થી કલ્યાણકારી વિવિધ આયામો - સમરસ ભારત, **Student Start Up SSIP** ના પ્રકલ્પ અંગે વિદ્યાર્થી અભિસ્થાપન કરવામાં આવ્યું. રાજ્યસરકાર આયોજિત મેગા જોબફેર માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી **Job Placement Fair** માં વિવિધ કંપનીમાં ઈન્ટર્વ્યુ માટે પ્રોત્સાહિત કર્યા. ગુજરાત રાજ્ય સરકારશ્રીનો અનોખો વિદ્યાર્થી હિતકારી પ્રકલ્પ **Finishing School** નું આયોજન થયું. આ આયામે કોલેજના વિદ્યાર્થીઓને જીવન પાથેય પૂરું પાડી, આત્મવિશ્વાસ ને સંકોર્યો. રાજ્ય સરકારશ્રી દ્વારા ઉપલબ્ધ ડિજીટલ ઈન્ડિયાના સ્વપ્નને સાકારિત કરનાર, વિદ્યાર્થીઓને વિશ્વની બારી દેખાડનાર **Namotab** નું વિતરણ કરતા આ ઉપકરણનો સકારાત્મક ઉપયોગ કરવા અનુરોધ કર્યો. કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘોષિત **Fit India Movement** ના કાર્યક્રમને NDTV ના માધ્યમથી વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં કોલેજ પરિવાર સાથે નિહાળ્યો અને ફીટનેસ જાગૃતિ અંગે પ્રતિજ્ઞા લીધી. સરકાર માન્ય લઘુઉદ્યોગો સંબંધિત વર્ગોની તાલીમ, હોમગાર્ડના જવાનો માટેની રમતગમતની સ્પર્ધા, મતદાતા જાગૃતિ અભિયાન,સ્ત્રીસુરક્ષા, માર્ગસુરક્ષા સંબંધિત કાર્યક્રમો, રેડક્રોસના કાર્યક્રમોનું સંસ્થામાં આયોજન થયું. સુવર્ણ જયંતી વર્ષ ઉજવણી નિમિત્તે વીર નર્મદ દ.ગુ.યુનિ. ઈન્ટર કોલેજ ખોખો (બહેનો) સ્પર્ધા ૨૦૧૯ - ૨૦૨૦ નું આયોજન થયું. વીર નર્મદ દ.ગુ.યુનિ. ઈન્ટર કોલેજ ઈન્ટર ઝોન અને 'ડી ઝોન' ક્રિકેટ ટુર્ના. ૨૦૧૯-૨૦ નું આયોજન થયું. ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. ક્રિકેટ ટુર્ના. ૨૦૧૯-૨૦ માટે વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરતની ક્રિકેટ ટીમનું સિલેકશન ચીખલી કોલેજનાં ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ૭ દિવસ સુધી યોજાયું, જેમાં ૧૭૦ ક્રિકેટરોએ ભાગ લીધો. પ્રા. શ્રી દિનેશભાઈ રાઠોડ,પ્રા. શ્રી યોગેશભાઈ દેસાઈ તથા પ્રા. શ્રીમતિ દક્ષાબેન પટેલ અને બિન શૈક્ષણિક કર્મચારી શ્રી છોટુભાઈ, શ્રી નગીનભાઇ તથા શ્રીમતિ મીનાક્ષીબેન વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા. સૌને નિરામય જીવનની શુભકામના.

સમગ્રવિશ્વને સંક્રમિત કરનારા કોરોના COVID-19 ના રાષ્ટ્રવ્યાપી લોકડાઉન દરમ્યાન વિદ્યાર્થીઓ Digital Platform પર રાજ્ય સરકાર અને ઉચ્ચશિક્ષણ દ્વારા ઉપલબ્ધ MICROSOFT TEAM ના માધ્યમથી પરસ્પર અનુબદ્ધ થયા. શૈક્ષણિક કાર્ય અવિરત છે. આ માટે રાજ્ય સરકારશ્રીને અભિનંદન તથા કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે વડીલશ્રી અરવિંદ કાકા તથા યુવા ટ્રસ્ટી શ્રી દર્શનભાઈનો નિત્ય સંવાદપૂર્ણ સહયોગ રહ્યો. એમનો કૃતજ્ઞતાપૂર્વક સમગ્ર કોલેજ પરિવાર વતી હાર્દિક આભાર માનું છુ. વસુધારા ડેરી, આલીપોર તથા સુગર ફેકટરી, ગણદેવીએ સામંજસ્ય સાધ્યું. આ તકે તેમનો પણ આભાર માનીએ છીએ. નામી - અનામી સૌનો હાર્દિક આભાર.

સુવર્ણજયંતી વર્ષે સાંપડેલી મારી કારકિર્દીની સુવર્ણમય સ્મૃતિ જેનું કથન મારા આત્માને પુલકિત કરે છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના સ્વપ્નને આકારિત કરી વિશ્વગુરુ બનવા પ્રતિ દોરી જનારી નવી શિક્ષાનીતિના આયામ સ્વરૂપે કેન્દ્ર સરકારના flagship કાર્યક્રમ LeAP (Leadership for Academician Program) અંતર્ગત માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર (MHRD) દ્વારા મારું ચયન થયું. હું કેન્દ્ર સરકારની આભારી છુ. શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ અને શ્રી ઇ.ઇ.એલ.કે.કોમર્સ કોલેજને વિશિષ્ટ અભિજ્ઞાન પ્રાપ્ત થયું એનો આનંદ શબ્દાતીત છે. આ કાર્યક્રમ જાન્યુઆરી ૨૦૧૯ માં ટાટા ઈન્સ્ટિટ્યુટ ઑફ સોસીયલ સાઇનસિસ (TISS), મુંબઈ માં આયોજિત થયો હતો. એમાં મારી સાથે ભારત પ્રૌદ્યોગિક સંસ્થા (IIT) અને NIIT ના વિદ્વાનોના સમૂહ નું ચયન થયું હતું. આ પરિચર્યા જ્ઞાનોદીપ્ત રહી. આ LeAP પ્રોગ્રામનો આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ UPenn (University of Pennsylvania, Philadelphia, US) માં ભારત સરકારે આયોજિત કર્યો છે.

કોરોના સામે યુદ્ધ હજી યથાવત છે. આપણે કોરોના વોરિયર્સ બની સંક્રમણનો નિર્ભયતાથી સામનો કરીએ. આત્મનિર્ભર નવીન ભારતના નિર્માણ અને નવી શિક્ષાનીતિના ક્રિયાન્વયન માટે કટિબદ્ધ થઈએ. આવો **NEW INDIA** નિર્માણમાં આગેકૂચ કરીએ.

પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ ? હું પડકાર ઝીલનારો માણસ છું.
હું તેજ ઉછીનું લઉં નહીં હું જાતે બળતું ફાનસ છું.
ઝળાહળાનો મોહતાજ નથી મને મારું અજવાળું પૂરતું છે
અંધારાના વમળને કાપે કમળ તેજતો સ્ફુરતું છે.
ધુમ્મસમાં મને રસ નથી હું ખુલ્લો અને નિખાલસ છું.
પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ ? હું પડકાર ઝીલનારો માણસ છું.
કુંડળીને વળગવું ગમે નહીં ને ગ્રહો કને શિર નમે નહીં,
કાયરોની શતરંજ પર જીવ સોગઠાબાજી રમે નહીં.
હું પોતે જ મારો વંશજ છું હું પોતે મારો વારસ છું,
પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ ? હું પડકાર ઝીલનારો માણસ છું.

- માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી

## Principal Dr. Falguni Desai's Participation in Leadership for Academician's Programme (LEAP) 2020-21

Organized by
Tata Institute of Social Sciences, Mumbai
International part at
University of Pennsylvania, USA
Under the Aegis of
Ministry of Human Resource Development Government of India

















SCIENCES





# સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી









50
VIMAL UCHCHTAR
KELVANI TRUST CHIKHLI
GOLDEN JUBILEE YEAR


VIMAL UCHCHTAR
KELVANI TRUST CHIKHLI




M.R.DESAI ARTS AND E.E.L.
KOSADIA COMMERCE COLLEGE, CHIKHLI

# ફીટ ઈન્ડિયા મુવમેન્ટ અને
# સ્વચ્છ ભારત અભિયાન










Vimal Uchchatar
Kelvani Trust, Chikhli
Shri MRD Arts & EELK
Commerce College
Chikhli
College of Applied Sciences
and Professional Studies




Vimal Uchchatar
Kelvani Trust, Chikhli







## આચાર્યા ડો. ફાલ્ગુની દેસાઈ

Orientation Program NAAC Assesors (Savitribai Phule Uni., Pune - Aug. 2019)



## વિદ્યાર્થી પરિષદ



## ગુજરાત સરકારનો આયામ વિદ્યાર્થીઓને નમો ટેબલેટનું વિતરણ



# સપ્તધારા અને વિદ્યાર્થીના સમગ્રતાલક્ષી
# વિકાસના વિવિધ કાર્યક્રમો












# Student Entrepreneurship
## ને પ્રોત્સાહિત કરવા માટેના કાર્યક્રમ






## Statue Of Unity વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસ






# બ્રહ્મકુમારી દ્વારા રક્ષાબંધન કાર્યક્રમ





# સ્ત્રી સ્વાસ્થ્ય અંગનો વિદ્યાર્થીનીઓ માટે સેમિનાર





## વાર્ષિક મહોત્સવ





## ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન






# Homeguardનો કોલેજ કેમ્પસ ઉપર રાજયકક્ષાનો રમતગમતનો કાર્યક્રમ









# શારદા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે સ્ત્રી સશક્તિકરણ કાર્યક્રમ
















# ફિનિશિંગ સ્કુલ પ્રોગ્રામ













# રમત – ગમત વિશ્વ





SHRI M.R.DESAI ARTS & E.E.L.K. COMMERCE COLLEGE CHIKHLI
CHAMPION
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
INTER ZONE CRICKET TOURNAMENT 2018-19



















Kelvani Trust, Chikhli




KHO-KHO (W)
TOURNAMENT

# યુનિવર્સિટી ક્રિકેટ






VIMAL UCHCHATAR KELWANI TRUST'S
SHRI M.R.DESAI ARTS & E.E.L.K. COMM. COLLEGE, CHIKHLI
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
" D" ZONE AND INTER ZONE
INTER COLLEGE
CRICKET(Men) TOURNAMENT
UNIVERSITY SELECTION
DATE : 03-09 DECEMBER 2019





# રાષ્ટ્રીય સેવા યોજના NSS
















સૂરજ પાર્ક







# વિશ્વ યોગ દિવસ


Shri M. R Desai Arts
&
EELK Commerce, College
International Yoga Day 2020


INTERNATIONAL YOGA DAY
CELEBRATION





# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સંપાદકીય | પ્રા. ડૉ. નયના નાયક | ૧ |
| ઘર દીવડાંઓની કાવ્યમંજૂષા | | ૨ - ૨૭ |
| વાત કરવી છે એમ.આર.ડી. કોલેજની | ગાયત્રી હરિયાણી | |
| મા મને આવવા દઈશ ? | ખુશ્બુ ભાનુશાલી | |
| કોરોનાની હાર | કાજલ હળપતિ | |
| દીકરી | શિલ્પા રાજપૂત | |
| નહીં તો | જયના વિરવલ | |
| વર્ષોના વર્ષ લાગશે | દર્શના ચૌધરી | |
| સ્વચ્છતા અભિયાનનો કક્કો | અંજલી હળપતિ | |
| થોડું વિચારો | નિકુંજ પરમાર | |
| જીંદગી | ઉર્વશી ચૌધરી | |
| પ્રિય કવિ કાલિદાસ | દર્શના પટેલ | |
| **My Experience about Finishing School** | **Jinal Patel** | |
| વિકલાંગોની સમસ્યા અને સમાયોજન | ડોલી આહિર | |
| મારી બીજી માતા | સોનાલી પટેલ | |
| આદરણીય પ્રધાનમંત્રી મોદીનું સ્વાતંત્ર્ય દિવસ ૧૫/૮/૨૦૨૦ ના રોજ રાષ્ટ્રને ઉદ્‌બોધન | પ્રિ. ડૉ. ફાલ્ગુની દેસાઈ | |
| ગુજરાતની લોકકલા | પ્રા. ઈન્દુબેન પટેલ | |
| હું શું કરું ? | પ્રા. છીબુભાઈ પટેલ | |
| **Stress : How to deal with Stress** | **Dr. Jaymal Naik** | |
| બાળકોનું બાળપણ ક્યાં ? | મયુરીબેન હળપતિ | |
| ચાર્ટિસ્ટ આંદોલન | પ્રા. ચેતનભાઈ પટેલ | |
| એક ભારત એક કર | સુરભિબેન પરમાર | |
| भारतीय संस्कृति वैश्विक परिदृश्य | प्रा. डो. मुकेशभाई पटेल | |

| | | |
|---|---|---|
| અગ્નિગર્ભ | प्रा. डो. रियाझभाई ताई | |
| **Women's Empowerment** | **Bhoomikaben Patel** | |
| वेदेषु मानसशास्त्रम् | प्रा. डो. नयना नायक | |
| શતાબ્દી વંદના : ડૉ. જયંત પાઠક | પ્રા. જગનભાઈ પટેલ | |
| કોરોના અને ભારતીય અર્થતંત્ર પર તેની અસર | પ્રા. હેમાંગિની દેસાઈ | |
| પ્રવૃત્તિ લોક | | ૨૮ - ૫૦ |
| શૈક્ષણિક સિદ્ધિઓ | | ૫૧ - ૫૨ |
| પરીક્ષાના પરિણામો | | ૫૩ |
| સ્ટુડન્ટ કાઉન્સિલની વિવિધ સમિતિઓ | | ૫૪ |
| વિભાગીય અહેવાલ | | ૫૫ - ૫૯ |
| વિદ્યાર્થી સંખ્યા | | ૬૦ - ૬૧ |
| વાર્ષિક હિસાબ | | ૬૨ - ૬૫ |
| મહાવિદ્યાલય ગીત | | ૬૬ |

# સંપાદકીય

- ડૉ. નયના નાયક

સાચું શિક્ષણ શાશ્વત મૂલ્યોને જીવનમાં ઉતારી જીવનને સંતૃપ્ત સાર્થક અને સમૃધ્ધ બનાવવામાં છે. જેમ જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવા તેને યોગ્ય માવજતની, પોષણક્ષમ ખાતરની જરૂર હોય તેમ માનવમનને જ્ઞાનથી સતત સિંચતા રહેવું જરૂરી છે. નવા વિચારો જ્ઞાનની સીમાનું વિસ્તરણ કરે છે. વળી, દરેક માનવમાં અનેક પ્રતિભાઓ બીજ રૂપે છુપાયેલી જ હોય છે. તેને પ્રફુલ્લિત, પુષ્પિત થવાની યોગ્ય તક આપે તે જ શિક્ષણ.

આ પ્રક્રિયા માટે સુસજ્જ શિક્ષક અને વિદ્યાર્થી અરસ પરસના પૂરક બને છે. નવા વર્ષનો ઉઘાડ થયો. પક્ષીઓના મધુર કલરવ, મંદ-મંદ સુરભિયુક્ત વાયુ સાથે કોયલના ટહુકાએ સંસ્થાના સ્થાપના કાળના ૫૦ વર્ષ ઉજવવાની દિશામાં પગરણ માંડી દીધું. અનેક તડકા – છાયામાંથી પસાર થવા છતાં સંસ્થાએ અનેક સોપાનો સર કર્યા . સંસ્થાએ પોતાના સંતાનો જેવા વિદ્યાર્થીઓનો ક્યારેય સાથ કે હાથ ના છોડ્યો. આમ તો સમય બળવાન છે. તેના વહેણમાં જીવનના રંગ પલટાતા રહે છે. વીતી ગયેલાનો શોક ના કરવો અને વર્તમાન તથા ભવિષ્યને સંકોરતા રહેવા તત્પર અમારી સંસ્થા અને તેના સ્થાપકોએ દીપક બની ચીખલી પંથકને પ્રકાશિત કર્યું. તેને પોંખવાનો અવસર આવ્યો.

આ સમયે કોલેજના વિદ્યાર્થીઓએ, પોતાના સર્વાંગીણ વિકાસ માટે તત્પર વિદ્યાના ઉપાસકોએ શિક્ષણ અને શક્ષણેતર પ્રવૃત્તિઓમાં સતત ક્રિયાશીલ રહી આંતરતમની પ્રતિભાને નિખાર આપ્યો.

કોલેજના દર્પણરૂપ ' વિમલ' માં દરેક પ્રવૃત્તિઓ, સિદ્ધિઓને વાચા આપી તેની ઝલક સમાજ સુધી પહોંચાડવાના  સંકલ્પ સાથે આ વિમલ સુવર્ણ જયંતી મહોત્સવની ઝાંખી લઈ આવી રહ્યું છે.

ઘરદીવડાઓની વાક્માધુરી, અધ્યાપકોના ચિંતન , વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટના વડીલ શ્રી અરવિંદભાઈ , યુવા ટ્રસ્ટી શ્રી દર્શનભાઈ , ટ્રસ્ટી શ્રીમતી સુવર્ણાબેન તથા ટ્રસ્ટી શ્રીમતી સોનલબેન અને પ્રભાવક વ્યક્તિત્વ  સાથે પ્રતિભાના ધની આચાર્યા ડૉ. ફાલ્ગુનીબેન ની સતત પ્રેરણા અને સમગ્ર કોલેજ પરિવારનો હુંફાળો સાથ સહકાર મળ્યો. વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને સ્વને અભિવ્યક્ત કરવા માટેની ઉમદા તૈયારી બિરદાવી, સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું.

COVID – 19 ની લોકડાઉનની પરિસ્થિતિમાં સૌનો સહકાર સાંપડ્યો, જેથી આ વિમલ આપ સમક્ષ અક્ષરદેહે ઉપસ્થિત કરી શકી છું. ક્ષતિઓ, મર્યાદાઓ માટે ક્ષમાપ્રાર્થી છું.  આપણે સૌ ઝડપથી કોરોનાની પકડમાંથી મુક્ત થઈ વિકાસની ગતિ પ્રત્યે પ્રયાણ કરીએ એ જ પ્રાર્થના.

**स्वस्ति उत पित्रे नो अस्तु स्वस्ति गोभ्यो जगते पुरुषेभ्यः।**
**विश्वं संभूतं सुदिदत्रं नो अस्तु ज्योगेवद्दशेम सूर्यम्॥** (अ. १.३१.४)

અમારા વડીલોનું કલ્યાણ થાઓ.

જગતના સૌ પ્રાણિઓ તથા મનુષ્યોનું કલ્યાણ થાઓ. સમસ્ત વિશ્વ મારે માટે ઉત્તમ, ઐશ્વર્યયુક્ત, શ્રેષ્ઠ, જ્ઞાનપ્રદ થાઓ. આપણે ચિરકાળ પર્યંત સૂર્ય જોતા રહીએ. અસ્તુ.

# ઘર દીવડાંઓની કાવ્યમંજૂષા



## વાત કરવી છે એમ. આર. ડી. કોલેજની...

- ગાયત્રી હરિયાણી બી.કોમ સેમ–6

વાત કરવી છે એમ.આર.ડી.ની .......

ઝાંખી કરાવવી છે તમને અહીંના વિદ્યાધામની

મહેકી રહી છે મોહનકાકાના પાવન પગલાં થકી

એમના પગરજથી રંગાય છે એમ.આર.ડી.

વાત કરવી છે.....

કાવેરી નદીના સૂરમય તટે વસી છે એમ.આર.ડી.

ચીખલીની મધ્યમાં  પ્રકૃત્તિના ખોળે છે એમ.આર.ડી.

નીત આરત થાય છે અહીં સરસ્વતીની સાધના થકી

ગુંજતું  માહોલ જાણે વિદ્યાર્થીઓના ભક્તિ ભાવથી

નિખાલસ ભાવે આવે છે અહીં દરેક બાળ

જ્ઞાન થકી બને છે સર્વગુણ સંપન્ન

સાગર ખેડુ માફક સતત પ્રયત્નશીલ હરેક અધ્યાપક

જાણે જ્ઞાનમંથન કરી મેળવવા માગે છે

વિદ્યાસાધક


કોક દિવસ આવજો મુલાકાતે શાનથી

નકી તમે અંજાશો અહીંના વૈવિધ્યસભર જ્ઞાનથી

બીજ કેરા ચંદ્ર સમી અવિરત ઉન્નતિ છે

હું તો કહીશ કે નિરંતર વહેતી જ્ઞાન

રૂપી ગંગા છે અમારી “ એમ.આર.ડી. “



## મા મને આવવા દઈશ ?

- ખુશ્બુ ભાનુશાલી (બી.એ.સેમ.૪)

મા મને આવવા દઈશ ?

મા હું તારું કાચું, ભોળું બાળપણ.

મા હું જ પાંચિકાની રમત.

મા તારા અસ્તિત્વનો અંશ,

મા મને આવવા દઈશ ?

મા હું જ સુરજની લાલાશ,

મા હું જ ચંદ્રમાની શીતળતા,

મા હું જ તારી લીલીછમ વર્ષા,

મા મને આવવા દઈશ ?

મા હું જ જીવનનો રંગ,

મા હું જ કોમળ પંખુડી,

મા હું જ નાજુક નમણી વેલ,

મા મને આવવા દઈશ ?

મા હું જ પ્રેમનું સરનામું,

મા હું જ તારી  હકીકત,

મા હું જ તારું સપનું,

મા મને આવવા દઈશ ?


મા હું થકી જીવનનું અસ્તિત્વ,

મા તું  જ અજાણી થઈશ ?

મા તારી નવી જીંદગી આમ જ .......

મા મને આવવા દઈશ ?

# કોરોનાની હાર



- કાજલ હળપતિ (બી.એ.સેમ.૪)

સેવા સમર્પણ અને સહકાર,
ગુજરાતની અસ્મિતાનો આધાર,
કોરાના વાયરસનો આવ્યો પડકાર,
લોકડાઉનનાં પાલનથી કરીશું દૂર,
સુખ નથી ટક્યું તો દુ:ખ કેમ ટકશે,
કોરોના વોરિયર્સને આપી સન્માન,
અદા કરીએ આપણી ફરજ,
ઘરમાં રહીને, સાજા રહીને,
કોરોનાને  આપીએ હાર,
આ સ્થિતિ આજે છે કાલે નથી,
હાર્યા વગર સાચા નિયમો જાણી,
રાખીએ આપણી જાતની સંભાળ,
ચાલો બધા સાથે મળીને,
કોરોનાને ભગાવીએ દૂર.

# દીકરી




- શિલ્પા રાજપૂત (બી.એ.સેમ.૪)

ઘર આખાની રોનક છે દીકરી,
જીવનમાં ખીલેલ કમળ છે દીકરી.
ક્યારેક તડકા જેમ મધ- મધ સોહાતી
ક્યારેક શીતળ ચાંદની છે દીકરી.
શિક્ષા, ગુણ સંસ્કાર રોપી દો,
પછી દીકરા સમ સક્ષમ છે દીકરી.
સહારો આપો જો વિશ્વાસનો,
તો પવિત્ર ગંગાજળ છે દીકરી.
પ્રકૃતિના સદ્ગુણ જો સિંચો,
તો પ્રકૃતિ સમ નિશ્ચલ છે દીકરી.
તો કેમ પ્રતિબંધ તેના જન્મવા સામે,
ઘરની શાન, માન અને આબરૂ છે દીકરી.

ઉપાસના, આવી પ્રાર્થના, એ કંઈ વાણીના વૈભવ નથી. તેનું મૂળ કંઠ નથી પણ હૃદય છે. તેથી જો આપણે હૃદયની નિર્મળતાને પહોંચીએ, ત્યાં રહેલા તારોને સુસંગઠિત રાખીએ, તો તેમાંથી જે સૂર નીકળે છે તે સૂર ગગનગામી બને છે. તેને સારુ જીભની આવશ્યકતા નથી. એ સ્વભાવે જ અદ્ભુત વસ્તુ છે. વિકારોરૂપી મળોની શુદ્ધિ કરવાને સારુ હાર્દિક ઉપાસના જડીબુટ્ટી છે.

You must not lose faith in humanity. Humanity is an ocean; if a few drops of the ocean are dirty, the ocen does not become dirty."

- **ગાંધીજી**



## નહીં તો

- જયના વિરવલ (બી.કોમ.સેમ.૧)

ઉઠાવી છે કલમ આજે કંઈક કહેવા માટે....!
કે આ સવાર જેટલી ખુબસુરત છે ;
તેટલી જ ખુબસુરત ભારતદેશની હર એક પળ છે....
જેટલી પણ ખુશી આજે આપણી પાસે છે;
તેનાથી અધિક આપણી આવતીકાલ છે....!
ક્યાં ગઈ એ રોનક, આ જહાનની....?
ક્યાં ખોવાઈ ગઈ એ રાહત ફિઝાઓની....?
રોકી લો....! પોતાના કદમોને ઘરમાં જ ... નહીં તો;
નહીં જોઈ શકશો પોતાના પોતાઓને પાછા...
આ જ રસ્તાઓ પર ....!
હરાવવું છે કોરોનાને , હરાવવી છે આ મહામારીને ;
પોતાની જીંદગીને નહીં ....
મહામારી છે આ, ડરાવશે આ, આંખો પણ દેખાડશે;
ડરીને નહીં પણ ડટીને સામનો કર્યો છે.. અને અંત સુધી
કરવો પણ છે, માટે જ કહું છું કે;
રોકી લો....! પોતાના કદમને ઘરમાં જ ... નહીં તો;
આપણે પોતાને પોતામાં જ કેદ કરવું છે આ સફરમાં ....
આપણે આપણા ગુજરાતને બચાવવું છે,
આપણા ભારત દેશને બચાવવું છે,
આ મુશ્કીલ ઘડીમાં એક – બીજાનો સાથ નિભાવવો છે...
હા...! એટલે જ કહું છું કે;
રોકી લો....! પોતાના કદમને ઘરમાં જ ... નહીં તો;
કહેવું તો હજી પણ ઘણું બધું; પોતાની કલમને
અટકાવતા કહું છું કે,
માની લો એની વાત જે ચલાવે છે, કરોડો લોકોનો આ દેશ..
નીકળી જાશે આ સમય... રોકી લો.... રોકી લો...
પોતાના કદમોને ઘરમાં જ ... નહીં તો;



## વર્ષોના વર્ષ લાગશે

- દર્શના ચૌધરી (બી.એ.સેમ.૪)

તમને જો પામવા બેશું તો,
વર્ષોના વર્ષ લાગશે.
તમારી ટેવ છે એવી એક ક્ષણમાં
રૂઠી જાવો તમે.
અને મનાવવા બેશું તો,
વર્ષોના વર્ષ લાગશે.
થયા છે આટલા ઝખમો,
નથી ક્યાંય હૃદય કોરૂં
ઝખમો રૂઝવવા બેશું તો,
વર્ષોના વર્ષ લાગશે.
હૃદય વેરાઈ ગયું છે મારૂં,
ઈન્તેજારીમાં તમારી.
ટુકડા વણવા બેશું તો,
વર્ષોના વર્ષ લાગશે.
તમે ચાલ્યા ગયા કહ્યા વિના મને,
તમને કહેવા કે લખવા બેશું તો,
વર્ષોના વર્ષ લાગશે.



# સ્વચ્છતા અભિયાનનો કક્કો

- અંજલી હળપતિ (બી.એ.સેમ.૪)

સ્વચ્છ રાખીએ કસબો
સ્વચ્છ રાખીએ ખેતર
સ્વચ્છ રાખીએ ગામ
સ્વચ્છ રાખીએ ઘર
સ્વચ્છ રાખીએ ચોક
સ્વચ્છ રાખીએ છાપરું
સ્વચ્છ રાખીએ જંગલ
સ્વચ્છ રાખીએ ઝરણું
સ્વચ્છ રાખીએ ટપાલપેટી
સ્વચ્છ રાખીએ ઠેલો
સ્વચ્છ રાખીએ ડગલો
સ્વચ્છ રાખીએ ઢગલો
સ્વચ્છ રાખીએ તળાવ
સ્વચ્છ રાખીએ થડ
સ્વચ્છ રાખીએ દરવાજો
સ્વચ્છ રાખીએ ધજા
સ્વચ્છ રાખીએ નદી
સ્વચ્છ રાખીએ પર્યાવરણ
સ્વચ્છ રાખીએ ફળિયું
સ્વચ્છ રાખીએ બારી
સ્વચ્છ રાખીએ ભંડારિયું
સ્વચ્છ રાખીએ મન
સ્વચ્છ રાખીએ યજન
સ્વચ્છ રાખીએ રસ્તો
સ્વચ્છ રાખીએ લીલોતરી
સ્વચ્છ રાખીએ વાયરો
સ્વચ્છ રાખીએ શહેર
સ્વચ્છ રાખીએ સરોવર
સ્વચ્છ રાખીએ હવામાન
સ્વચ્છ રાખીએ નળ
સ્વચ્છ રાખીએ ક્ષેત્ર
સ્વચ્છ રાખીએ જ્ઞાન



# થોડું વિચારો

- નિકુંજ પરમાર (એમ.કોમ.)

થોડું વિચારો એમના માટે
જે લોકો પોતાના માટે પણ વિચારી નથી રહ્યાં,
જે પોતાના પરિવાર માટે પણ વિચારી નથી રહ્યાં,
જે લોકો વિચારી રહ્યાં છે ફક્ત તમારા માટે
આપણે ઘરમાં રહીને પણ ગભરાય રહ્યાં છીએ.
અને એ લોકો ઘર છોડીને ગભરાયા વગર
પોતાનું કર્તવ્ય નિભાવી રહ્યાં છે.
આપણે લોકોથી દૂર રહ્યાં છીએ,
અને એ લોકો પાસે રહીને નિઃસ્વાર્થ પ્રેમથી
સેવા કરી રહ્યાં છે.
એ લોકો આપણા માટે તૈયાર ઊભા છે.
શું આપણી કોઈ ફરજ નથી એમના માટે?
એ લોકો પણ કોઈનાં પોતાનાં છે.
એમનો પણ પરિવાર છે.
પરિસ્થિતિઓને મજાક બનાવવા પહેલા
એમનો થાકેલાં ચહેરા જોજો.
ઘરની બહાર નીકળતા પહેલા
એકવાર એમના માટે વિચારજો,
જે આપણા માટે પોતાની જાનની બાજી લગાવી રહ્યાં છે.
થોડું વિચારી અને સંભાળી લેજો સાહેબ, એ પહેલા
આપણું જીવન તસ્વીરમાં કેદ થઈને રહી જાય,
થોડી જવાબદારી આપણે પણ લઈએ
થોડી જાગરુક્તા દેશ માટે આપણે પણ બતાવીએ
થોડું સરકારનું કહ્યું પણ માનીએ,
થોડી ભાવના એમના માટે પણ બતાવીએ
થોડું આપણા માટે અને થોડું બીજા માટે વિચારીએ.
આવી કપરી પરિસ્થિતિમાં ભારત દેશને મહામારીથી બચાવીએ.
ચાલો ભારત દેશને કોરોના મુક્ત બનાવીએ.....
ચાલો ભારત દેશને કોરોના મુક્ત બનાવીએ.....



# જીંદગી

- ઉર્વશી ચૌધરી (બી.એ.સેમ.૪)

દરેક પળોને હસતા કાઢવું એ છે જીંદગી,
સુખ અનેદુ:ખના સમયમાં હસતાં
પસાર થવું એ છે જીંદગી.
પોતાની નાનકડી ખુશીને બધાની સાથે વહેંચવી,
એ છે જીંદગી.
મૌન ક્ષણમાં હલચલ તમારી યાદના
વમળોમાં ગુંથાયેલાં રહેવું,
એ છે જીંદગી.
જીવનમૂલ્યો જીંદગીનાં હું જાણી નથી શકતો.
એ જાણવાની કોશીષ એ છે જીંદગી,
પોતાની નાનકડી ખુશીને બધાંની સાથે વહેંચવી,
એ છે જીંદગી...........
બીજા બધાંનાં દુ:ખોને પોતાના નાનકડા
હૃદયમાં વસાવી લેવું એ છે જીંદગી,
જાઉં છું પ્રભુના મંદિરે પણ જાણી નથી શકતો,
એને જાણવાની ચાહ એ છે જીંદગી...........
પોતાના ખુશીના આંસુ બધાંને
પાણીની જેમ પીવડાવવા
એ છે જીંદગી...........
બીજાના દુ:ખના આંસુઓ
મોતીનીજેમ વીણી લેવાં એ છે જીંદગી,
આજે મળી છે જીંદગી તો બધાંને
હસાવતા જજો.....
કારણ
જીંદગી એક સફર હૈ સુહાના ........
યહાં કલ ક્યા હો કિસને જાના.........



# પ્રિય કવિ કાલિદાસ

- દર્શના પટેલ (બી.એ.સેમ.૬)

મહાન નાટ્યકાર તરીકે કાલિદાસ સંસ્કૃત સાહિત્યમાં અગ્રિમ સ્થાન પામ્યા છે. નાટ્ય રચના ખૂબ જ અભિનયક્ષમ પ્રયોગશીલ હોય તો જ ભાવકના હૃદય પર તે રાજ કરી શકે છે. શાકુન્તલંમાં કવિ પોતાના પ્રયોગવિજ્ઞાનનો ઉલ્લેખ કરે છે.

કોઈપણ કૃતિ તેની બળકટ કથાને કારણે સામાજિકોને આકર્ષે છે. કથાનક પછી તેની માવજત , સંગુંફન સુવ્યવસ્થિત થાય તો સોનામાં સુગંધ ભળી જાય. કાલિદાસની કલા કુશળતા જેટલી તેની કથા વસ્તુની પસંદગીમાં રહેલી છે. તેના કરતાં તેની માવજત કરવામાં વિશેષ રહેલી છે. માલવિકાગ્નિમિત્રનું કથાનક ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર આધારિત છે. જ્યારે બાકીનાં બે નાટકોનું કથાનક પૌરાણિક છે.પરંતુ આ કથાનક નાટ્યદેહે વસ્તુગુંફન ખરેખર મૌલિક છે. વિક્રમોર્વશીયં નાટકના મૂળ કથાનકનું તેણે પોતાની રીતે પરિવર્તન કર્યું છે અને શાકુંતલં.માં તો કથીરમાંથી કાંચનનું નિર્માણ કર્યું છે. કાલિદાસની મૌલિકતા તેમણે પ્રસંગોને પોતાની દાર્શનિકતાનો સ્પર્શ આપ્યો તેમાં છે. દરેક કથા વસ્તુનું પ્રસ્તુતિકરણ કરવામાં આવે તો પૂરી મંચનક્ષમતાયુક્ત કૃતિ પુરવાર થાય.

નાટકનો વિકાસ તેના ચોટદાર પ્રસંગોથી થાય છે. ઉત્કૃષ્ટ નાટ્યસૂઝ ધરાવતામહાકવિ કાલિદાસ અવનવા અને નાટ્યક્ષમ પ્રસંગો યોજીને કથાનકને ગતિશીલ બનાવે છે. માલવિકાગ્નિમિત્રં નો અશોકદોહદપ્રસંગ અને સર્પમુદ્રાપ્રાપ્તિનો પ્રસંગ, વિક્રમોર્વશીયંનો ભૂર્જપત્ર પ્રસંગ અને પ્રિયાનુપ્રસાદનવ્રત પ્રસંગ, **શાકુંતલં.** નો ભ્રમરબાધાપ્રસંગ અને શકુંતલાપ્રત્યાખ્યાનનો પ્રસંગ આવા બધા પ્રસંગો નાટકની મોહકતામાં અને કથાનકના વિકાસમાં મહત્વનો ફાળો આપે છે. સૂક્ષ્મહાસ્ય, વ્યંગ્ય અને પાત્રોના અંતરતમનો ઉઘાડ સાથે કથા નિશ્ચિત વેગથી ગતિ પકડે છે.

પાત્રાલેખનની બાબતમાં કાલિદાસની વિશિષ્ટ કલા તરી આવે છે. મુખ્યપાત્રો અને ગૌણપાત્રોના ચરિત્રચિત્રણમાં કવિની કલમ એકસરખું સુંદર પરિણામ બતાવે છે. માલવિકાગ્નિમિત્રંમાં માલવિકા , ધારિણી, ઈરાવતી અને પંડિતા કૌશિકીનાં પાત્રોમાં પોતાની કલાસૂઝ દર્શાવી છે. ચારેય સ્ત્રીઓ પણ દરેકનો સ્વભાવ, વ્યવહાર સાવ નોંખા. ત્યાં વિદૂષકની બુધ્ધિથી  કથાનક આગળ વધે છે. વિક્રમોર્વશીયંમાં પુરૂરવા તથા ઉર્વશીનું ચરિત્રાંકન અલૌકિક છે.  ઔશિનરીની ગંભીર પ્રતિષ્ઠાને કવિએ સુંદર રીતે નિરૂપી છે. ઉચિત ન્યાય  આપ્યો છે. પાત્રાલેખન કુશળતા **શાકુંતલ.** માં ચરમ કોટિએ જોઈ શકાય છે. અહીં પ્રકૃતિ પણ વિશિષ્ટ રીતે સજીવ ચિત્રણ પામી છે. કાલિદાસે પ્રકૃતિને વિક્રમોર્વશીયં અને સવિશેષ **શાકુંતલં.** માં જીવંત પાત્ર તરીકે ઉપસાવી છે. સમગ્રતયા વિહંગાવલોકન કરતાં જણાય છે કે માલવિકાગ્નિમિત્રંનું પાત્રાલેખન માનવીય ધરાતલનું તો અન્ય કૃતિમાં ક્રમશ ઉત્કર્ષ પામે છે.  વિક્રમોર્વશીયંમાં નાટ્યકારે પ્રગતિ સાધી છે અને **શાકુંતલં.** માં કવિનું પાત્રાલેખન ચરમ સીમાએ પહોંચે છે.

કાલિદાસ વૈદર્ભી શૈલીનો સ્વામી છે. તેમણે સરળ ભાષા અપનાવી ભાવાભિવ્યક્તિ કરી છે. તેમની ભાષામાં જે પ્રાસાદિકતા, પ્રાંજલતા અને પરિષ્કૃત માધુર્ય જોવા મળે છે, તે અપૂર્વ છે. આ કવિની આગવી સિદ્ધિ છે. તેમની શૈલી વ્યંજનાપ્રધાન છે, તેનું વસ્તુગંફન લાઘવપ્રધાન છે. માલવિકાગ્નિમિત્રંમાં તેમની શૈલી કંઈક નવીન માર્ગ કંડારવાનો આરંભ કરે છે. ભિન્નભિન્ન રુચિ ધરાવનારા સામાજીકો માટેની રચના લાગે  છે. પરંતુ તેમાં ઉત્તરોત્તર સુધારો થતાં શાકુંતલંમાં તે ચરમ સીમાએ પહોંચે છે.  ત્યાં આપણને ઘુંટેલી, અલ્પસમાસા, મિતભાષામાં ઘણું કહેતા જોવા મળે છે.

કાલિદાસનાં ત્રણેય નાટકોમાં પ્રેમતત્ત્વનું જ નિરૂપણ છે. માલવિકાગ્નિમિત્રંમાં સ્થૂળદેહના પ્રેમનું નિરૂપણ છે. વિક્રમોર્વશીયંમાં પ્રેમ વિષયક નવી દષ્ટિ અપનાવી છે.  અહીં પુરૂરવા પ્રેમી છે અને ઉર્વશી પ્રેમની સાર્થકતા અનુભવે છે. એક માનુષી પાત્રનો અર્ધદૈવી પાત્ર પ્રત્યેનો પ્રેમ છે.પણ તેમાં પ્રણયભાવનાની ચરિતાર્થતા ખાસ અનુભવાતી નથી.શાકુંતલં.માં રૂપ તથા દેહના આકર્ષણને નકાર્યું નથી. નાટકના પૂર્વાર્ધમાં તેનું જ  નિરૂપણ છે. પરંતુ પાછળના ભાગમાં વિયોગથી પરિતપ્ત પ્રેમ વિશુધ્ધ થઈ જાય છે. શકુંતલા અપ્સરાની દીકરી માનવીય સંવેદનાથી પરિપૂર્ણ કામિનીમાંથી જનની બને છે. જીવનનું ચરમ લક્ષ્ય આ જ છે જે કાલિદાસે સફળતાથી  બતાવી આપ્યું છે.

નાટકમાં કાલિદાસ રસરાજ શૃંગારના નિરૂપણમાં સિદ્ધહસ્ત છે. સૌંદર્યદર્શી આ કવિ પ્રકૃતિના સૌંદર્યને ઝડપે છે તેવી જ રીતે સ્ત્રી સૌંદર્યને પણ કંડારે છે. માલવિકા, ઉર્વશી, શકુંતલાના નાયક અગ્નિમિત્ર, પુરૂરવા, દુષ્યંત સાથેના પ્રસંગોમાં રસરાજ શૃંગાર ઉપરાંત બીજા રસોનું પણ તેણે ગૌણરૂપે નિરૂપણ કર્યું છે. યોગ્ય સ્થળે વીરરસ અને કરુણરસ પણ નિરૂપ્યો છે. વૈવિધ્યસભર વિદૂષકો તેમાં પણ માલવિકાગ્નિમિત્રંના વિદૂષકવેડામાં સ્થૂળ,સૂક્ષ્મ હાસ્યરસ પણ તેમણે પીરસ્યો છે.

રસનિરૂપણની સાથે સાથે અલંકારો પણ સ્વાભાવિક રીતે ગોઠવાય જાય છે. ઉપમાકાલિદાસસ્ય અંજલિથી પ્રશસ્તિ પામેલા કવિ જગતના પદાર્થોને ઉપમાન બનાવી વ્યંજનાત્મ કરી તે ભાવાભિવ્યક્તિમાં અલંકારનો સમુચિત ઉપયોગ કરે છે. કોઈ પણ જાતનો બોજો કથાનક પર લાદ્યા વિના નાટ્ય ક્લેવરને સજાવવામાં આ કવિ કુશળ છે. તેની ઉપમાઓની જેમ બોધપ્રદ અર્થાન્તરન્યાસો તો ખૂબ પ્રસંશા

પામ્યા છે. આ સિવાય અન્ય અલંકારો નાટ્યદેહને શોભાવે છે.

કાલિદાસના ગ્રંથોમાં પ્રકૃતિનું સ્થાન જીવંત પાત્ર સમાન છે. તેના પહેલા નાટક માલવિકાગ્નિમિત્રંમાં પણ મ્હોરી ઊઠેલી પ્રકૃતિના સાન્નિધ્યમાં જ પ્રેમ ફૂલ્યો -ફાલ્યો છે. વિક્રમોર્વશીયંમાં તો નાટકનો આરંભ જ પ્રકૃતિને ખોળે અને આભની ઓથે થાય છે. ચોથા અંકમાં તો કવિએ પ્રકૃતિના ફુવારા ઉડાડ્યા છે. **શાકુંતલં.** માં તો પ્રકૃતિ એક પાત્ર બનીને આવે છે. તે નાયિકાની 'સહોદર' છે. પ્રકૃતિને ખોળે અહીં પ્રેમ પાંગરે છે અને ત્યાં જ પૂર્ણતા પામે છે. કાલિદાસે પ્રકૃતિ અને માનવભાવનું રાસાયણિક સંયોજન દર્શાવ્યું છે. આ કવિને સૌમ્ય, મૃદુપ્રકૃતિ જ સ્પર્શી જાય છે, તેનું રૌદ્ર પાસું નહીંવત્ જોવા મળે છે.

કાલિદાસનાં નાટકોમાં સંઘર્ષનું તત્ત્વ અલગ અલગ રીતે નિરૂપાયું છે. પ્રથમ નાટકમાં આકસ્મિક કારણસર સંઘર્ષ જન્મે છે. રાજાના પ્રેમમાર્ગમાં અન્ય કોઈ નહિ તેની પત્ની જ હોય છે. બીજા નાટકમાં વિદૂષકની ભૂલથી સંઘર્ષ પેદા થાય છે. પણ પાત્રોના પોતાના દુર્ગુણો શંકા, દ્વેષ આદિ સંઘર્ષ જન્માવે છે. **શાકુંતલં.** માં દુર્વાસાનો શાપ યોજીને કવિએ સંઘર્ષ જન્માવ્યો છે. શાપના પ્રસંગની વાસ્તવિકતા વિશે ગમે તેટલી ટીકા થાય પણ તે નાટકને જોરદાર મરોડ આપે છે. આ શાપ માનવની મર્યાદા, કર્તવ્યકર્મ પ્રત્યેની બેદરકારીનું પરિણામ છે. શાપને લીધે જ અહીં બે સત્ય વચ્ચે સંઘર્ષ જામે છે જે વીંટી પ્રાપ્ત થતાં દૂર થાય છે. સંઘર્ષને લીધે નાટકોમાં ગતિશીલતા આવે છે.

સંયમશીલ કવિએ નાટકોમાં ચિત્રીત કરેલા વર્ણનો વિચાર પ્રેરક છે.પ્રકૃતિનું વર્ણન, દેહ સૌંદર્યનું વર્ણન, ગતિશીલ પદાર્થનું વર્ણન, તપોવનનું વર્ણન, બાળકનું વર્ણન કે કંચુકીનું વર્ણન કોઈ પણ વર્ણન હોય પરંતુ કાલિદાસની કલમે તે કલ્પનાસભર બની ભાવપૂર્ણતાથી નિખરી ઊઠે છે. આ વર્ણનો ક્યારેય કથાનકને બોજારૂપ નથી બનતા. સમગ્ર કથામાં તે ઓતપ્રોત થઈ જાય છે અને રસાનુભૂતિ પોષક બની જાય છે.

કાલિદાસે સાહિત્યમાં ભારતીય સંસ્કૃતિ સાથે ભારતીય જીવનદર્શનની કુંજો ભરી દીધી છે. ભાવકની એકાગ્રતા અને તન્મયતા સરળતાપૂર્વક જીતી લઈને તેમણે સૌને રસસાગરમાં તરબોળ કરી દીધાં છે. આ નાટકકારના યશદેહને જરા કે મરણનો ભય નથી. તેમની નાટ્યકલાની સિધ્ધિ આમાં જ છે. મને મારો કવિ કાલિદાસ ગમે છે.



# My Experience About Finishing School

**- Jinal Patel (Sem 6 )**

My name is Jinal. I would like to share my experience of 'Finishing School' with all of you. In this training I had learned about life skills, Employability Skills and Communication skills.

In First Component I had learned about life skills. How to decide our goal, types of goal, what is the difference between emotions, sympathy and Empathy, Time Management, Stress Management, Team work. These are the things and so many other things . I had learned in this first component of life skill. The Second Component was Employability skill. In this session I had learned about how to make resume and C.V., how to face interview, grooming, observation and concentration skill and so many other things. The Third Component was Communication Skill. In this session I had learned how to Introducing ourself and others. When you introduce yourself , it is solely for your benefit and Introducing other is an art. I also learned Articles, Pronounciasion, Describing, Prepositions and many more.

So, after attended this training I had find my SWOT, how to face interview and lot of things I learned. At the last day of finishing school, all the students who never stand on the stage they all are give their opinion about the journey of finishing school .It's a great opportunity for all the students. Finishing School gives all the student a platform to share their views on different topics. I would like to thanks all the trainers who trained us and of course thanks to KCG (Knowledge Consortium of Gujarat),Government of Gujarat .I am very thankful to my learned enthusiastic Principal Dr. Falguni madam and Dr. Riyaz sir and all professor of my College. Finishing School is the best way for me to reform my personality.



# વિકલાંગોની સમસ્યાઓ અને સમાયોજન

- ડોલી આહિર (બી.એ.સેમ.૨)

વિકલાંગ એટલે જે શરીરના કોઈક ભાગથી કાયમ માટે અશક્ત હોય તેવી વ્યક્તિ. વિકલાંગતા જન્મજાત હોય અથવા આકસ્મિક કોઈ ઘટનાને કારણે પણ હોય શકે છે. તે માટે તે દુ:ખી થતો હોય છે."

વિકલાંગો જુદા જુદા પ્રકારનાં હોય છે. નેત્રહીનની જુદી જુદી ખામી, બધિર – કાનથી સાંભળી ન શકે તેવાં, વાણીની ખામી (મૂંગા) શારીરિક રીતે ખોડખાંપણ ધરાવતા (અપંગ), માનસિક રીતે વિકલાંગ અથવા માનસિક ક્ષતિવાળા આ બધાં પ્રકારનાં વિકલાંગો જોવા મળે છે.શારીરિક રીતે ક્ષતિવાળું અને હાડકાંની ખામીવાળું એટલે, જે બાળકમાં હાડકાનો બગાડો હોય કે પછી જે બાળક હાડકાના સ્નાયુ અને સાંધાઓની મુશ્કેલી ધરાવતું હોય. તેઓ શારીરિક રીતે ઘણાં અશક્ત હોય છે. તેથી સામાન્ય બાળક જેટલા ભણવા માટે શક્તિમાન હોતાં નથી. તે શારીરિક રીતે હાડકાની અને સ્નાયુઓની ખામીવાળા કહેવાય છે. આવા બાળકો માટે વિશિષ્ટ શૈક્ષણિક સગવડ જરૂરી છે.સૌપ્રથમ ઈ.સ. 1900માં શિક્ષણ શાસ્ત્રીઓનું અને મનોવૈજ્ઞાનિકોનું ધ્યાન આવા શરીર અને હાથે પગે ખોડખાંપણવાળા બાળકો પ્રત્યે દોરાયું અને ન્યુયોર્કમાં તેમને માટે વર્ગો શરૂ કરવા એવું વિચાર્યું. ઈ.સ. 1981 માં સૌપ્રથમવાર યુનો દ્વારા વિકલાંગો વિશે વ્યવસ્થિત વિચારણા થઈ અને ઈ.સ. 1981 ના વર્ષને " વિકલાંગ વર્ષ " તરીકે ઉજવવાનો આદેશ સમગ્ર દુનિયાના દેશોને યુનોએ આપ્યો. ઈ.સ. 1872 ભારતમાં એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી અને તેનાં દ્વારા વિકલાંગોની ગણતરી કરવાનું નક્કી થયું. જેને નામ અપાયું "હાઉસ રજીસ્ટર." તેમાં શારીરિક વિકલાંગ ઉપરાંત માનસિક રીતે વિકલાંગ ઉપરાંત નેત્રહીનને પણ સામેલ કરાયાં. **WHO** ના સર્વેક્ષણ મુજબ જો સંખ્યા લઈએ તો શારીરિક રીતે વિકલાંગોની સંખ્યા (1 મિલિયન બરાબર 10 લાખ) મુજબ 60 મિલિયન એટલેકે ૬ કરોડ થાય છે અને ભારતમાં વસ્તીનો આંક ખૂબ ઝડપથી વધતો રહ્યો છે. તે દ્રષ્ટિએ મૂકીએ તો 8 થી 9 કરોડનો આંકડો પહોંચે. શારીરિક રીતે ખોડખાંપણવાળા વ્યક્તિઓ ભારતમાં 1 કરોડ 20 લાખ જેટલાં છે. ભારતમાં વિકલાંગ માટેની ઘણી સંસ્થાઓ તેમને સહાય કરે છે તેમજ સરકાર દ્વારા પણ ઘણી સુવિધાઓ તેમને આપવામાં આવે છે.

ગુજરાત સરકાર તરફથી " વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજના" માટેનું પુસ્તક બહાર પાડ્યું છે. જેમાં કઈ યોજના ક્યારે બહાર પડી, તેમાં વિકલાંગને કયા કયા લાભો મળી શકે, તેમને ક્યારે કઈ લોન તથા સહાય મળી શકે વગેરે માહિતી આપી છે. જ્યારે "વિકલાંગની મનોવૈજ્ઞાનિક તથા સામાજિક સમસ્યાઓ અને સમાયોજન" નામના પુસ્તકમાં વિકલાંગો માટેના નિયમો (કલમ), વિશિષ્ટ સંસ્થા, વિકલાંગ થવાના કારણો વગેરે વિશેની માહિતી આપી છે. સમગ્ર વિશ્વમાં 56 કરોડ વિકલાંગો છે. ભારતમાં 2 કરોડ 6 લાખ તેમજ ગુજરાતમાં 10 લાખ જેટલા વિકલાંગો છે. દરેક દેશમાં સરકાર માટે સર્વેક્ષણ દ્વારા વિકલાંગોની સંખ્યાનો આંકડો ચોક્કસ કાઢવો મુશ્કેલ છે. બીજું કે હવે પછી પણ વિકલાંગ બાળકો જન્મશે જ એમ 100 ટકા કહી શકાય તેમ નથી. ભારતમાં " વિશ્વ અપંગ દિવસ" 3 જી ડિસેમ્બર 1995 માં ઉજવવાની શરૂઆત થઈ. વિકલાંગ તેમજ વિકલાંગ આશ્રિતોને તબીબી સારવાર માટે આવકવેરા કાયદા હેઠળ લાભદાયી કપાતો, કલમ – ૮૦ હેઠળ મંદ, અપંગ અને મંદબુધ્ધિની વ્યક્તિઓને મળી શકતી કપાત. " અપંગ બાળકોને શિક્ષણ આપતી સંસ્થાઓના શિક્ષકો માટે પણ ત્રણ પારિતોષિકોનો સમાવેશ.ઉપરાંત અનેકવિધ સવલતો વિકલાંગોને પૂરી પાડવાનો સરકાર તથા દરેક સંસ્થાનો પ્રયત્ન હોય છે. જો બાળક વિકલાંગ હોય ત્યારે તેને નકારાત્મક વાતાવરણ આપવાના બદલે ઘરમાં,સમાજમાં હકારાત્મક વાતાવરણનું સર્જન કરવું જોઈએ. બાળક કઈ બાબતમાં રસ ધરાવે છે તે જાણી તે બાળકને તે ક્ષેત્રમાં આગળ વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેથી કરીને તે માનસિક રીતે પણ મજબૂત,આત્મવિશ્વાસુ બને.તેમને પણ અભ્યાસની જરૂર છે. તેમને શિક્ષણ કે તાલીમ આપનાર શિક્ષક હોય છે, તેઓ પ્રશ્નાવલી બનાવીને હકારાત્મક અને નકારાત્મક રીતે તેમનાં લક્ષણો અને વ્યક્તિત્વ તેમજ તેના રસ વિશે જાણી શકે.

O.S.E.R.S. નામની વિકલાંગો માટેની સંસ્થાઓ શિક્ષણ માટે છે અને યુનિવર્સિટી દ્વારા વિકલાંગોનાં શિક્ષકો તૈયાર કરવા માટે વિશિષ્ટ શિક્ષણના કાર્ય પણ ચલાવવામાં આવે છે. મૂક-બધિર, નેત્રહીન, અવિકસીત દેહ, મંદબુદ્ધિ માટે અનેક જિલ્લા તથા રાજ્યમાં શાળાઓ છે.સમાજમાં શારીરિક રીતે ખોડખાંપણવાળાંની સંખ્યા ઘટાડી શકાય છે. ભારતમાં વસ્તીનો દર ઘટી રહ્યો છે ત્યારે એક્ષ-રે તથા રેડીએશનનો ઉપયોગ ઓછો કરવામાં આવે, લોકોના નૈતિક મૂલ્યોમાં વધારો થાય, ઓદ્યોગિક ક્ષેત્રમાં , કૃષિ ક્ષેત્રમાં અકસ્માતની સંખ્યામાં ઘટાડો થાય વગેરે પ્રયત્નોથી વિકલાંગોની સંખ્યામાં ઘટાડો કરી શકાય છે. વિકલાંગોએ નાશી પાસ થવાની જરુર નથી. ભારતમાં હિમાલય શિખર સર કરનારા, તરણમાં નામના મેળવનાર પણ છે. નૃત્ય કરનારાઓ શરીરની મર્યાદાને ધ્યાને લીધા વગર અનેક સિધ્ધિનાં શિખરો સર કરી શકે છે. કેટલાંય નેત્રહિન સંગીત–વાદ્ય–ગાયન ઉત્તમ કરી શક્યાં છે. નૃત્ય, સંશોધનનાં ક્ષેત્રમાં પણ શારીરિક ખામીવાળા હોય તે પણ વ્યક્તિ નવું શોધી શકે છે. અલ્પવિકસીત દેહને કારણે શરમાયા વગર આઇ.સી.એસ. થનારા, સમાજસેવા કરનાર અનેક છે.



# મારી બીજી માતા

- સોનાલી પટેલ (બી.એ.સેમ.૬)

ભણતરના દિવસો એટલે અવનવા અનુભવના દિવસો. નવું જાણવાના, શીખવાના, સપના જોવાના દિવસો આ દિવસો જીવનમાં ખૂબ જ સુંદર અને ખૂબસૂરત હોય છે. વિદ્યાર્થી અવસ્થામાં ખાસ કરીને બાળપણમાં કોઈ જ પ્રકારનું દુ:ખ કે ચિંતા હોતી નથી. ઘરે મા-પિતા આપણી બધી જ જરૂરિયાતો પૂરી પાડતા હોય છે.

શાળાકાળના આ દિવસોમાં આપણે આપણી સફળતા કે સફળ થવા માટે મહેનત કરી શકીએ છીએ. મહેનતની આ ક્ષણને કોઈ છીનવી ના શકે, કોઈ મહેનત કરતા રોકી પણ ના શકે. શાળા અને પછી કોલેજમાં નિત નવા મિત્રો બનાવાય. મિત્રો પાસેથી પણ ઘણું જાણવા, શીખવા, અનુભવવા મળે. નવા નવા પુસ્તકો વાંચવા મળે, હું નાની હતી ત્યારે પુસ્તકો વાંચવા મળતા ન હતાં. ધૂળમાં પુસ્તકને શોધવાનું, દોરવાનું. પુસ્તક પણ આપણા મિત્ર જ બની જાય. શાળાથી માંડીને મહાવિદ્યાલય સુધીના કેટલા બધા શિક્ષકો આપણને ટપારતા જાય, ઘડતા જાય. શાળા કરતાં કોલેજ કાળમાં મિત્રો બને, પુસ્તકો વાંચવા મળે, જુદાં – જુદાં પ્રાધ્યાપકો સાથે વિચાર વિમર્શ કરી શકો ત્યાં સુધીના સહજ સંબંધો ગુરુ – શિષ્યોનાં વચ્ચે બંધાય. વારંવાર શિક્ષકો કહેતાં રહે – આગળ વધો, વાંચો – વિચારો. શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે એવો સેતુ રચાય જેમાં પિતા કે માતા અને ક્યારેક તિખા તો ક્યારેક કડક ગુરુના પણ દર્શન થાય.

હું એવા કુટુમ્બમાંથી આવું છું જ્યાં પરિવારમાંથી મને અભ્યાસ માટેની બહુ તક મળતી ન હતી.પુસ્તકને વાંચવાનો અનહદ શોખ “I Love Reading”. ઘરમાં તો પુસ્તકો ખાસ મળે નહીં. શાળા અને કોલેજમાં જવાથી મારી પુસ્તક વાંચવાની ભૂખ સંતોષાય. મારી એક ટેવ છે હું પુસ્તક વાંચતી તેમાં જે નવું જાણવા મળે તેમાં મારા વિચારો ઉમેરી સંસ્કૃતમાં જેને ટીકા કહેવાય, તેવું સતત કરતી રહું છું.

શાળા, કોલેજમાં ઘણાં સારા તો ક્યારેક કડવા અનુભવો પણ થાય જ છે. પણ આ અનુભવમાંથી ઘણું શીખી છું. ખાસ તો આ અનુભવો આપણા ભવિષ્યને સફળ બનાવવામાં મોટું યોગદાન આપે છે. મને તો મારા અભ્યાસકાળના એ દિવસો ખૂબ જ યાદ આવે છે. તેની અનુભૂતિ માટે શબ્દો પણ ઓછાં પડે ! સવારે નિશ્ચિત પણે નિયમિત કાર્ય કરી તૈયાર થઈ શાળાએ જવાનું , વર્ગખંડમાં નિયમિત હાજરી સાથે મિત્રોના ગપ્પાં, રિસેશમાં નાસ્તો, અને એ સાથે શિક્ષક પૂછે અને ન આવડે તો એકાદ તમાચાની પ્રસાદી, શિક્ષકનો ગુસ્સો અને મિત્રો વચ્ચે થતી ખાટી – મીઠી તકરાર....

અહા..... કેવું મજાનું હતું બધું! મિત્રો, આ સમય એકવાર હાથમાંથી સરકી જાય પછી પાછો આવતો જ નથી. વિદ્યાર્થી મોટો થઈ જાય, કામ ધંધે લાગી જાય, પણ અચાનક આ દિવસો પાછા સ્મૃતિમાં આવી જાય. આપણા સમાજમાં એવા પરિવારો પણ છે કે જે બાળકની ઈચ્છા હોવા છતાં ભણાવી નથી શકતાં. આર્થિક લાચારીને કારણે કરવી પડતી મજૂરી બધાં જ સ્વપ્નોને ધમરોળી રાખે છે. જ્યાં એક સમયનું ભોજન ના હોય, પગમાં ચપ્પલ ના હોય, પૂરતાં વસ્ત્રો ના હોય તે બાળક શાળાએ કેવી રીતે જાય. ?!!!

અનાથ, દરિદ્ર બાળકને ભણવાની ઈચ્છા હોય તો સરકારની કે અન્ય ઉદાર દાતાની રહેમ નજર મળી જાય, પણ એ કેટલાનાં ભાગ્યમાં હોય ? મિત્રો, આપણો ભણતરનો કાળ આપણા ભવિષ્યને કારકીર્દિને ઘડે છે. માટે આ સમયને સાચવી જાણો. જે સમયને સાચવે તેને જ સમય પણ સાચવે છે. મુજ અનાથ ને નાના – નાનીએ ભણાવી. આજે આ બધું એટલા માટે યાદ આવે છે કે ધોરણ – ૧૦ અને ૧૨ ના પરિણામો આવશે. તમને નવી દુનિયામાં પ્રવેશવાની સુવર્ણ તક મળશે. શાળામાંથી ક્યારે બહાર નીકળીએ એવું આપણે વિચારતા હોઈએ પણ મિત્રો,જે યાદગાર પળો આપણે શાળામાં વીતાવી હોય અને પછી કોલેજમાં માણી હોય તેવી જીવનમાં પાછી ક્યારેય મળતી નથી. સાચું કહું તો જ્યારે શાળા છોડી દઈએ ત્યારે જ એ ક્ષણની યાદ આવતી હોય છે. સ્કુલ કે કોલેજ એ ફક્ત ભણવાનું કેન્દ્ર નથી પરંતુ વ્યક્તિને માણસ બનાવવાનું કેન્દ્ર છે, સંસ્કારનું કેન્દ્ર છે.

મારો એક અનુભવ તમારી સાથે વહેંચવા માંગુ છું. હું જે શાળામાં ભણતી હતી ત્યાંના આચાર્ય પ્રત્યે મને આજે પણ બહુ આદર છે. તેઓ અમને હંમેશાં વાંચો... વાંચો એમ જ કહેતાં. બધા વિધાર્થીઓ તેમના પ્રત્યે મનોમન ગુસ્સો કરતા. પણ જ્યારે અમારું પરીક્ષાનું પરિણામ આવ્યું ત્યારે સમજાયું કે વાંચવાનું પરિણામ કેટલું સુંદર આવ્યું ! મારું મન સ્વીકારતું હતું કે આચાર્યશ્રીના ગુસ્સો, વાંચવાનો આદેશ અને તેથી અમે કરેલી મહેનતનું જ આ ફળ હતું. શાળાના એક શિક્ષકને હું મારા જીવનના આદર્શ Roll Model તરીકે સ્વીકારું છું. એમનો ગુસ્સો અમારા કલ્યાણ માટે હતો. આપણે ભવિષ્યમાં જે પદને પ્રાપ્ત કરીશું, તેમાં આપણા શિક્ષકોનો મોટો ફાળો હશે એ નક્કી. વડીલોથી પણ અધિક ચિંતા કરતા શિક્ષકોની મૂલ્યવાન શિખામણ, ગુસ્સામાં રહેલો પ્રેમ આજે પણ યાદ આવે છે.



# આદરણીય પ્રધાનમંત્રી મોદીનું સ્વાતંત્ર્ય દિવસ ૧૫/૦૮/૨૦૨૦ ના રોજ રાષ્ટ્રને ઉદ્‌બોધન

- પ્રિ. ડૉ. ફાલ્ગુની દેસાઈ

આત્મનિર્ભર ભારતના સ્વપ્નને નક્કર વાસ્તવિકતામાં દ્રશ્યમાન કરનારા, રાષ્ટ્રને વિશ્વગુરુની ભૂમિકામાં પ્રસ્થાપિત કરવા દ્રઢ નિશ્ચયી, સમાજ પ્રત્યે શ્રધ્ધેય, સેવાભાવ રાખનારા, રાષ્ટ્ર સામે આંખ ઉઠાવનારા સામે સાવજ સમો સામો વળતો જવાબ આપનારા, દિકરીઓ પ્રત્યે અપાર સ્નેહ - સંવેદન અને વાત્સલ્ય, સમાનતા કેળવવાની દ્રષ્ટિ રાખવા સૌને પ્રેરિત કરનારા, ભારતીય વિચારધારાને વિશ્વ સમક્ષ ગર્વથી ઘોષિત કરી સમગ્ર ભારત વર્ષનું મસ્તક સમ્માનથી ઉન્નત કરનારા ગુજરાતના પનોતાપુત્ર પોતીકા લાગે એવા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈના ૧૫ ઓગષ્ટ ૨૦૨૦ ના દિવસે રાષ્ટ્રને ઉદબોધનના અંશો .

| મંત્રાલય / વિભાગ | મુખ્ય ઉપક્રમ |
|---|---|
| ગૃહ મંત્રાલય | જમ્મુ કાશ્મીરમાં સીમાંકન અવતરણની વહેલી પૂર્ણતા. |
| | લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશોમાં શૈક્ષણિક માળખાને મજબૂત બનાવવા.<br>લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશને સ્વચ્છ પર્યાવરણ માટેનો નવો સીમા પ્રદેશ બનાવવો. |
| | લદ્દાખના કેન્દ્રશાસિત રાજ્યમાં ૭૫૦૦ મેગાવોટ સોલર પાર્ક બનાવવું.<br>લદ્દાખ, લેહ અને કારગિલને કાર્બન એકમો બનાવવાના પ્રયત્નો કરવા.<br>ચયનિત ટાપુઓમાં નવી વિકાસની યોજના શરૂ કરવી. |
| રક્ષા મંત્રાલય | સરહદ અને દરિયાકાંઠાના વિસ્તારમાં માળખાગત સુવિધાને મજબૂત બનાવવી. |
| | લગભગ ૧૭૩ સરહદ અને દરિયાકાંઠાના જિલ્લાઓમાં NCC નું વિસ્તરણ, એક લાખ કેડેરને (તેમાંથી ૧/૩ છોકરીઓ) સેના, નૌકાદળ અને હવાઈદળ દ્વારા તાલીમ આપવામાં આવશે. |
| વિત્ત મંત્રાલય | રાષ્ટ્રીય પુર્વાવશ્ય પાઈપ લાઈન યોજના ૭૦૦૦ થી વધુ યોજનાઓમાં ૧૧૦ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ |
| વાણિજ્ય અને ઉધોગ મંત્રાલય | ' મેક ઈન ઈન્ડિયા' જોકે ' મેક ફોર વર્લ્ડ ' મંત્ર સાથે આગેકૂચ |
| રેલ મંત્રાલય | એક ટેક્ષ / કર , નાદારી અને શોધન અક્ષમતા કોડ લાગુ કરવા |
| નૌ પરિવહન મંત્રાલય | કુદરતી સંસાધનોમાં મૂલ્યવર્ધક પ્રોત્સાહન |
| સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય | ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ વ્યાપક અને સંકલિત બહુ પ્રાચિક્ત સંયોજક સંરચના તરફ આગળ વધવું. |
| નીતિ આયોગ | સાગરમાળા પરિયોજના આધુનિક સ્ટેટ ઓફ આર્ટ સંરચનામાં સમગ્ર દરિયા કિનારે ચતુષ્ક માર્ગનું (Four Lane) નિર્માણ |
| | ૧૧૦ થી વધુ પ્રાણવિધાન જીલ્લાઓમાં વધુ બહેતર શિક્ષણ, સ્વાસ્થ્ય અને સ્થાનિક રોજગાર માટે તકો |
| | નિર્ણાયક યોજનાઓની પૂર્ણતા - પૂર્વીય સમર્પિત નૂર કોરિડોર, પાઈપ લાઈન સાથે પૂર્વીય ક્ષેત્રને જોડવું, નવા બંદર અને નવું રેલ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં ત્વરિતતા |

| | |
|---|---|
| કૃષિ મંત્રાલય | ફૂડ પ્રોસેસિંગ , ફૂડ પેકીંગ પર કૃષિ ક્ષેત્રમાં મૂલ્યવર્ધક પ્રોત્સાહન |
| કિસાન કલ્યાણ વિભાગ | કૃષિ નિવિષ્ટ સામગ્રીનો ખર્ચ ઘટાડવાની કામગીરી |
| | ખેડૂતની આવકમાં વધારો થાય તે માટે પગલા ભરવા મધમાખી ઉછેર, મત્સ્ય ઉધોગ પોલ્ટ્રી જેવા ક્ષેત્રોમાં વધુ તકો પૂરી પાડવી |
| | ગ્રામીણ વિસ્તારોમાં વિશિષ્ટ આર્થિક ક્ષેત્રો ઉભા કરવા કૃષિ અને બીન કૃષિ ઉધોગોને જોડતું એક માળખું ઉભું કરવું. (FPO) ખેડૂત ઉત્પાદન સંગઠનને વધુ મજબૂત કરવું. |
| સંચાર મંત્રાલય | દરેક માટે સંચરણ સેવા દરેક ગામડાને સંયોજકતા આવનારા એક હજાર દિવસોમાં ઓપ્ટીકલ ફાઈબરથી જોડવા. |
| | ગત પાંચ વર્ષમાં દેશમાં ૧.૫ લાખ પંચાયતોને ઓપ્ટીકલ ફાઈબરથી જોડવામાં આવી. |
| | આવનારા હજાર દિવસોમાં લક્ષદ્વિપને સબમરીન ઓપ્ટીકલ ફાઈબરથી જોડવું. |
| ઈલેક્ટ્રોનિક અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલય | સાઈબર સુરક્ષા નીતિનો નવો ખરડો તૈયાર કરવો જેમાં સાઈબર ખતરા સામે વધુ સદ્રઢ વ્યવસ્થા ઉભી કરવામાં આવે. |
| વિદેશ મંત્રાલય | ASEAN અને પૂર્વ એશિયન દેશો સાથે બધ્ધ જોડાણોનો વ્યાપ વધુ મજબૂત બનાવવા માટે કાર્ય યોજના |
| શિક્ષા મંત્રાલય | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને રાષ્ટ્રીય સંશોધન પ્રતિષ્ઠાન ઉપર વિશેષ ભાર. |
| જનજાતીય કાર્ય મંત્રાલય | અંતરયાળ વન વિસ્તાર અને જંગલોમાં વસતી આદિવાસી પ્રજાના ૨ કરોડ પરિવારોને છેલ્લા એક વર્ષમાં " જલ જીવન અભિયાન " હેઠળ નિર્મળ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવાયું. |
| | આ પ્રકલ્પને હજી વધુ આદિવાસીઓ અને વનવાસીઓ લાભાન્વિત થાય એ રીતે વેગવંતો કરવો. લોકલ ફોર ગ્લોબલનું આવાહન જેથી નાના લઘુ ઉદ્યોગો સશક્ત બને. |
| | આપણે આયાત ઉપર આવલંબિત ન રહીએ અને લઘુ ઉદ્યોગ થકી આદિવાસી સ્ત્રીઓ, યુવાનો, દિવ્યાંગો , આર્થિક રીતે નબળા વર્ગોને લાભ થાય. |
| મહિલા અને બાળ વિકાસ મંત્રાલય | ૬000 જન ઔષધી કેન્દ્રો દ્વારા ૫ કરોડથી વધુ બહેનોને સેનેટરી નેપકીન ઉપલબ્ધ કરાવાયા. |
| | આગામી સમયમાં આ યોજનાનું વિસ્તરણ કરવું. |
| | સ્ત્રીઓ માટે પોષક આહાર અને લગ્ન માટે યોગ્ય ઉંમરની વિચારણા અને નિર્ધારણ કરવા માટે સમિતિનું ગઠન કરવું. સમિતિના અહેવાલ બાદ દિકરીઓના લગ્નની યોગ્ય ઉંમર નિર્ધારિત કરી કાયદો ઘડવો. |
| સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય | રાષ્ટ્રીય ડીજીટલ સ્વાસ્થ્ય અભિયાનનું સમર્થન ક્રિયાન્વયન COVID - ૧૯ ની વેકસીન વિકસાવવી અને વહેંચવી અને તેની યોગ્ય વ્યવસ્થા કરવી. |
| વન અને પર્યાવરણ મંત્રાલય | સિંહ સંરક્ષણ પરિયોજના (Project Lion), વાઘ સંરક્ષણ પરિયોજના (Project Tiger) ને હાથ ધરવા. |
| | નદી તથા સમુદ્ર ડૉલફીન સંરક્ષણ માટે ડૉલફીન પરિયોજના |
| | લદ્દાખને પેહલો કાર્બન વિકસિત પ્રદેશ બનાવવો. ૧૦૦ થી વધુ શહેરોમાં પ્રદૂષણને ઘટાડવા માટે સઘન પ્રયત્નો. |
| જળ શક્તિ મંત્રાલય | જળજીવન અભિયાને શહેરો, જીલ્લાઓ અને રાજ્યો વચ્ચે સ્વસ્થ સ્પર્ધા ને વેગ આપ્યો છે. નિયત સમય મર્યાદામાં લક્ષ્યાંક સાધવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું. |

| | |
|---|---|
| શહેરી વિકાસ મંત્રાલય | મધ્યમ વર્ગ માટે સ્વચ્છ આવાસો ઉપલબ્ધ કરાવવા |
| | અધૂરા આવાસોના બાંધકામને પૂર્ણ કરવા માટે ૨૫૦૦૦ કરોડની વિશેષ રાશીની ફાળવણી. |
| | ફેરીયાઓ માટે PMSVAN નિધી યોજનાનું ક્રિયાન્વયન પરપ્રાંતિય મજૂરો અને ગ્રામીણ અને ગરીબ વર્ગ માટે રાહત દરે સમયસર મકાન ઉપલબ્ધ કરાવવા |
| પર્યટન મંત્રાલય | આરોગ્ય પર્યટનને પ્રોત્સાહન |
| | ડૉલફીન પરિયોજનાને વેગ આપવો જેથી તેમાંથી રોજગારી અને પ્રવાસનને પ્રોત્સાહન મળે. |
| અક્ષય ઉર્જા મંત્રાલય | ૭૫૦૦ MW ના સોલાર પાર્કનું લદ્દાખમાં નિર્માણ |
| | સોલાર એનર્જી / સૂર્ય ઉર્જાના સંદર્ભે એક વિશ્વ , એક સૂર્યની પરિકલ્પના |
| પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય | પ્રદૂષણ ઘટાડવા માટે ઈથીનોલના (Ethanol) ઉપયોગ ઉપર ભાર મૂકવો. |
| યુવા બાબતો અને રમત મંત્રાલય | સીમા ઉપરના ૧૭૩ વિસ્તારોનાં યુવાનો માટે વિશેષ કાર્યક્રમો અને યોજનાઓ. |
| | એક લાખ યુવાઓને નૌકા, હવાઈ ભૂસ્થલ સૈન્ય દ્વારા NCC ની તાલીમ જેમાં ૧/૩ દિકરીઓનો સમાવેશ. તાલીમ બધ્ધ યુવાનો સેનામાં અને આપતકાલીન પરિસ્થિતિઓમાં પહોંચી વળવા સક્ષમ બનાવવા. |

कया हार में, कया जीत में

किंचित नहीं भयभीत मैं


कर्तव्य पथ पर जो भी मिला

यह भी सही वो भी सही

वरदान नहीं मागूंगा

हो कुछ पर हार नहीं मानूंगा

– अटल बिहारी वाजपेयी



# ગુજરાતની લોકકલા

- પ્રા. ઈન્દુબેન પટેલ (ઈતિહાસ વિભાગ)

લોકકલા એટલે લોકો અને ભૂમિગત કલાકારો દ્વારા પરંપરા દ્વારા સર્જાયેલી લૌકિક તત્ત્વવાળી કલા. લોકકલાકારો અને કારીગરોએ જનસમુહની રુચીને ધ્યાનમાં રાખીને વ્યવહારિક તેમજ ધાર્મિક પરંપરાને અનુસરીને પોતાની આંતરસૂઝથી આ કલાકારીગરીનો વિકાસ કર્યો છે. લોકકલાનું ઘડતર દેશકાળને અનુરૂપ એવી પ્રાપ્ય સાધન સામગ્રીમાંથી થાય છે. લોકકલાકાર કલાની કારીગરીમાં પરંપરાને સાંકળતો હોય જ છે, પણ સદીઓ જતાં કાળક્રમે લોકકલાકારો પોતાની કોઠાસૂઝ પ્રમાણે કશુંક નવીન તત્ત્વ પણ ઉમેરતાં રહે છે. એટલે લોકકલા અને કલાકારીમાં પરંપરા સાથે નાવીન્ય પણ ઉમેરાતું જાય છે. અને સમય જતાં નવીન તત્ત્વ સર્વગ્રાહી બની પરંપરાનું રૂપ ધારણ કરી લે છે.

કલાની દ્રષ્ટિએ ગુજરાત ઘણા લાંબા સમયથી આગળ પડતું રહ્યું છે. કલામાં ચિત્ર , મૂર્તિ, શિલ્પ સ્થાપત્ય સારી પેઠે વિકસ્યાં હતાં. ગુજરાતની કાષ્ટકલા બીજે ક્યાંય જોવા ન મળે એવી વિશિષ્ટ ભાત પાડે છે. આ બધી કલાના નમૂના ક્યાંક જે તે સ્થળે સચવાયેલા હોય છે. અને ક્યારેક કોઈ સંગ્રહસ્થાનમાં રાખવામાં આવે છે. ભીંતચિત્રો, ધૂલિચિત્રો, પોથીચિત્રો અને તાંત્રિકપટો, પાટણનું લાકડામાં કોતરાયેલ બારીક કોતરકામ તેમજ અમદાવાદ , ડભોઈ, મોઢેરા જેવા સ્થળોનું સ્થાપત્ય એના દ્રષ્ટાંતરૂપ ગણાવી શકાય. આમ લોકકલાકારીગરીની પરંપરા ઘણી પ્રાચીન છે.

કેટલાંક સમયથી કેળવાયેલા લોકોનું ધ્યાન લોકકલા તરફ ગયું છે. લોકકલા એ કલાનો જ એક પ્રકાર છે. સામાન્ય જનસમાજમાં એનું વર્ચસ્વ વધુ હોવાથી અને સામાન્ય લોકો જ એના રચયિતા અને સંગ્રહકર્તા હોવાથી એને લોકકલા તરીકે ઓળખવામાં આવે છે. લોકકલાનો આપણો વારસો અમૂલ્ય છે. બદલાતાં મૂલ્યો, વધતી જતી મોંઘવારી, આર્થિકવિટંબણા અને અનેક હાડમારી વચ્ચે એ હજી જીવંત રહ્યો છે.

લોકકલાકારીનું સર્જન વ્યક્તિગત અને મોટે ભાગે તો સામુહિક પ્રકારે થયું હોવાથી તે જનસમુહ સમજી શકે તેવી સાદી સરળ હોય છે. લોકકલાકારી કલાકારની આવડત અને સૂઝ પ્રમાણેની હોય છે. તેની આકૃતિ અને રચનાબંધ રંગો તેજસ્વી, ઘાટઘડતર કલામય અને ઉપયોગી થાય તેવા રચાય છે. દ્રશ્ય સ્વરૂપે તે લૌકિક હોય છે.તેની વિશેષતા જાણીએ.

૧. જેમાં નૈસર્ગિક બળો અને વનચર પશુઓ તેમજ ભયાનક રોગચાળાથી બચવા પોતાના સંબંધીઓ અને પાલતું જાનવરોને બચાવવા માટેની સંરક્ષણવૃત્તિ એનાં મૂળમાં રહેલી છે. આથી દેવ – દેવીઓની અને સંહારકબળોની મૂર્તિઓની નિશ્ચિત સ્થળે અને સમયે સ્થાપના કરવી, તેની પૂજાવિધિ કરવી વગેરે લક્ષણોનો તેમાં સમાવેશ થાય છે.

૨. બીજા પ્રકારમાં પોતાના ઘર અને જીવનને નીરસ કે શુષ્ક બનતું અટકાવી તેને રંગીન અને પ્રેરક બનાવવાના પ્રયત્નો છે. સુશોભન અને શણગાર એ બે મુખ્ય છે. દેવના ઘોડા, પીઠોરાના ચિત્રો , આદિવાસીઓનું ખતરું, અનેક પૂર્વજોની સ્મૃતિ રૂપે મૂકાતાં પાળિયા પ્રથમ વિભાગમાં મૂકી શકાય. જ્યારે ભરતકામ, મોતીકામ, ઘર કે મંદિરોની દિવાલો ઉપર વિવિધ આલેખનો, કાષ્ટકામ અને થાંભલીઓ, ગોખલા, અભરાઈ ઉપરની વાસણોની કલાત્મક ગોઠવણી વગેરેને બીજા વિભાગમાં મૂકી શકાય.

જો કે આ બંને વિભાગો એકબીજા સાથે સંકળાયેલા જોવા મળે છે. છતાં લોકો આવા કોઈ વિભાગને રાખીને પોતાની કલાનો ઉપયોગ કરતા નથી. જેમ કે બારાણાનાં બારસાખ ઉપર વચ્ચો વચ્ચ વિઘ્નહર્તા દેવ ગણપતિની કે ધન સંપત્તિ આપનારી દેવી લક્ષ્મીની મૂર્તિ આલેખાયેલી હોય તે પ્રથમ વિભાગમાં મૂકી શકીએ. જ્યારે તેની આજુબાજુ રચેલી ફુલવેલ, બુટ્ટા, મોર,પોપટ કે હાથી - ઘોડાની ભાત આપણે બીજા વિભાગમાં મૂકી શકીએ. એ જ રીતે પાળીયાના આલેખનમાં લોકભરત કે મોતીભરતમાં મંદિરોના ભાતચિત્રો વગેરે જોવા મળે છે. વળી, હનુમાન કે ગણપતિની માત્ર સિંદુરરંગી મૂર્તિ ઓછી નજરે પડે છે. પણ જ્યાં જ્યાં એની પૂજા થતી હોય ત્યાં તેને લાલ- ગુલાબી કે લીલાં-પીળાં રંગના પીત્તળપાનના ઓથથી વધુ આકર્ષક બનાવવા પ્રયત્ન કરવામાં આવે છે.

ભીંત ઉપર ચિત્રો કરવાની પ્રેરણા મનુષ્યને આદિકાળથી પ્રાપ્તથઈછે. ઘરની દિવાલો કે મંદિરની બહારની દિવાલો આકર્ષક બનાવવા લોકો પોતાની રીતે પ્રયત્ન કરતા હોય છે. ભરતકલા કે ચાકળા – ચંદરવા કે પછી તપાટી જેવી વસ્તુઓ બહાર મૂકાય નહી અને એવી વસ્તુઓ ખાસ પ્રસંગોએ જ પ્રદર્શિત થાય, જ્યારે ભરતકામના જ રૂપરંગ દિવાલો ઉપર કરવાથી બીજી ઝંઝટ રહેતી નથી.જુનાગઢ જિલ્લાના બરડા વિસ્તારમાં આ કલાપ્રવૃત્તિ વિશેષ જોવા મળે છે. અન્ય સ્થળોએ ગાર કરેલી ઘરની દિવાલ ઉપર રંગથી આલેખન કરવામાં

આવે છે.આવા આલેખનોમાં ગ્રામનારીએ ભરતમાં ભરેલા રૂપો ઉપરાંત પોતે શહેરોમાં જોયેલા ચિત્રોની અસર નીચે નવાં રૂપે દોરાયેલાં ચિત્રો જોવા મળે છે. આ બધું લોકનારી પોતાની અવકાશી પળોમાં કરતી હોય છે. કોઈ ઉત્સવ પ્રસંગે કે સારા પ્રસંગને દિપાવવા ઘર શણગારે છે.

દરબારોની ડેલીઓમાં તેમજ મંદિરોમાં ધાર્મિક ચિત્રો વિશેષ જોવા મળે છે. જેમાં રામાયણ,મહાભારત કે ભાગવત જેવાં ધર્મગ્રંથોમાંનાં પ્રસંગચિત્રો દોરવામાં આવે છે. દરબારોના દરબારગઢમાં પોતાના પૂર્વજોના પરાક્રમ વર્ણવતી ઘટનાઓના ચિત્રો ચિતરવામાં આવતાં. જામનગરના દરબારગઢમાંથી ઈ.સ. 1951 માં ધ્રોળ પાસે આવેલા ભૂચરમોરી સ્થળે થયેલી લડાઈના ચિત્રો મળ્યાં છે. સૌરાષ્ટમાં દામનગર પાસેના પાંડરશીંગાના શિવાલયમાંથી અઢારમાં સૈકાના ભાતચિત્રો મળ્યાં છે. એ જ પ્રમાણે શિહોર જિ. ભાવનગરના દરબારગઢના ભીંતચિત્રો ચિત્તળની લડાઈનાં દ્રશ્યો દર્શાવે છે. તે ઉપરાંત વડોદરાનાં ભીંતચિત્રો, કચ્છના ચિત્રો તેમજ ચરોતરમાં અમૂક શ્રીમંત પાટીદારોના મકાનોમાં તેમજ બહારની ભીંતો પર ભીંતચિત્રો જોવા મળે છે. વૈષ્ણવ હવેલીઓમાં તેમજ અમદાવાદ અને વડતાલનાં સ્વામીનારાયણ મંદિરોમાં 100 વર્ષ પહેલાંના ચિત્રો તે સમયનાં પ્રતિબિંબો છે. રાજપીપળામાં પણ છત્રીના મંડપોના ભીંતચિત્રો છે.

ગુજરાતની ભૂતકાલીન સંસ્કૃતિએ બક્ષેલો આ અમૂલ્ય કલા વારસો અમૂક જગ્યાએ સારી રીતે સચવાઈ રહ્યો છે. પરંતુ ઘણી વાર આ કલા વારસા પ્રત્યેની સભાનતાના અભાવે કેટલીક જગ્યાએ સદંતર નાશ પણ પામ્યાં છે. નવા મકાન બનાવવા માટે જૂના મકાનો ઉપરના ચિત્રો તેમજ જીર્ણોદ્ધાર થતાં મંદિરોની દિવાલો પરનાં સુંદર ચિત્રો નાશ પામ્યાં છે.

પીઠોરો એ ગુજરાતનાં આદિવાસીઓનું ધાર્મિક પરંપરાનું ભીંતચિત્ર છે. વડોદરા જિલ્લાના છોટાઉદેપુર વિસ્તારના રાઠવા, વગેરે આદિવાસીઓમાં પીઠોરો નામે દેવના ચિત્રો ચિતરવાની પ્રથા છે. આલેખન પરંપરા ધાર્મિકતા સાથે જોડાયેલ છે. પીઠોરા જાતના ચિત્ર ઘરની ઓસરીની ત્રણે બાજુની દિવાલો પર ચિતરવામાં આવે છે. પીઠોરો એ આદિવાસીઓનો એક દેવ છે. કુંવારી કન્યાનું માંગલ્ય, ખેતીવાડીની બરકત, પશુઓની સુખાકારી વગેરે માટે અને પ્રસંગોપાત દેવની માનતા રખાય છે. એમાં આદિવાસીઓનાં દેવ- દેવીઓ ગણપતિ, ઈન્દ્ર ઉપરાંત પ્રતીકોમાં હાથી, ઘોડા વગેરે હોય છે. આમ ચિત્રોમાં વૈવિધ્ય જોવા મળે છે.

ભરતકામ અને મોતીકામ કચ્છ અને સૌરાષ્ટ્રમાં વધારે વિકસ્યાં છે. સાસરે જતી કન્યાને આંણાંમાં આપવાની વસ્તુઓમાં ભરતકામ અને મોતીકામના અમૂક નમૂનાઓ જેવા કે, નવવધૂનાં વસ્ત્રો, ગૃહઉપયોગી વસ્તુઓ, ઘરને સજાવવા માટેની વસ્તુઓ, બળદ, ઘોડા, ઊંટ જેવા પાલતું પ્રાણીઓને ખાસ પ્રસંગોએ શણગારવા માટેની ચીજવસ્તુઓ, આ બધું નાનપણથી જ કન્યાઓ કરતી હોય છે. તે ઉપરાંત પહેરવાનાં કપડામાં ભરતકામથી ભરેલ પોપટવેલ, ઢેલ, વીજળીવેલ, છંદ્દાવેલ, ત્રણ દાણાંની સુંદરભાતો, શણગાર માટેના તોરણ, ચાકળાં, ચિતરીયા, ટોડલીયા, ગણેશ સ્થાપન વગેરેથી ઘર દીપી ઉઠે છે. ઘરમાં ઉપયોગમાં આવતી ચીજ વસ્તુઓને પણ શણગારવામાં આવે છે. જેમ કે ચોપાટ, વીંઝણો, ઈંઢોણી, ઓશીકું, કોથળી વગેરે ભરત ભરેલા હોય છે. તો પોતાના પ્રાણસમા બળદ કે ઘોડી માટે ઝૂલ, માથરોટીયા, શીંગરોટીયા લેલાવટી વગેરેમાં ઠાંસી ઠાંસીને ભરત ભરે છે. ઘોડી અને સાંઢણી માટે પણ ઘુઘી અને ઝૂલણાં રંગીન શોભન બુટીથી આકર્ષક બનાવે છે. આમ મોતીથી શણગારેલાં શિંગડાવાળા બળદો અને ઘોડીનાં શણગારથી એ પ્રાણીઓ પણ કલામય લાગે છે.

માટીકલા અને લીંપણકલામાં ગ્રામ્યનારીની વિશિષ્ટતા જોવા મળે છે. કોઈ કોઈ રહેઠાણ માટેના ઘરો માટીમાંથી જ બનાવે છે. આ માટીમાં ગ્રામ્યનારીનો હાથ ફરતાં તેની શોભા અનેકગણી વધી જાય છે. માટી અને છાણનો ગાર બનાવી તેની ઓકળી પાડવી, પંખા, દરિયા મોજાની ભાત બહુ ધ્યાન દઈને ઉપસાવે છે. વળી માટીના ઘરમાં માટીમાંથી જ બનાવેલી વસ્તુઓનો ઉપયોગ પણ ગામડામાં થાય છે. આવા ગ્રામ્યજીવનનાં માટીનાં સાધનોમાં કાચી માટીમાંથી બનાવેલી ગોળ કોઠીઓ ઘી, દૂધ , દહી વગેરે મૂકવાની માટીની મંજુસ , વાસણ રાખવા માટેની ઓટલીઓ આ બધું જ લોકનારી ધરતીની ધૂળમાંથી જ બનાવે છે. વળી કબાટ, ટાંકા કે મંજુસ ઉપર તો માટીનાં વાટા વણીને તેના ઉપર કાચ, મોતી કે ચણોઠીથી શણગારે છે. દિવાળીના દિવસોમાં કુંભારો માટીમાંથી હાથી-ઘોડા, બેડાં, પણિયારા, ઘંટી, કુલડી, કોડિયાં વગેરે ઘડીને પકવે છે. ગુજરાત વિસ્તારમાં માટીના “દેવ” બનાવવાની પ્રથા આજે પણ પ્રચલિત. એ કામ કુંભારો જ કરતા હોય છે. હાથે ઘડેલા તેમજ ચાકડા ઉપર ઉતારીને બનાવેલા ઘાટ બંને રીતે ઉપયોગમાં લેવાય છે. જુદા-જુદા દેવી-દેવતાની માનેલી માનતા પૂર્ણ કરવા આવા ઘાટો ઘડાય છે. સુરતથી સોનગઢ એટલે કે દક્ષિણ ગુજરાતનાં વિસ્તારમાં આ પ્રક્રિયા જોવા મળે છે. તેને “ ખતરૂં” મુકવાનું કહેવાય છે. દક્ષિણ ગુજરાતની આ માટી મૂડી છે. એમાં હાથી, ઘોડા, ગોવાળીયો, બાળક વગેરેની લોકકલ્પનાની આકૃતિ જોવા મળે છે. ઘણીવાર તો બાળકો માટેના રમકડાં બનાવી તેને ગેરૂ અને સફેદ માટીથી રંગીન મેળાઓમાં તેનું વેચાણ કરી આવક પણ મેળવે છે. એ જે પ્રમાણે દેવી પૂજક , બજાણીયા, બાવા વગેરે માટીની ડુગ–ડુગી, પોપટ, હાથી-ઘોડા વગેરે બનાવી તેના ઉપર રંગીન કાગળ ચોંટાડી બાળકોને ખુશ કરે એવી કલા દ્વારા આજીવિકા મેળવે છે.

શરીરને શોભાવવા તેમજ ધનુર્વા જેવા રોગ ન થાય એવી માન્યતાથી ગ્રામ્યનારીઓ હાથે-પગે કપાળે ડોકે પ્રાજવા–છુંદરણા

છુંદાવે છે.  ઘંઉવર્ણ શરીર ઉપર નીલી, કાળી મશના ફણથી અંગો હરિયાળા અને સુંદર દેખાય. ભરવાડ, કોળી, દલિત, કણબી, સથવારા વગેરે કોમની સ્ત્રીઓ તેમજ આદિવાસીઓમાં આ પ્રથા પ્રચલિત છે. શરીર ઉપર વિવિધ પ્રકારનાં છુંદણામાં ગજબની સંમોહન શકિત હોય છે. એને કારણે મનના માનેલા જુવાનિયાઓ આકર્ષી શકાય છે. વળી છુંદણા પડાવેલી સ્ત્રી કદી વંધ્યા રહેતી નથી કે પોતાના પતિનો વિશ્વાસઘાત કરતી નથી. છુંદણા પડાવેલી નારી ચારિત્ર્યવાન હોય છે. આવી કેટલીક માન્યતાઓ છુંદણાનાં કલાપૂર્ણ પ્રતીકો સાથે સંકળાયેલી જોવા મળે છે. કેટલાંક પુરુષો પણ હનુમાન, ગણપતિ કે પોતાના મિત્રનું નામ હાથ ઉપર ત્રોફાવે છે. એવી એક માન્યતા સૌરાષ્ટ્રમાં છે કે ત્રાજવાં ન ત્રોફાવે તેને બીજા ભવમાં ઊંટનો અવતાર મળે છે. તે ઉપરાંત શરીરનાં કેટલાંક રોગ ઉપર ત્રાજવાં ઉપયોગી બનતા હોવાની માન્યતા છે. રસોળી કે ઢીમચાને વધતાં અટકાવવા માટે એનાં ફરતે ત્રાજવાં ત્રોફાવવાથી તે વધતાં નથી. એક માન્યતા એવી પણ જોવા મળે છે કે ત્રાજવાં છુંદાવવાથી વ્યક્તિની જાતિઅને પ્રદેશ ઓળખાય આવે છે. ને લાંબા સમયથી કુટુંબમાંથી વિખૂટી પડેલી વ્યક્તિને ઓળખવા માટે પણ ઉપયોગી સાધન મનાય છે.

દિવાળી કે માંગલિક પર્વ અવસરે ઘરનું આંગણું જળથી છાંટીને કે ગારથી લીપીને તૈયાર કરી તેના પર રંગોળીનું ચિત્રણ કરવામાં આવે છે. ખાસ કરીને ધાર્મિક, વ્રતવિધિ વખતે અને ગૃહ સુશોભનના સૌંદર્યદર્શી સંસ્કાર તરીકે રંગોળી કરવામાં આવે છે. તેમજ ઘરની બારસાખની બાજુમાં કંકુથી પ્રતીક ચિત્રો આલેખે છે. ધાર્મિક તેમજ લૌકિક તહેવારોમાં બાળક અને પશુઓની શુભકામના માટે પણિયારે કાકાબળિયા અને શ્રાવણી પાંચમના રોજ નાગદેવતા અને વૈશાખ સુદ ચોથના રોજ ગણેશપૂજન કરી લાભ, શુભ, ચડતી, દેરડી, લાડુ વગેરેના પ્રતિકો સ્વરૂપે પૂજા કરાયછે.  સ્ત્રીઓ આ પ્રતીકો માત્ર કંકુથી જ કરે છે. સૌરાષ્ટ્ર તેમજ કચ્છની ખેડુ તેમજ લાકવાયા સ્ત્રીઓ દિવાળીના તહેવારોમાં સીમની ધાનલક્ષ્મી ઘરમાં આવી ગઈ હોય તેના વધામણાં ઘરના ઉંબર પર “લક્ષ્મીજીના પગલાં” માંગલીક સાથિયા, જુવારના દાણાની ઢગલીઓ, ખંપાળી અને સોપારી પર કંકુ નાંખીને શુભાંકનના સાથિયા પૂરે છે. સાથિયાનો મહિમા દક્ષિણ ગુજરાતમાં વધારે છે.

આમ ગુજરાતમાં ભરતકામ, મોતીકામ, કાપડકલા આ બધી જુદી-જુદી કલાઓ વિકાસ પામી છે અને હજુ પણ એ અસ્તિત્વ ધરાવે છે.



# હું શું કરું ?

- પ્રા. છીબુભાઈ પટેલ
(સંસ્કૃત વિભાગ)

સાવ ગામડાની માટીનો માણસ છું હું
શહેરમાં રહેનારા, તે પરફ્યુમ છાંટનારાને -
માટીની મહેક ના સમજાય તો હું શું કરું ?
સાવ લોકલ ગાડી જેવો માણસ છું હું
થોભું છું બધા સ્ટેશને,
પણ એમાં કોઈકને જગ્યા ના મળે તો હું શું કરું ?
શાંત સરોવરના જલ જેવો સ્વભાવ છે મારો
પણ કોઈ કાંકરો નાંખીને તરંગ પેદા કરે તો હું શું કરું ?
વાદળાં ની જેમ વરસી જવાનો સ્વભાવ છે મારો
ને ધોધમાર વરસાદમાં પણ કોઈ કોરાં રહી જાય તો હું શું કરું ?
સાવ ગામડાંની માટીનો માણસ છું હું



# STRESS : HOW TO DEAL WITH STRESS

**Dr. JAYMAL NAIK**
**(Asst. Prof. Phy. Edu.)**

Modern life is full of demands, obstacles, deadlines, and Goals. In today's Day to Day Life Stress is one and only main cause against the human wellness. Our lives are not about living and being happy, they are all about success and money! No doubt, with majority of people having this kind of thinking, Stress levels are reaching sky high! We are generally use the word “Stress” when we fell that everything seems to have become too much-we are overloaded and wonder whether we really can cope with the pressures placed upon us. Problems in one's personal relationship, loneliness, deteriorating health, and inability to cope up with work pressure, there are a number of reasons why a person can feel stressed and the effects of stress, Insomnia, changes in eating and sleep habits, anger, depression, fatigue, substance abuse, withdrawing from others, etc. It's time to take action to bring your nervous system back in to balance. You can protect yourself by learning how to recognize the signs and symptoms of stress and taking steps to reduce its harmful effects. Stress isn't always bad. But when you are constantly running in emergency mode, your mind and body pay the price.

“Stress is a subjective feeling that puts us in the mercy of our anxious self. It causes a fight-or-flee reaction in our body that on the long run is unhealthy, and that may be destructive for our mind and body.”

**STRESS - FIGHT OR FLIGHT RESPONSE :** The way you respond to a challenge may also be a type of stress. Part of your response to a challenge is physiological and affects your physical state. When faced with a challenge or a threat, your body activates resources to protect you - to either get away as fast as you can, or fight. Our fight-or-flight response is our body's sympathetic nervous system reacting to a stressful event. Our body produces larger quantities of the chemicals cortisol, adrenaline and noradrenaline, which trigger a higher heart rate, heightened muscle preparedness, sweating, and alertness - all these factors help us protect ourselves in a dangerous or challenging situation. Non-essential body functions slow down, such as our digestive and immune systems when we are in fight-or flight response mode. All resources can then be concentrated on rapid breathing, blood flow, alertness and muscle use.

| Common Stressors | Symptoms of Stress | Stress Releasers |
|---|---|---|
| 1. Exams Pressures | 1. Insomnia | 1. Exercise / Yoga / Pranayam / Meditation |
| 2. Marital or Family Problems | 2. Shallow breathing | 2. Reading / Writing / shopping / Eating |
| 3. Work problems or loss of job | 3. Irritability | 3. Listening music |
| 4. Illness and death | 4. Decreased appetite | 4. Sports/other Hobby |
| 5. Very busy schedule | 5. Cold hands and feet | 5. Prayer/Go to the Temple |
| 6. Financial problems | 6. Stomach and intestinal problems | 6. Tour-Nature / Ocean / Hill / Market |
| 7. Transportation problems | 7. Jumpiness | 7. Laughing / Crying / Sleeping |
| 8. Over needs-demands | 8. Headaches | 8. Movies / TV / Mobile / Computer / Internet |
| 9. Negative Thoughts | 9. Tense muscles | 9. Friends / Family Time |
| 10. Environment | 10. Difficulty concentrating | 10. Positive Attitude |
| 11. Any conflict | | 11. Relaxation |



# બાળકોનું બાળપણ ક્યાં ?

- મયુરીબેન હળપતિ (ગુજરાતી વિભાગ)

આજકાલ બાળકોનું ભવિષ્ય ક્યાં ? આપણે ક્યારેય વિચાર્યું છે ? દરેક નવરાશની પળોમાં બાળકોને આપણે સમય નથી આપતા તેવી ચિંતા ક્યારેય કોઈને થઈ છે ? અત્યારનું બાળપણ મોકળાશની હવા લેવા મથે છે  તે મોકળાશ ક્યારેય આપી છે ? બાળકોને મા-બાપ તરફથી પ્રેમ જોઈએ છે તે પ્રેમની કમી તો નથી થઈ રહી ને ? મા-બાપ વ્યવસાયિક હોવાથી બાળકને સમય આપી શકતા નથી. અને તે બાળક પોતાનો સમય વિડીયો ગેમ, ટી. વી. મોબાઈલ અને ઈન્ટરનેટ વગેરે સાથે પસાર કરે છે. આ સોશિયલ મીડિયા એક તરફ સારૂં પણ છે જેના દ્વારા બાળક ચપળ અને હોશિયાર બને છે. તે દુનિયા સાથે તાલ મીલાવી શકે. આજના સમયમાં આ જરૂર છે. પણ તેનો એક યોગ્ય સમય હોય છે.  આજે તો બાળક ત્રણ વર્ષનું થાય ત્યારથી તેને વિડીયો ગેમ, મોબાઈલની સમજ આવી જાય છે. પણ આના દ્વારા બાળકોમાં મેદસ્વીપણું અને ચશ્મા જેવી શારીરિક અસરો જોવા મળે છે.  બેસી રહેવાને કારણે તેનામાં આળસનો સંચાર થાય છે. તે પાંગળું બનતું જાય છે. આ સોશિયલ મીડિયામાંથી બાળકોને કાઢવા માટે રમત કારગત નીવડી શકે. અથવા બાળકો વિશેના લખાણો વાંચીને બાળકને પાછું વાળી શકીએ. બાળકો વિશેના લેખો દર શનિવારે ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, સંદેશ, ફૂલછાબ સમાચાર પત્રોની પૂર્તિ પ્રકાશિત થતા હોય છે. તે યોગ્ય વિકલ્પ કહી શકાય.

પહેલાના સમયમાં  બાળકો વિવિધ રમતો રમતા આ રમતો વિસરતી જાય છે. હવે 'રમત'નામ સાંભળતા શેરી, મહોલ્લો અને બાળકની કિકીયારી યાદ આવી જાય. વેકેશનમાં મામાનું ઘરનું આંગણું નિરાશ પણે બાળકોના રમવાની વાટ જોતું હોય છે. પણ બાળકો ક્યાંક દેખાતાં નથી. કારણ કે હવેનું બાળપણ તો સોશિયલ મીડિયામાં વ્યસ્ત છે. અત્યારના વેકેશનમાં બાળકોને ક્યાંક હરવા-ફરવામાં કે તેને વિડીયો ગેમ લાવી આપવામાં આવે છે. અથવા ટ્યુશન ક્લાસમાં મૂકી દેવામાં આવે છે. અત્યારના બાળકોને ભણવાનો પણ સમય નથી. જેના તરફ પણ મા-બાપ ને ધ્યાન આપવું જોઈએ. બાળકનાં કેરિયર બનાવવાની હોડમાં પણ બાળપણ હોમાય જતું જોયું છે. ભણતરનો પણ નકામો ભાર બાળકોને  આપવો જોઈએ નહિ. આ કારણથી પણ બાળકો રમતથી દૂર થતા જાય છે. અને એનામાં એક પ્રકારની હતાશા જન્મે છે. આપણે આપણા સપના પણ બાળકો પર થોપવા ન જોઈએ. તે પણ બાળપણને નષ્ટ કરે છે. ગામડાંમાં વેકેશન પૂરૂં થતાં તો બધા નદી, નાળા, કોતરો બાળકો ખૂંદી વળતા હોય છે. કેરીઓ, આંબલી, બોર ખાઈને વીતાવેલા દિવસો તો અત્યારના બાળકોના નસીબમાં કદાચ ન પણ હોય, જ્યારે મનોરંજનનું કોઈ સાધન ન હતું ત્યારે બાળકો રમતો રમતા. આ રમતો વિસરાતી જાય છે. આ રમતો પણ બાળકનો શારીરિક અને માનસિક વિકાસ કરતી હોય છે.  પણ આ રમતો વિશે બધું અત્યારના બાળકોને કોણ સમજાવે? ગિલ્લી દંડા નામની રમત બાળકો ટોળે વળીને રમે, એમાં ગિલ્લી હોય જે લાકડાનો નાનો ટુંકડો હોય અને દંડો લાકડી હોય છે. એના દ્વારા રમાતી રમત તે ગિલ્લી દંડો, જે  આપણી રાષ્ટ્રીય રમત હોકીને મળતી આવે છે. અને ગિલ્લી દંડાનો ઉલ્લેખ શ્રીકૃષ્ણ ભગવાનના બાળપણના જીવનનાં પ્રસંગમાં પણ મળે છે.

આંબલી-પીપળી હવે કવિતામાં જ ગવાય છે.

'અમે આંબલી પીપળી રમતા'તા, રમતા રમતા કોડી જડી."

અત્યારના બાળકોને પ્રશ્ન થાય કે આ વળી શું છે ? આ રમત આંબલી, પીપળો, વડ કે કોઈ પણ ઝાડ પર ચડી જાય અને દાવ આપનાર નીચે હોય પછીથી તે ઝાડ પર ચડે અને જેને આઉટ કરે તે પણ ઝાડ પર જ હોવો જોઈએ. આ રમતનો નિયમ .લખોટી પણ બાળકની પ્રિય રમત. આ રમતમાં અનેક પ્રકારના દાવો હોય, જેમાં સૌથી વધારે જે બીજાને આંચ લગાવીને ટીંચે તેને બધી લખોટી મળે. આ રમત પણ શેરી મહોલ્લામાંની એક રમત છે. આ બધી રમતોથી બાળક શારીરિક રીતે સશક્ત થાય તે માન્યતા દાદા-દાદી કહેતાં. આજનું ભવિષ્ય મોબાઈલમાં વ્યસ્ત હોવાથી અમુક રમતો વિશે એમને ખબર ન હોય એવું બની શકે. પહેલાનાં સમયમાં દાદા-દાદી રાત્રે દરરોજ વાતો કહેતા. તે વાર્તા અલક-મલક ની હોય છે. તેમાંથી બોધ-પાઠ પણ મળે તે વાર્તા બાળકના ઘડતરમાં મહત્વનો ફાળો આપતી. આજના બાળકોનો ભણતરનો ભાર કદાચ આ રમતો ભરપાય કરી શકે. સોશિયલ મીડિયાથી તેની દુનિયા સીમિત થઈ ગઈ છે. તે દુનિયાને કદાચ રમતો વિશાળ કરી શકે. બાળકને સોશિયલ મીડિયા અને ભણતરના ભારમાંથી વેકેશન દરમિયાન તો મુક્ત કરવાની જવાબદારી આપણા સૌના માથે છે. વેકેશન દરમિયાન બાળકોને અલગ-અલગ પ્રવૃત્તિ કરાવવી, જેમાં તેને રસ હોય. તેને નવી-નવી વાર્તાઓ કહેવી. તેની સાથે રમતો રમવી. તેની સાથે વાતો કરવી. બાળકને ગમતું ખાવાનું બનાવી આપવું. તેને બાળ સાહિત્યની ચોપડીઓ લાવી આપવી અને વંચાવવી. તેમાંથી મળતા બોધપાઠ વિશે માહિતી આપવી. કાર્ટુન કે ગેમ રમવાનો અમુક સમય આપવો. તેને ખરા-ખોટાની માહિતી આપવી. બાળકોને ભેગાં કરવા તેને અલગ-અલગ રમત રમાડવી. તેમને એકબીજા સાથે હળી-મળીને રહેવા શીખવવું. એકલું બાળક ક્યારેક હતાશ થઈ જતું હોય છે. બાળક જે પ્રવૃત્તિ કરે તેનામાં રસ લઈ તેને યોગ્ય માર્ગદર્શન આપવું. તેને ગમતા કર્યા કરવા દો. તો તેની અંદરની સુષુપ્ત શક્તિ ખીલશે. આમ બાળકનું ભવિષ્ય સુધારવું એ આપણા હાથની વાત છે. તેના માથે ભણતરનો બોજ નાખીને આપણે તેના બાળપણને છિનવી તો નથી રહ્યાં ને ? આ વિચારવું એ આપણી ફરજ છે.

# ચાર્ટિસ્ટ આંદોલન



- પ્રા. ચેતનભાઈ પટેલ (ઈતિહાસ વિભાગ)

ચાર્ટિસ્ટ આંદોલન શું છે. ?

ચાર્ટિસ્ટ આંદોલન બ્રિટનનાં ઈતિહાસની એક મહત્વપૂર્ણ ઘટના છે. રાણી વિક્ટોરિયાનાં શાસનના શરૂઆતનાં વર્ષોમાં ત્યાં એક શ્રમિક આંદોલન થયું. જેને ચાર્ટિસ્ટ આંદોલન નામ આપવામાં આવ્યું. આ આંદોલન આર્થિક સમસ્યાઓ પર આધારિત રાજકીય આંદોલન હતું. જેનો અંતિમ ધ્યેય સમાજમાં પરિવર્તન લાવવાનો હતો. દેશની ઔદ્યોગિક ક્રાંતિએ દેશના સામાજિક અને આર્થિક ઢાંચામાં મોટા પરિવર્તન કર્યાં. એ ક્રાંતિએ મધ્યમ વર્ગની સ્થિતિ તો સારી કરી, પરંતુ એના કારણે મજૂર વર્ગની પરિસ્થિતિમાં, આર્થિક પરિસ્થિતિમાં કોઈ પરિવર્તન ન આવ્યું. આર્થિક ક્ષેત્રમાં ધનવાન અને ગરીબનાં વચ્ચેની ખાઈ મોટી બનતી ગઈ. ઈ.સ. 1832 ના સુધારાએ મધ્યમ વર્ગને રાજનૈતિક અધિકારો આપ્યા હતાં, પરંતુ મજૂર વર્ગને એનો કોઈ લાભ પ્રાપ્ત થયો ન હતો. મજૂરો બેકારી અને ભૂખમરાનો શિકાર થઈ રહ્યાં હતાં. અને બીજી અન્ય પરિસ્થિતિઓ એમનાં અસંતોષનું કારણ બની. એટલે ત્યાં અનેક મજૂર આંદોલનનો જન્મ થયો. એમાંનું એક મહત્વપૂર્ણ આંદોલન હતું ચાર્ટિસ્ટ આંદોલન .

રોબર્ટ ઓવેને ઈ.સ. 1834 માં એક વિશાળ રાષ્ટ્રીય મજૂરસંઘની સ્થાપના કરી હતી. 1938ની 8 મી મે એ લંડનનાં મજૂરોની સભાએ પોતાની માંગનું એક સંશોધનપત્ર તૈયાર કર્યું. જે 'લોક સંશોધનપત્ર' નામથી જાણીતું થયું. ચાર્ટિસ્ટોએ પોતાની મુખ્ય માંગો લોક સંશોધનપત્રમાં પ્રસ્તુત કરી. જે નીચે મુજબ છે.

૧. વાર્ષિક પાર્લિયામેન્ટ 2. વયસ્ક મતાધિકાર

3. ગુપ્ત મતદાન

4. સંસદ સભ્ય બનવા માટે સંપત્તિની યોગ્યતાને પૂર્ણ કરવી.

5. સમાન નિર્વાચન ક્ષેત્ર 6. સંસદ સભ્યોને વેતન આપવું.

**સામાજિક કારણ** :- ઈંગ્લેન્ડની ઔદ્યોગિક ક્રાંતિએ બ્રિટનની સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન કરી દીધું. જેનાં કારણે મધ્યમ વર્ગ અમીર થતો ગયો. જ્યારે મજૂર વર્ગ ગરીબ. પરિણામે અમીર અને ગરીબની સામાજિક સ્થિતિમાં અંતર વધતું ગયું. અને સામાજિક એકતા નષ્ટ થવા લાગી. આ પરિસ્થિતિ એક જ દેશમાં બે રાષ્ટ્રની અનુભૂતિ કરાવતી હતી. જેમાં વિભિન્ન વર્ગો વચ્ચે કોઈ સહાનુભૂતિ ન હતી.

**આર્થિક કારણ** :- ઔદ્યોગિક ક્રાંતિને લીધે દેશમાં અસમાનતાઓ વધતી ગઈ. મોટા - મોટા ઉદ્યોગોની સ્થાપના અને વિકાસને કારણે સંપત્તિમાં વધારો થઈ રહ્યો હતો . પરંતુ એનો લાભ કેટલાંક લોકોને જ થઈ રહ્યો હતો. ધનનું સમાન વિતરણ ન થવાને કારણે મધ્યમ વર્ગ અને માલિકો જ ધનવાન થતાં ગયાં. બીજી તરફ મજૂરોને એમનો યોગ્ય ભાગ મળતો ન હતો. આવી રીતે ઔદ્યોગિકરણનાં ખરાબ પ્રભાવનો શિકાર મજૂર વર્ગ થતો હતો.

**રાજનૈતિક કારણ** :- દેશની રાજનીતિમાં મજૂરોનું કોઈ સ્થાન ન હતું. ઈ.સ. 1832નો સુધારા અધિનિયમ પણ એમની સ્થિતિમાં સુધાર લાવવા માટે અસફળ સાબિત થયો. આવી પરિસ્થિતિમાં દેશનાં મજૂરોએ રાજનૈતિક અધિકાર મેળવવાનું આવશ્યક સમજ્યું. તેઓની માન્યતા હતી કે રાજનૈતિક અધિકાર વગર એમની સામાજિક અને આર્થિક સ્થિતિમાં સુધાર લાવવો અશક્ય છે . એટલા માટે એમણે આંદોલનનાં માધ્યમથી પોતાની માંગો મૂકી. એમની સ્પષ્ટ માન્યતા હતી કે સંસદમાં ગયા પછી જ તેઓ પોતાનાં અધિકારો પ્રાપ્ત કરી શકશે. એ કારણે જ ચાર્ટિસ્ટ આંદોલનને રાજનૈતિક આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું. તેઓ રાજનૈતિક અધિકારો પ્રાપ્ત કર્યા પછી આર્થિક અને સામાજિક પરિવર્તનો માટે પ્રયત્નો કરવા માંગતાં હતાં. આવી રીતે આ આંદોલનનાં અનેક કારણો હતાં. વિલિયમ જોનેટ અને ફર્ગુસ ઓકોનેર આ આંદોલનનાં મુખ્ય નેતા હતાં.

**આંદોલનની પ્રગતિ** :-ઈ.સ. 1839 ની 14 મી જૂને ચાર્ટિસ્ટોએ પોતાની માંગોનાં સંદર્ભમાં સંસદને આવેદનપત્ર આપ્યું. જેનાં પર લાખો લોકોની સહી હતી. સંસદે તેમની માંગણી પર વિચારવા માટે ના પાડી દીધી. સંસદ દ્વારા પોતાની માંગણીનો અસ્વીકાર થતાં ચાર્ટિસ્ટોએ એટબુડ અને ઓબ્રાયનનાં નેતૃત્વમાં આંદોલનની શરૂઆત કરી. મન્મથ શાયરમાં ભયંકર વિદ્રોહ થયો. જ્યારે વિદ્રોહીઓએ પોતાના નેતા હેનરી વિન્સેન્ટને છોડાવવા માટે ન્યૂપાટેર જેલ પર હુમલો કર્યો ત્યારે સૈનિકોએ સુરક્ષા માટે ગોળી ચલાવવી પડી. જેમાં ત્રીસ લોકોનાં મૃત્યુ થયા અને અનેક ઘાયલ થયા. આ ઘટનાને 'ન્યૂપોર્ટનું યુધ્ધ' નું નામ આપવામાં આવ્યું. આ ઘટના પછી ચાર્ટિસ્ટ આંદોલનનાં અનેક નેતાઓની ધરપકડ કરી કેદ કરવામાં આવ્યા.તેમ છતાં પણ ચાર્ટિસ્ટોનું આંદોલન ચાલું રહ્યું. પરંતુ ત્યારપછી એમણે શક્તિ પ્રદર્શનનો માર્ગ છોડી દીધો.

ઈ.સ. 1841 માં ચાર્ટિસ્ટોએ પોતાનું બીજું આવેદનપત્ર સંસદમાં આપ્યું. પણ તેના ઉપર પણ સંસદે વિચાર કર્યો નહી. જ્યારે ઈ.સ.

1848 માં ફ્રાંસની ત્રીજી ક્રાંતિ થઈ તેનાથી પ્રોત્સાહિત થઈ ચાર્ટિસ્ટોએ ફરી આંદોલનની શરૂઆત કરી.એમને 50 લાખ લોકોનાં સહીવાળું ત્રીજું આવેદન પત્ર સંસદનાં સામે પ્રસ્તુત કરવાનો નિશ્ચય કર્યો. એમણે આ આવેદનપત્ર રેલીના સ્વરૂપમાં સંસદ સુધી લઈ જવાનો નિર્ણય કર્યો, પરંતુ એમને એવું કરતાં રોકવામાં આવ્યાં. આ આવેદનપત્ર પર વિચાર કરવા માટે સંસદે એક કમિટીની રચના કરી. તપાસ કરતાં ખબર પડી કે એમાં અનેક સહીઓ ખોટી હતી. તે સમયથી ચાર્ટિસ્ટોનું મહત્વ ઘટી ગયું. અને લોકો આ સંગઠનની મજાક ઉડાવવા લાગ્યાં. ધીરે – ધીરે આ સંગઠનનું નૈતિક અધ:પતન થયું. આ રીતે એક સારા ઉદ્દેશ્યથી શરૂ થયેલું આંદોલન અસફળ રહ્યું.

**અસફળતાનાં કારણો** :- ચાર્ટિસ્ટ આંદોલનનાં નિષ્ફળતાનાં કારણો નીચે મુજબ છે.

- ચાર્ટિસ્ટ આંદોલન સાથે સંલગ્ન લોકો વચ્ચે એકરાગિતાનો અભાવ હતો. એમાનાં કેટલાંક લોકો હિંસક પધ્ધતિ અપનાવવા માંગતાં હતાં. તો કેટલાક શાંતિપૂર્વક પધ્ધતિથી આંદોલન ચલાવવા માંગતાં હતાં. આવા મત - ભેદોને કારણે એમની શક્તિ ક્ષીણ થઈ.
- એમનાં સાધનો અને પધ્ધતિ અપર્યાપ્ત અને ખોટી હતી. જે રીતે એમણે વિદ્રોહ કરી ખોટી સહીઓ વાળું આવેદનપત્ર તૈયાર કર્યું, જેનાં લીધે જનતાની સહાનુભૂતિ ન મળી. વિરાટ જનસમર્થનનાં અભાવને લીધે થોડાં સમય પછી એમનું આંદોલન મહત્વહીન થઈ ગયું.
- બ્રિટિશ સરકારે પોતે એવો કાયદો બનાવ્યો જેનાથી દેશનાં મજૂરોની સ્થિતિમાં સુધારો થયો. કારખાના સંલગ્ન શ્રમ કાનૂન બનવાથી ચાર્ટિસ્ટ આંદોલનની ઉપયોગિતા નહિવત બની ગઈ.
- ખેતી વેપારની પ્રગતિ અને અનાજ કાયદો સમાપ્ત થવાથી દેશની આર્થિક સ્થિતિમાં સુધારો થયો. વસ્તુઓની કિંમતમાં ઘટાડો થયો. આ ઉપાય ને લીધે પણ આંદોલનનાં સમર્થકોની સંખ્યામાં ઘટાડો થયો.
- યોગ્ય નેતૃત્વનાં અભાવને કારણે પણ આંદોલન સફળ ન થયું. ચાર્ટિસ્ટોએ બધા મજૂરોને સંગઠિત નહોતા કર્યાં. એમનું લક્ષ્ય સ્પષ્ટ અને નિર્ધારિત ન હતું.
- ઉપરોક્ત કારણોને લીધે ચાર્ટિસ્ટ આંદોલન અસફળ રહ્યું. છતાં પણ આ આંદોલનનું એક અલગ મહત્વ છે. આંદોલન અસફળ થવા છતાં પણ એનાં ઉદ્દેશ્યો જીવીત રહ્યાં. એ સંદર્ભમાં કાર્યાલયે લખ્યું છે કે , "એના સિધ્ધાંતો મૌલિક અને વ્યાપક હતાં. એમાં એવી વાતો ન હતી કે કાલે જ શરૂ થઈ અને આજ-કાલમાં પૂર્ણ થઈ ગઈ." એ કારણથી જ એમની બધી માંગોને ધીરે ધીરે સ્વીકારી લેવામાં આવી. ગુપ્ત મતદાન, વયસ્ક મતાધિકાર, સંસદ સભ્યોને વેતન આપવું વગેરે બાબતોને સ્વીકારી લેવામાં આવી.
- આ પ્રથમ શ્રમિક આંદોલન હતું જેના તરફ દેશની જનતા અને સરકારનું ધ્યાન આકર્ષિત થયું. દેશનાં ભાવિ સુધારાઓ માટે આ આંદોલને નવી કેડી કંડારી. આ રીતે આ આંદોલન અસફળ સાબિત થવા છતાં પણ ઘણું ઉપયોગી અને મહત્વપૂર્ણ સાબિત થયું.



# એક ભારત, એક કર

- સુરભિબેન પરમાર (કોમર્સ વિભાગ)

3 જી ઓગષ્ટ 2016 ના રોજ રાજ્યસભામાં 122મું બંધારણીય બીલ લગભગ સર્વાનુમતે પસાર થયું હોવાથી 1 લી જુલાઈ, 2017 થી ભારતમાં જી.એસ.ટી. શરૂ કરવાનો માર્ગ મોકળો થયો. તે દિવસ ભારતીય કર પ્રણાલીના ઈતિહાસમાં લાલ અક્ષરે લખાશે.

'એક ભારત, એક કર' એ જી.એસ.ટી. એટલે કે ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સથી વાસ્તવિક બન્યું છે, ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સએ વિસ્તૃત કર છે, જે ભારતભરમાં માલ અને સેવાઓના પુરવઠા પર લાગુ કરાય છે.

વિશ્વના લગભગ 160 દેશોમાં જી.એસ.ટી.ની કર – વ્યવસ્થા લાગુ છે. જી.એસ.ટી. નો સૌપ્રથમ પ્રારંભ ઈ.સ.1954 માં ફ્રાંસમાં થયો હતો. ભારતમાં તેનો વિચાર અટલ બિહારી વાજપેયી સરકાર દ્વારા વર્ષ 2000 માં લાવવામાં આવ્યો.

ભારતનો ઢાંચો ધ્યાનમાં લઈને ડ્યુઅલ જી.એસ.ટી. નમૂનારૂપે પસંદ કરવામાં આવ્યું છે, જેમાં કર માલ અને સેવાઓના પુરવઠા પર કેન્દ્ર અને રાજ્યો દ્વારા સંયુક્ત રીતે લાગુ કરાશે.

ડ્યુઅલ જી.એસ.ટી.ના ઘટકો નીચે મુજબ છે:-

CGST :- Cenral Goods and Service Tax

SGST/UTGST :- State Goods and Service Tax

Union Territory Goods and Service Tax



# भारतीय संस्कृति वैश्विक परिदृश्य

डो. मुकेशभाई पटेल (हिन्दी विभाग)

भारतीय संस्कृति भारत भूखंड की भौगोलिक सीमाओं से परे भी प्रसारित हुई है । अनेक शताब्दियों तक उन विभिन्न देशों, द्विपो में सम्राटों से लेकर सामान्य जनों तक ने भारतीय संस्कृति को अपनाए रखा । प्राचीन काल में भारतीय संस्कृति भारतकी सीमाओ को पार करके जिस विशाल प्रदेश में फैली, उसे बृहतर भारत कहते है । उसमें साइबेरिया से सिंहल (श्रीलंका) और ईरान तथा अफगानीस्तान से प्रशांत महासागर के बोर्निया और वाली टापू तक का विशाल भूखंड है । भारत के इस विश्वव्यापी सांस्कृतिक प्रसार के कतिपय प्रेरक कारण और साधन रहे । उनमें दो कारण सर्वमान्य है, पहला वैदेशिक व्यापार और दूसरा धर्म प्रचार की प्रवृति । प्राचीन भारत के व्यापारी विश्व के विभिन्न भागो में व्यापार के लिए जाया करते थे । हिन्द महासागर में भारत की केंद्रीय स्थिति होने के कारण यह सामुहिक मार्ग के मध्य में पडता है । इस प्रकार विभिन्न देशों से भारत का व्यापारिक आदान प्रदान पर्याप्त चलता रहता था ।

भारतीय ग्रंथो में जिस सुवर्ण भूमि का उल्लेख आया है, वह बर्मा से सुमात्रा तक फैली हुई सारी भूमि है । धर्म प्रचार के लिए बौद्ध धर्मीय दुनिया भर घुमे । सम्राट अशोक ने अपने पुत्र और एक पुत्री को बौद्ध धर्म के प्रचार के लिए सिंहल देश भेजा था । चीन, तिब्बत, कोरिया, जापान आदि देशों में बौद्ध धर्म के कारण भारतीय संस्कृति का प्रसार हुआ । उसके अलावा भारत के बाहर अनेक भारतीय दूसरे देशों में स्थायी रुप में बस गये । इन्होंने वहाँ स्थानीय मौलिक तत्त्वों के साथ अपनी संस्कृति के संमिश्रण से एक नवीन संस्कृति का विकास किया । जिस पर भारतीयता की गहरी छाप रही । भारत के सभी भागों ने विदेशों में भारतीय संस्कृति के प्रसार में योग दिया था । परंतु दक्षिण भारत का इस संदर्भ में अधिक योगदान रहा है । क्योंकि यह भाग सामुद्रिक मार्गों का निकटवर्ती था ।

विश्व के विभिन्न देशों में भारतीय संस्कृति का प्रारंभ सिंहल देश से हुआ । ईसा की दो तीन शती पूर्व ही यहाँ बौद्ध प्रचारक पहुँच गए थे । प्रारंभिक शतियों में चीन में इस संस्कृति का प्रसार हुआ । इसी समय दक्षिण पूर्व एशिया के विभिन्न टापूओं में हिन्दु राज्य स्थापित हुए । उत्तर, दक्षिण एवं पूर्व दिशाओं की भांति भारत की पश्चिम की ओर भारतीय संस्कृति का उतना प्रसार एवं प्रभाव नहीं हुआ । विभिन्न देशों ने भारतीय संस्कृति के प्रसार का क्रम इस प्रकार है ।

- लंका
- मध्य एशिया – चीन, कोरिया, जापान, फिलीप्इन द्वीप, तिब्बत
- दक्षिण पूर्व एशिया – कंबोडिया, जावा, मलाया, इंडोचीन, बर्मा, बोर्निया, फूलान, कम्बुज, चम्पा आदि

इस प्रकार भारतीय संस्कृति अपनी विशेषताओं के कारण सारे विश्व में फैली है । व्यापार और धर्म प्रचार प्रसार के कारण यह संस्कृति विश्व के लोगों को आकर्षित कर रही है । मूल्यों के कारण सारी दुनिया इस संस्कृति को अपनाने लगी है । इसमे मानवीयता छिपी है । विभिन्नता में एकता स्थापित करने की क्षमता इसी संस्कृति में दिखाई देती है । विश्व कुटुंबकम की भावना इस संस्कृति की अपनी विशेषता है ।

संदर्भ : भारतीय संस्कृति – डो. मधुकर कुलकर्णी




# अग्नि गर्भ

– प्रा. डो. रियाझभाई ताई (हिन्दी विभाग)

अग्निगर्भ महाश्वेता देवी की पूर्व प्रकाशित दो कहानिर्यां का बडा रुप है। 'आपरेशन बसाई टूडू' तथा 'द्रौपदी' दो कहानियों का माध्यम से महाश्वेता देवी ने खेत मजदूर यूनियन और उसके आन्दोलन का जो चित्रण किया था, उसी का व्यापक रुप 'अग्निगर्भ' है जिसमें सम्पूर्ण भारत के खेत मजदूरों की समस्याओं का आकलन किया गया है।

१९६७ में मई–जून में दार्जिलिंग जिले के गांँवो नक्सलबाडी, खडीबाडी आदि में एक संगठित आन्दोलन चला जिससे सशस्त्र आन्दोलन को एक नया नाम मिला नक्सलवाद। आज नक्सलवाद एक व्यापक शब्द है जो पूरे भारत में प्रचलित है तथा युवकों के हिंसक वर्ग को नक्सली कहा जाता है। मूल रुप से पिछडे इलाकों में उपजते शोषित वर्ग के युवा विद्रोही माने जाते हैं। एक छोटे से गांँव को इतने बडे आन्दोलन से जोडने की पृष्ठभूमि ही अग्निगर्भ का उद्देश्य है। महाश्वेता देवी ने भारत के बंधुआ मजदूरों के विद्रोह का चित्रण ही इस उपन्यास में किया है। कथा नायक बसाई टूडू और नायिका द्रौपदी है। इस उपन्यास में बसाई टूडू की कहानी का वर्णन है। बसाई टूडू की कहानी खेत मजदूरों के संगठनकर्ता की कहानी है। भारत में बटाईदारी प्रथा या अधिया के माध्यम से भूस्वामियों द्वारा मजदूरों के शोषण और उससे पनपते विद्रोह का नायक है बसाई टूडू। बसाई जाति का संथाल है। बंगाल में जहांँ एक ओर बडे – बडे भूस्वामी और जमींदार हैं, वहीं दूसरी ओर भारी जनसंख्या उन लोगों की है जिनके पास जोतने के लिए जमीन तो नहीं है पर उनकी जीविका कृषि पर निर्भर है। ऐसे भूमिहीन कृषकों को खेतिहर मजदूर कहा जाता है। ये भू स्वामियों से खेती बटाई या अधिया पर ले लेते हैं अधिया या बटाई में भूमिहीन किसानों को बीज, हल – बैल खाना और थोडी मजदूरी देकर काम लिया जाता है और बदले में भूस्वामी के खेतों पर काम करते हैं। इनको जो जमीन दी जाती है फसल कटने के बाद उससे भूस्वामी अपना हिस्सा बीज आदि को निकाल लेते हैं और केवल एक चौथाई उपज उन मजदूरों के पास पहुंँचती है। इसके साथ ही उन पर भूस्वामियों का ऋण रहता है। थोडा – सा विद्रोह करने पर भू स्वामी अगले वर्ष उन्हें बटाईदारी से अलग कर देता है। उनकी नित्य की मजदूरी भी बहुत कम होती है और अधिकांशत:, मोटा अनाज देकर काम लिया जाता है। अधिकांश आदिवासी क्षेत्रों के निर्धन वर्ग का आश्रय यहीं अधिया प्रथा है। इन भूस्वामियों की अतिरिक्त भूमि लेकर इन्हें दे दी जाय लेकिन बडे जमींदारो के छल के कारण उन्हें कभी जमीन नहीं मिली क्योंकि सभी बडे भूस्वामी ही राजनीतिक और प्रशासनिक व्यवस्था से जुडे हुए थे। सरकार ने भूमिहीनों की स्थिति को सुधारने का न्यूनतम मजदूरी कानून बनाया फिर भी उसका प्रभाव नहीं पडा क्योंकि मजदूरी दिलाने का दायित्व सरकार पर नहीं था। सरकारें चाहे कम्युनिस्टों की हों या कांग्रेस की कानून बनते गए पर अमल नहीं हुआ। उसका परिणाम ही विद्रोह है, जिसका नायक बनकर उभरा है बसाई।

बसाई परिवार विहीन है। वह पहले कम्यूनिस्ट आन्दोलन से जुडता है। कस्यूनिस्टों के किसान – मजदूर आन्दोलन में सामन्त, काली और बसाई साथ कार्य करते हैं लेकिन जब कम्यूनिस्ट सत्ता में आते हैं तो वे भी बडे किसानों का ही समर्थन करते हैं क्योंकी उनका वर्चस्व रहता है। उससे अलग होकर बसाई किसान – मजदूर युनियन को भी छोड देता है और खेतिहार मजदूरों को विद्रोह के लिए तैयार करता है। शासन और प्रशासन उसके आतंक से कांँपता है। खेतिहार मजदूर संथालों के परिवारों में उसे शरण मिलती है। उच्च वर्ग के लोग प्रशासन पर प्रभाव बनाकर पुलिस और सेना के द्वारा उसके आन्दोलन का दमन करते हैं। बसाई के मारे जाने की खबर फैलती है। बसाई भूमिगत रहकर आन्दोलन करता है। बार – बार प्रशासन बसाई के मारे जाने का समाचार उडाता है और थोडे समय बाद बसाई पुन: सक्रिय हो जाता है। बसाई मर – मरकर जीता है किन्तु अन्त में आपातकाल लागू होने के बाद वह मारा जाता है उसकी आवाज खत्म हो जाती है। लेखिका कहती है कि क्या बसाई मर सकता है। लेखिका कहती है कि जब तक यह व्यवस्था है बसाई मरता रहेगा और फिर भी उठेगा। अग्निगर्भ का संथाल किसान बसाई टूडू किसान – संघर्ष में मरता है। लाश जलने के बावजूद उसके फिर से सक्रिय होने की खबर आती है। वह फिर मारा जाता है। वह अग्निबीज है और अग्निगर्भ है सामन्ती कृषि – व्यवस्था.



# Women's Empowerment

**- Bhoomikaben Patel**
( English Department )

Women's empowerment is the process of empowering women. Empowerment can be defined in many ways, however, when talking about Women's empowerment, empowerment means accepting and allowing people who are on the outside of the decision – making and process into it . “This puts a strong emphasis on participating in political structures and formal decision – making and in the economic sphere, on the ability to obtain on income that enables participation in economic decision making.

Empowerment is the process that creates power in individuals over their own lives, society, and in their communities. People are empowered when they are able to access the opportunities available to them without limitations and restrictions such as in education, profession and lifestyle. Empowerment includes the action of raising the status of women through education, raising awareness literacy, and training. Women's empowerment is all about equipping and allowing women to make life determining decisions through the different problems in society. Women empowerment has become a significant topics of discussion in development and economics. It can also point to the approaches regarding other trivialized genders in a particular political or social context.

Women's empowerment and achieving gender equality is essential for our society to ensure the sustainable development of the country. Many world leaders and scholars have argued that sustainable. Development is impossible without gender equality and Women's empowerment.

Two Forms of empowerment:-

1. Economic empowerment  2. Political empowerment

**Economic empowerment :-** Economic empowerment increases women's agency, access to formal government programs, mobility outside the home, economics independence and purchasing power. Policy makers are suggested to support job training to aid in entrance in the formal markets. One recommendation is to provide more formal education opportunities for women that would allow for hidden bargaining power in the home. They would have more access to hidden wages outside the home, and as a result, make it easier for women to get a job in the market.

Race has a huge impact on Women's empowerment in areas such as empowerment. Employment can help create empowerment for women. when we discuss women's empowerment, discussing the different barriers that underprivileged women face. Which makes it male difficult for then to obtain empowerment in society, is important when examining the impact of race in connection to employment.

**Political empowerment :-** Political empowerment supports creating policies that would best support gender equality and agency for women in both the public and private spheres. Popular methods that have been suggested are to create affirmative action policies that have a quote for the number of women in policy making and parliament positions.

As of 2017, the global average of women in policy making and parliament positions is 23.6 parent. further recommendations have been to increase women's rights to vote. Voice opinions, and the ability to run for office with a fair chance of being elected. Because women are typically associated to entering the labor market and running their business. Policies that increase their bargaining power in the household would include policies that give women control over resources.



# वेदेषु मानसशास्त्रम्

प्रा. डो. नयना नायक

संस्कृत विभाग

भारत देशस्य एतद महत् एवं परं सौभाग्यं यत् अत्र समग्र विश्वस्य प्राचीनतमं अतिमूल्यवानं, सुसमृद्धं अतीव विपुलं वैदिक वाङ्गमयं विद्यते। भारतवर्षस्य सर्व ज्ञानमयाः वेदाः संपूर्ण संसारस्य कल्याणस्य पथदर्शनं कुर्वन्ति, प्रेरयन्ति। परमेश्वरेण परम कृपया स्व विद्यारूपवेदस्योपदेशेन निर्मितावेदाः विविध विज्ञान राशयः, विभिन्न शास्त्र निघयः घारयित्वा विश्वस्यपुरतः विराजन्ते। क्रान्तदर्शीभिः वैदिक ऋषिभिः प्रणीतं सार्वकालिकं वैदिक वाङ्गमये मानसशास्त्रस्य वियषे विशेष ज्ञानं प्राप्यते। एतद्ज्ञानं विज्ञानं सहितं मानव जीवनस्य मोक्षस्य कारणं भवति।


वेदेषु मनस्य अन्य नामानि सन्ति। मनः, हृद, चित्तं ईति।

शुक्लयजुर्वेदस्य शिवसंकल्पसूक्तं- शिव-संकल्प- उपनिषद् ३४.१-६ मन संबंधिततत्व ज्ञानेन परिपूर्णं विज्ञानं प्रकाशयति।

यज्जाग्रतो दूरमुदैति दैवं तदु सुप्तस्य तथैवेति।

दूरं गमं ज्योतिषां ज्योतिरेकं तन्मेमनः शिवसंकल्पमस्तु।।

मनः जाग्रतः सुप्तः वा दूरं अतीव दूरं गच्छति। सर्वेषां ईन्द्रियाणां उपरि व्याप्नोति।अतीतानायत वर्तमान व्यवहित विप्रकृष्ट गृहितः मनः दूरं गच्छति। जाग्रतः तथा च सुप्तस्य मनुष्यस्य दैव अर्थात्मनः ज्ञान स्वरूपात्मा तस्य सामर्थ्यं असाधारणं, विशिष्टं विद्यते। मनः ज्योतिषां ज्योतिः अर्थात्श्रोत्रादीनां विज्ञाननेतृणां मध्ये एकम् एव ज्योतिः मनः श्रेष्ठं प्रदीपकं वर्तते। मनेन विना ईन्द्रियाणि स्वविषये किमपि कार्यं कर्तुं न शक्यते। मनः प्रज्ञानं, चेतो, धृतिः प्रजानामन्तरमृतज्योतिः वर्तते। मनसः ऋते किञ्चित्कर्तुं न शक्नुमः। येनेदंभूतं, भुवनं, भविष्यत्परिगृहितम्। यथा रथनाभौ आरा तथैव ऋचःसाम, यजूंषि मनसि प्रतिष्ठितम्। यथा तन्तवः पटे तथा मनः सर्व प्रजानां चित्तं प्रतिष्ठितम्। हृत प्रतिष्ठितम्, अजिरं, जविष्ठं, जरारहितम्, वेगवत्वर्तते। यथा षुसारथिरश्मिभिः अश्वान्नियमयति तथैव मनः मनुष्यान्नयति। तन्मे मनः मनन शीलं सत्शिव संकल्पं अस्तु। कल्याणेष्ट धर्म शुभ गुण प्रियमस्तु। मनः संयम्य नित्यं शिवसंकल्पे योजनीयम्।



# શતાબ્દી વંદના : પ્રા. ડો. જયંત પાઠક

- પ્રા. જગનભાઈ પટેલ (ગુજરાતી વિભાગ)

### શતાબ્દીથી ગુર્જરસાહિત્યાકાશમાં ચમકતા કવિ જયંત પાઠકનો
### શાબ્દિક પરિચય માણીએ...

**જન્મ : ૨૦/૧૦/૧૯૨૦ ગોઠ, રાજગઢ**
**મૃત્યુ : ૦૧/૦૯/૨૦૦૩ સુરત**

અનુગાંધી યુગના મૂર્ધન્ય સર્જક, કવિ ડૉ. જયંત હિમંતલાલ પાઠક ગુજરાતી સાહિત્યમાં ખૂબ જાણીતા છે. એમનો જન્મ પંચમહાલ જિલ્લામાં આવેલા રાજગઢ ગામમાં તા. 20/10/1920 ના રોજ થયો હતો. એમના માતાનું નામ ઈચ્છાબા. પિતા હિમંતરામ  જાણીતા રામ પાઠક . એમણે પ્રાથમિક શિક્ષણ વતનની શાળામાંથી પ્રાપ્ત કર્યું. પછી અંગ્રેજી પહેલા ધોરણનો અભ્યાસ કાલોલની યુ બેક ઍંગ્લો વર્નાક્યુલર સ્કુલમાંથી પ્રાપ્ત કર્યું. તેઓ ઈ.સ. 1938 માં મેટ્રિક થયા.

મેટ્રિક થયા બાદ સુરતની જાણીતી એમ.ટી.બી. આર્ટસ કોલેજ અઠવાલાઈન્સ, સુરતમાં ઉચ્ચ શિક્ષણનો આરંભ કર્યો. ઈ.સ. 1943 માં ગુજરાતી અને સંસ્કૃત વિષયો સાથે બી.એ. ની સ્નાતક પદવી પ્રાપ્ત કરી  હતી. ઈ.સ. ૧૯૪૩ થી ૧૯૪૫ ના સમયગાળામાં તેમણે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં અનુસ્નાતક અભ્યાસક્રમના અભ્યાસના વર્ગો ભરીને 1945 માં એમ.એ. ની ડિગ્રી મેળવી હતી. ઈ.સ. 1943 થી 1947 દરમ્યાન કરજણ, દાહોદ- હાલોલની માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે કામ કર્યું. એ સમય ગાળામાં જ 1945માં એમના  લગ્ન સૌભાગ્યવતી ભાનુબહેન સાથે થયેલાં.

શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ 1920 પછીની "ગુજરાતી કવિતાની સાંસ્કૃતિક ભૂમિકા : તેના પરિબળો અને સિદ્ધિ" એ વિશે તેમણે મહાનિબંધ લખી 1960 માં પી.એચ.ડી. ની ડીગ્રી પ્રાપ્ત કરી. તે ગ્રંથ સ્વરૂપે "આધુનિક કવિતા પ્રવાહ" ના નામે પ્રગટ થયો. ડૉ. જયંત પાઠકની એમની પોતાની માતૃસંસ્થા સુરતની જાણીતી એમ.ટી.બી. આર્ટસ કોલેજમાં ગુજરાતી ભાષા-સાહિત્યના અધ્યાપક પદે રહી વર્ષ 1953 સુધી ના સમયગાળામાં મુબંઈ, પુના, દિલ્હી જેવા દેશના મહાનગરોમાં શિક્ષણેત્તર વિવિધ સેવાઓ આપી હતી.

ઈ.સ. 1953 થી 1980 સુધીના સતત અઢી દાયકા ઉપરાંતના સુદીર્ઘ સમયગાળામાં સુરતની (એમ.ટી.બી.) કોલેજમાં અધ્યાપક પદે રહ્યા. ઈ.સ. 1980 માં નિવૃત્ત થયા. 'દક્ષિણા' અને 'સંસ્કૃતિ' સામયિકોમાં એમની કવિતાઓ છપાતી.

ડૉ. જયંત પાઠક, રાજેન્દ્ર – નિરંજન યુગના પણ પોતાની નિરાળી ચાલ ચાલનાર, સમર્થ  કવિ છે. ઈ.સ. 1954 થી 1996 સુધીમાં એમના અનેક કાવ્યસંગ્રહો પ્રગટ થતાં રહ્યાં. એમનો સર્વપ્રથમ કાવ્યસંગ્રહ 'મર્મર' 1954માં પ્રગટ થયો હતો. ત્યારબાદ 'સંકેત' 1960, 'વિસ્મય' 1964, 'સર્ગ' 1969, 'અનુનય' 1978 , 'વગડાનો શ્વાસ' (સુરેશ દલાલ સંપાદિત) 1978, 'કાવ્ય કોડલાં' ૧૯૮૧, 'મૃગજળ' 1983, 'સૂળી ઉપર સેજ' 1988, 'જયંત પાઠકના કાવ્યો; (ઉશનશ સંપાદિત) 1990 વગેરે વિવિધ એમના કાવ્ય સંગ્રહો છે. 'સંકેત','અંતરિક્ષ','અનુનય' માં કવિનું પ્રયોગ કૌશલ જોવા મળે છે. 'બે અક્ષર આનંદના' , 'મૃગયા' આ ઉપરાંત દ્રુતવિલંબિત કૃતિ છે. ડૉ. જયંતની કવિતામાં સ્ત્રી-પુરુષ પ્રેમ, વતનપ્રેમ, ભૂમિપ્રેમ અનેક પ્રકારના પ્રેમનો સમાવેશ થાય છે.  એમની પાસેથી આપણને સારી એવી સંખ્યામાં સફળ અને સુંદર પ્રેમકાવ્યો સાંપડ્યા છે. જયંત પાઠકના લઘુ બંધુ રમણભાઈ પાઠક રેશનાલિસ્ટ, બુદ્ધિવાદી તરીકે ગુજરાતમાં જાણીતા છે. સરોજબેન પાઠક પણ નવલકથાકાર તરીકે જાણીતા રહ્યાં છે.

**સાહિત્ય રચનાઓ** :- 'વનાંચલ સ્મરણકથા' (1967), 'તરુરાગ' (1987), 'આધુનિક કવિતા પ્રવાહ'(1963), 'આલોક'(1966), 'ટૂંકી વાર્તા: સ્વરૂપ અને સાહિત્ય' (1968), 'ઝવેરચંદ મેઘાણી'(૧૯૬૮), 'રામનારાયણ વિ.પાઠક' (૧૯૭૦), 'કાવ્યલોક' (1973), 'ભાવયિત્રી' (1974), 'કિમપિદ્રવ્યમ' (૧૯૭૮), 'અર્થાત્' (1997) વગેરે કાવ્યસંગ્રહો છે, ઉપરાંત અનુવાદ , સંપાદન ત્રીસ જેટલા પુસ્તકો તેમણે આપ્યાં છે. 'ક્ષણોમાં જીવું છું' એ શીર્ષક હેઠળ 1995 સુધીની તેમની કાવ્યરચનાઓ ગ્રંથસ્થ થઈ છે. 'ગુજરાતી ઊર્મિકાવ્યો' (1983) નું પણ એમણે સંપાદન કર્યું હતું.

**પ્રાપ્ત કરેલ વિવિધ પારિતોષિકો:-**

કવિતા ક્ષેત્રે ડૉ. જયંત પાઠકે કરેલા અંગત અને સત્વશીલ પ્રદાનને લક્ષમાં લઈને ગુજરાત સરકાર અને ભારત સરકારે વિવિધ એવોર્ડ્સથી નવાજેશ કરીને અવાર નવાર એમનું બહુમાન કર્યું છે.

1. 1983માં પ્રગટ થયેલા 'મૃગયા' કાવ્યસંગ્રહ ને ઉમાશંકર, સ્નેહરશ્મિ પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

૨. કવિતા ક્ષેત્રના એમના પ્રદાનને લક્ષમાં લઈને 'કુમાર' માસિકે એમને 1957માં 'કુમારચંદ્રક' ની નવાજેશ કરી હતી.

૩. ઈ.સ. 1964- 68 ના વર્ષ દરમ્યાન 'વનાંચલ' કૃતિને નર્મદ સુવર્ણચંદ્રક મળ્યો હતો.

૪. એમને 1988 માં ધનજી કાનજી સુવર્ણચંદ્રક એનાયત કરાયો. એમના 'શૂળી ઉપર સહેજ' કાવ્ય સંગ્રહ માટે. 'અનુનય' કાવ્યસંગ્રહને કવિ ન્હાનાલાલ પારિતોષિક નવાજવામાં આવ્યોહતો.

**અનુવાદો:-** રમણ પાઠકની સાથે એમણે 'ચેખોવનશ્રેષ્ઠ નવલિકાઓ' (1957), નો અનુવાદ આપ્યો છે. આ ઉપરાંત તેમણે સ્વતંત્ર રીતે 'ધીરે વહે છે દોન' (1961), 'ક્રાંતિની કથા' (1978), વગેરે અનુવાદો પણ આપ્યાં છે. ગાંધીયુગના જયંત પાઠકે અનુગાંધીયુગ,આધુનિક અને આધુનિકોત્તર યુગમાં સાહિત્ય સર્જન કરી પૂરતી પ્રયોગશીલતા દાખવી, ગદ્ય-પદ્યના ઊભય ક્ષેત્રે ઉલ્લેખનીય પ્રદાન કરી બહુમુખી પ્રતિભાવંત સારસ્વત તરીકે પોતાનું સ્થાન સુનિશ્ચિત કર્યું છે.

અંતે ,

'સરવાળો સત્કર્મનો, ગુણનો ગુણાકાર,
બાદબાકી બુરાઈની, ભ્રમનો ભાગાકાર.'



# કોરોના અને ભારતીય અર્થતંત્ર પર તેની અસર

- પ્રા. હેમાંગિનીબેન દેસાઈ (કોમર્સ વિભાગ)

સમગ્ર વિશ્વ આજે કોરોના વાયરસની સામે ઝઝૂમી રહ્યો છે. દુનિયાની લગભગ સમસ્ત માનવજાત પોતાના અસ્તિત્વની લડાઈ લડી રહ્યો છે. એક ભયાનક વાયરસ સમગ્ર વિશ્વને બાનમાં લઈ પોતાના ઈશારે માનવજાતિને પડકારી રહ્યો છે. હું જ સર્વોપરી, હું જ શ્રેષ્ઠ, હું કરું કે કહું તે જ સાચુ, આવો ઘમંડ ધરાવતો અને વર્તન કરતા માનવીને કોરોના વાયરસે તેનું સ્થાન બતાવી દીધું છે. એમ કહીએ તો ખોટું નથી. દુનિયામાં કહેવાતા સુધારેલા, વિકસિત અને અગ્રિમ હરોળના દેશો પૃથ્વી પર પોતાનું અસ્તિત્વ બચાવવા માટે હવાતિયા મારી રહ્યાં છે.

આપણો દેશ પણ આ મહામારીના ભરડામાં ભીંસાઈ ચૂક્યો છે. સરકારની દૂરંદેશી અને પ્રજાના સહકારથી આપણો દેશ થોડેઘણે અંશે આ વૈશ્વિક મહામારીને કાબૂમાં રાખવામાં સફળ થયો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોને સમગ્ર દેશમાં આકરું પગલું લેવાની ફરજ પડી હતી. લોકોને સરકાર દ્વારા ઘરમાં જ રહેવાની સૂચના આપવામાં આવી, જેનું મહદાંશે લોકો દ્વારા પાલન કરવામાં આવી રહ્યું છે. જો કે અમુક લોકો દ્વારા લોકડાઉનની અવગણના કરીને પોલીસ અને સરકારી તંત્રને મુશ્કેલીમાં મૂક્યા છે. દેશના તમામ ઉદ્યોગો, ધંધાઓ, સરકારની જાહેર પરિવહન સેવાઓ સંપૂર્ણપણે બંધ કરેલ છે. લગભગ બે માસથી આપણું અર્થતંત્ર લકવાગ્રસ્ત થઈ ગયું છે. આ જરૂરી ખરું ? જવાબ હા અને ના બંન્ને આવી શકે. જો દેશને લોકડાઉન ન કરાય અને ઉદ્યોગ ધંધાઓ, વેપાર, જાહેર સેવાઓ ચાલુ જ રહે તો કોરોના વાયરસ દેશના લાખો લોકોને મોતના મોંમા ઢકેલી દે. એ પણ કડવી વાસ્તવિકતા છે. સાથે લોકડાઉનને કારણે આર્થિક પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે ઠપ થઈ જતાં આપણું અર્થતંત્ર પથારીવશ થઈ ગયું છે, જેની સારવાર કેવી રીતે કરવી તે સરકાર અને પ્રજા માટે પણ મોટો કોયડો બની રહ્યો છે. અલબત, સરકારે અનેક આર્થિક પેકેજો જાહેર કર્યા છે. જીવન આવશ્યક વસ્તુઓના વેચાણની છૂટ આપી છે. એ રીતે થોડીક છૂટછાટો આપી અર્થતંત્રને શ્વસતું રાખવાનો પ્રયત્ન થયો છે. આ બધુ છતાં હવે પછી શું ? એ મોટો પ્રશ્ન છે. શું આપણું આવડું મોટું અર્થતંત્ર ફરી પાટે ચડી શકશે ? શું આપણા આર્થિક વૃધ્ધિદરમાં વધારો થશે ? આ મહામારી પહેલાં જે મંદીનું મોજું છવાયેલું હતું તે દૂર થશે ? આવા અનેક પ્રશ્નો સૌ કોઈને થઈ રહ્યાં છે. સરકાર તરફથી અને સરકાર વિરોધી નિષ્ણાંતો સામસામા છેડાના અભિપ્રાયો આપી રહ્યાં. છે.

આપણી સરકારે માનવજીંદગીને પ્રથમ પ્રાધાન્ય આપ્યું. અમેરિકા જેવા દેશે અર્થતંત્રને પ્રાધાન્ય આપ્યું. વાણિજ્યના અધ્યાપક તરીકે મારું માનવું છે કે આપણે અત્યંત નિરાશ થવાની જરૂર નથી. આટલી વિશાળ વસ્તી ધરાવતો આપણો ભારત દેશ જરૂર પોતાના સ્વબળે આગળ વધી શકશે. આપણું માનવબળ કુદરતની કૃપાથી અજબ સામર્થ્ય ધરાવે છે. જે એકવાર સક્રિય થયા પછી પાછું વળીને જોવાનું નથી. કાચા માલના અભાવે ઉત્પાદન પ્રક્રિયા અને વિતરણ વ્યવસ્થા ધીમી રહેશે, પરંતુ ધીમે ધીમે ગતિમાં આવશે તેમાં બે મત નથી.

આજના કપરા સંજોગોમાં એકબીજાને ધીરજ, સાથ – સહકાર અને હિંમત આપી ટકી જઈએ તો આવતી કાલ ચોક્કસ સોનેરી ઉગશે.

# પ્રવૃત્તિલોક

## સાંસ્કૃતિક સમિતિ

- પ્રા. ડૉ. રિયાઝભાઈ તાઈ

શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ & શ્રી ઈ.ઈ.એલ.કે.કોમર્સ કોલેજ સ્થાપનાનાં 50 વર્ષ પૂર્ણ કરી 51 માં વર્ષમાં પ્રવેશે છે. તેનાં ઉપક્રમે કોલેજે આ વર્ષે સુવર્ણ જયંતિ વર્ષ મનાવવાનું નક્કી કર્યું હતું. વર્ષનાં અંતે સુવર્ણ જયંતિનાં કાર્યક્રમની રંગેચંગે ઉજવણી થઈ હતી.

કોલેજની સાંસ્કૃતિક સમિતિએ આ કાર્યક્રમનાં ઉપક્રમે સક્રીય યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. જેમાં ચીખલી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનાં વિદ્યાર્થીઓએ સુંદર સ્વરમાં પ્રાર્થના પ્રસ્તુત કરી વાતાવરણને પાવન કરી દીધું હતું.

ત્યારબાદ કોલેજની વિદ્યાર્થીનીઓએ ગરબાની રમઝટ જમાવી હતી. ગરબાની પ્રસ્તુતિ એટલી સુંદર હતી કે પ્રેક્ષકોએ રોકડ ઈનામો આપી કલાકારની કલાની કદર કરી હતી. જેમાં કોલેજની 16 વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

એક ટ્રાયબલ બેલ્ટની કોલેજ તરીકે અમારી કોલેજે પોતાની એક આગવી ઓળખ યુનિ. કક્ષાએ પ્રાપ્ત કરી છે. આ કોલેજનો આરંભિક હેતુ પણ આ આદિવાસી વિસ્તારના લોકોને જ્ઞાનના પ્રકાશમાં લઈ જવાનો હતો.

અમારી કોલેજની આદિવાસી વિદ્યાર્થીનીઓએ 'ડાંગી નૃત્ય' રજૂ કરી આ કાર્યક્રમની સફળતામાં ચાર ચાંદ લગાવી દીધા હતાં. આ ડાંગી નૃત્યની પ્રસ્તુતિ એટલી અદભૂત અને મોહક હતી કે કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો, રાજકીય નેતાઓ, દર્શકો આફરીન પોકારી ઉઠ્યા હતાં. આ નૃત્ય વન્સમોરનું હકદાર બન્યું હતું. લોક લાગણીને માન આપી અમારી કોલેજની ઉર્જાથી ભરપૂર વિદ્યાર્થીનીઓએ બીજી વખત પણ સુંદર નૃત્ય પ્રસ્તુત કરી લોકોની દાદ મેળવી હતી. અંતમાં આ નૃત્યને રોકડ ઈનામ આપવા માટે ઘોડાપૂર આવ્યું હતું.

આ નૃત્યની તૈયારી માટે અમારી કોલેજની વિદ્યાર્થીની મનિષાના ગૃપે તનતોડ મહેનત કરી હતી. આ નૃત્યના ડ્રેસ અને વાંજિત્ર સંગીત માટે આદિવાસી સમાજના ભાઈ બહેનોની સક્રિય ભૂમિકાને કેમ ભૂલી શકાય? એમનો આભાર તો માનવો જ રહ્યો.

કોલેજમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનાં ભાગ રૂપે મનિષાએ સુંદર દેશભક્તિ ગીત રજૂ કરી વાતાવરણને રાષ્ટ્રમંચ બનાવી દીધું હતું.

સાંસ્કૃતિક કાર્યક્રમની સફળતા પાછળ કોલેજનાં આચાર્યા ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી દર્શનભાઈ દેસાઈ અને કોલેજ પરિવારના સભ્યો વગેરેના સહકાર અને માર્ગદર્શનની આ તબક્કે નોંધ લઈ આભાર માનું છું.

## પ્રવાસ સમિતિ

- પ્રા. ચેતનભાઈ પટેલ

શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ & શ્રી ઈ.ઈ.એલ.કે.કોમર્સ કોલેજ, ચીખલીમાં પ્રવાસ સમિતિ પણ કાર્યરત છે. પ્રવાસ સમિતિનાં ઉપક્રમે કોલેજમાં એક શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે લગભગ કોલેજનાં 60 જેટલાં વિદ્યાર્થીઓને કેવડિયા ખાતે આવેલ દુનિયાની સૌથી મોટી મૂર્તિ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ના પ્રવાસે ૦૨/૦૧/૨૦૨૦ ના દિવસે લઈ જવામાં આવ્યાં હતાં. ત્યારબાદ પોયચા ખાતે આવેલ પ્રસિધ્ધ સ્વામી નારાયણનાં મંદિરની પણ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી.


આ પ્રવાસની સફળતા માટે પ્રવાસ સમિતિના ચેરમેન પ્રા. ચેતનભાઈ ડી. પટેલે જહેમત ઉઠાવી હતી. લકઝરી બસનું આયોજન, નાસ્તા, જમવાની વ્યવસ્થા અભિનંદનને પાત્ર હતી. સવારે 5:00 વાગ્યે પ્રવાસની શરૂઆત કરી રાત્રે 10:00 વાગ્યે રંગેચંગે પૂર્ણાહુતિ કરી હતી.



આ પ્રવાસની સફળતા માટે કોલેજનાં સુકાની પ્રા. એફ. એચ. દેસાઈ અને કોલેજ પરિવારના સભ્યોનાં સહકારની નોંધ લઈ આભાર વ્યક્ત કરું છું.




# જીમખાના અહેવાલ (૨૦૧૮–૨૦)

**(૨૦૧૮–૧૯)** - પ્રા. ડૉ. જયમલભાઈ નાયક




- વર્ષ ૨૦૧૮-૧૯ માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. " ડી " ઝોન ઈન્ટર કોલેજ ક્રિકેટ ટુર્ના. માં સતત ત્રીજી વાર આપણી કોલેજની ક્રિકેટ ટીમ ચેમ્પિયન બની છે.
- વર્ષ ૨૦૧૮-૧૯ માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ઈન્ટર ઝોન ક્રિકેટ સ્પર્ધામાં ચીખલી કોલેજનાં ઈતિહાસમાં પ્રથમવાર કોલેજની ક્રિકેટ ટીમ ચેમ્પિયન બની છે. જેમાં કેપ્ટન ધ્રુમિલ દેસાઈ વાઈસ કેપ્ટન કરણ પટેલ તેમજ સમગ્ર ક્રિકેટ ટીમે ખૂબ જ પ્રસંશનીય દેખાવ કરેલ છે.
- ખોખો (બહેનો) :- ગુજરાત રાજ્ય સાઉથ ઝોન કોલેજ લીગ ખોખો સ્પર્ધા ૨૦૧૭ – ૧૮ નું આયોજન વ્યારા કોલેજ ખાતે ૨૦૧૮ – ૧૯ ના વર્ષમાં યોજવામાં આવ્યું હતું. જેમાં કોલેજની ખોખો (બહેનો) ની ટીમ રનર્સ અપ બની હતી અને ૭૫૦૦૦/- રોકડ ઈનામ જીતેલ છે.

| અનુ. નં | ફોટો | વિધાર્થીનું નામ | વર્ગ / રોલ નં. | રમત | સિધ્ધિઓ |
|---|---|---|---|---|---|
| ૧ |  | નરેશ બી. તુમડા | એફ.વાય. બી.એ. | આંતરરાષ્ટ્રીય બ્લાઈન્ડ ક્રિકેટ ખેલાડી | રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માં ભાગ લીધેલ છે.<br>1) વન ડે વર્લ્ડ કપ :- દુબઈ (2018)<br>2) ટી/20 સિરીઝ :- શ્રીલંકા (2018)<br>3) ટી/20 સિરીઝ :- ભારત (2018)<br>4) વેસ્ટ ઝોન સ્પર્ધામાં 4 વર્ષ ભાગ લીધેલ છે.<br>5) નેશનલક્રિકેટ સ્પર્ધામાં ગુજરાત રાજ્ય વતી 5 વર્ષ રમેલ છે. |
| ૨ |  | પટેલ પ્રિયંકા બી. | એમ.કોમ. - II | ખોખો | વેસ્ટઝોન આંતર યુનિ. સ્પર્ધામાં મહારાષ્ટ્ર યુનિ. જલગાંવ મૂકામે ભાગ લઈ યુનિ. ટીમનું પ્રતિનિધિત્વ ( કેપ્ટન) કરેલ છે. |
| ૩ |  | ગાયન નિરાલી એમ. | ટી. વાય. બી.એ. – 119 | ખોખો | વેસ્ટઝોન આંતર યુનિ. સ્પર્ધામાં મહારાષ્ટ્ર યુનિ. જલગાંવ મૂકામે ભાગ લઈ યુનિ. ટીમનું પ્રતિનિધિત્વ ( કેપ્ટન) કરેલ છે. |
| ૪ |  | પટેલ પ્રિયંકા બી. | એમ.કોમ. - II | એથ્લેટીક્સ | ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. એથ્લેટીક્સ ચેમ્પિયનશીપમાં મેંગલોર યુનિ.ખાતે ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે. |
| ૫ |  | પટેલ કાજલ બી. | એસ.વાય. બી.એ. – 202 | એથ્લેટીક્સ | ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. એથ્લેટીક્સ ચેમ્પિયનશીપમાં મેંગલોર યુનિ. ખાતે ભાગ લઈ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ |  | પટેલ<br>વિપુલ આર. | એફ.વાય.<br>બી.એ.-<br>275 | એથ્લેટીક્સ | ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. એથ્લેટીક્સ ચેમ્પિયનશીપમાં મેંગલોર યુનિ. ખાતે ભાગ લઈઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે. |
| ૭ |  | દેસાઈ<br>ધ્રુમિલ જે. | એફ.વાય.<br>બી.એ.<br>– 239 | ક્રિકેટ | વેસ્ટ ઝોન ઈન્ટર યુનિ. ક્રિકેટ ટુર્ના.માં સુરત વી.એન.એસ. જી. યુ. ખાતે ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે. |
| ૮ |  | રામાનંદી<br>જીતેન એ. | એફ.વાય.<br>બી.એ. –<br>267 | ક્રિકેટ | વેસ્ટ ઝોન ઈન્ટર યુનિ. ક્રિકેટ ટુર્ના.માં સુરત વી.એન.એસ. જી. યુ. ખાતે ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે. |
| ૯ |  | તાઈ સાહિલ<br>એસ. | એફ.વાય.<br>બી.એ. –<br>268 | કુસ્તી | ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. કુસ્તી ચેમ્પિયનશીપમાં ચૌધરી બંસીલાલ યુનિ. હરિયાણા મૂકામે ભાગ લઈ પ્રિ – ક્વાટર ફાઈનલમાં પ્રવેશ કરી પ્રસંશનીય દેખાવ કરેલ છે. |
| ૧૦ |  | રાઉત<br>શાંતિદાસ કે. | ટી.વાય.<br>બી.એ. -<br>100 | વોટરપોલો | ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. એકવેટીવ ચેમ્પિયનશીપમાં વોટરપોલો ઈવેન્ટમાં જૈન યુનિ. બેંગ્લોર ખાતે ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે. |
| ૧૧ |  | ડીસોઝા<br>રોમિયો<br>એફ. | એફ.વાય.<br>બી.એ. –<br>238 | બાસ્કેટબોલ | વેસ્ટ ઝોન ઈન્ટર યુનિ. બાસ્કેટબોલ ટુર્ના. માં ડૉ. બાબા સાહેબ આંબેડકર યુનિ. મરાઠવાડા ખાતે ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે. |
| ૧૨ |  | પટેલ<br>પ્રિયંકા બી. | એમ.કોમ.<br>- II | ૪૬ મો વીર<br>નર્મદ દ.ગુ.<br>યુનિ.<br>એથ્લેટીક્સ<br>રમતોત્સવ | ગોલ્ડ મેડલ :- 1) 400 મી. વિધ્ન દોડ<br>2) 4 X 100 મી રીલે દોડ<br>સિલ્વર મેડલ :- 1) 100 મી વિધ્ન દોડ<br>બ્રોન્ઝ મેડલ :- 1) લાંબી કૂદ<br>2) લંગડી ફાળ કૂદ<br>3) 100 મી. દોડ<br>4) 200 મી. દોડ |
| ૧૩ |  | પટેલ<br>વિપુલ આર. | એફ.વાય.<br>બી.એ.-<br>275 | ૪૬ મો વીર<br>નર્મદ દ.ગુ.<br>યુનિ. એથ્લેટીક્સ<br>રમતોત્સવ | ગોલ્ડ મેડલ :- 400 મી. વિધ્ન દોડ<br>સિલ્વરમેડલ :- 1) 100 મી વિધ્ન દોડ<br>2) 4 X 100 મી રીલે દોડ<br>3) 4 X 400 મી રીલે દોડ |


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪ |  | મુલ્લા ઈનામુલ એચ. | એસ.વાય. બી.એ. | ૪૬ મો વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સ રમતોત્સવ | સિલ્વરમેડલ - 1) 4 X 100 મી રીલે દોડ<br>2) 4 X 400મી રીલે દોડ<br>બ્રોન્ઝ મેડલ :- 1) લંગડી ફાળફૂદ<br>2) 4 X 400 મી રીલે દોડ |
| ૧૫ |  | પટેલ હિરેન એન. | ટી.વાય.બી.એ. - 76 | ૪૬ મો વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સ રમતોત્સવ | સિલ્વર મેડલ - 1) 4 X 400 મી રીલે દોડ<br>બ્રોન્ઝમેડલ :- 1) 800 મી. દોડ<br>2) 1500 મી. દોડ |
| ૧૬ |  | કોંકણી કાજલ બી. | એસ.વાય. બી.એ.- 202 | ૪૬ મો વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સ રમતોત્સવ | ગોલ્ડ મેડલ :- 1) 4 X 100મી રીલે દોડ<br>સિલ્વરમેડલ :- 2) લાંબી કૂદ |
| ૧૭ |  | ચૌધરી સુનિલ એસ. | એફ.વાય. બી.એ.- 170 | ૪૬ મો વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સ રમતોત્સવ | સિલ્વર મેડલ - 1) 4 X 400 મી રીલે દોડ<br>બ્રોન્ઝમેડલ :- 2) 110 મી. વિધ્ન દોડ |
| ૧૮ |  | પટેલ વૃષભ ડી. | ટી.વાય. બી.એ. - 88 | ૪૬ મો વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સ રમતોત્સવ | સિલ્વર મેડલ -<br>1) 4 X 100 મી રીલે દોડ<br>2) 4 X 400 મી રીલે દોડ |
| ૧૯ |  | ગાયન નિરાલી એમ. | ટી.વાય. બી.એ. - 119 | ૪૬ મો વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સ રમતોત્સવ | ગોલ્ડ મેડલ :-<br>1) 4 X 100 મી રીલે દોડ |
| ૨૦ |  | દેશમુખ કલ્પના જી. | એફ.વાય. બી.એ. - 200 | ૪૬ મો વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સ રમતોત્સવ | ગોલ્ડ મેડલ :-<br>1) 4 X 100 મી રીલે દોડ |
| ૨૧ |  | પટેલ અમીસ એ. | એસ.વાય. બી.એ. - 205 | ૪૬ મો વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સ રમતોત્સવ | સિલ્વર મેડલ -<br>1) 4 X 100 મી રીલે દોડ |
| ૨૨ |  | તાઈ સાહિલ એસ. | એફ.વાય. બી.એ. – 268 | વેઈટ લીફટીંગ | વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ઈન્ટર કોલેજ વેઈટ લીફટીંગ સ્પર્ધામાં ૧૦૦ પ્લસ વેઈટ કેટેગરીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. |


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩ |  | તાઈ સાહિલ એસ. | એફ.વાય. બી.એ. – 268 | પાવર લીફટીંગ | વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ઈન્ટર કોલેજ પાવરલીફટીંગ સ્પર્ધામાં ૧૦૦ પ્લસ વેઈટ કેટેગરીમાં પ્રથમ ક્મ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલછે. |
| ૨૪ |  | તાઈ સાહિલ એસ. | એફ.વાય. બી.એ. – 268 | જુડો | વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ઈન્ટર કોલેજ જુડો સ્પર્ધામાં પ્રથમ ક્મ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. |
| ૨૫ |  | તાઈ સાહિલ એસ. | એફ.વાય. બી.એ. – 268 | કુસ્તી | વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ઈન્ટર કોલેજ કુસ્તી સ્પર્ધામાં પ્રથમ ક્મ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. |
| ૨૬ |  | તલાવિયા પૂર્વેશ ડી. | એફ.વાય. બી.એ. | ટેકવોન્ડો | વીરનર્મદ દક્ષિ ગુજરાત યુનિ. ઈન્ટર કોલેજ ટેકવોન્ડો સ્પર્ધામાં નવયુગ કોલેજ સુરત મૂકામે ત્રીજો ક્મ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. |
| ૨૭ |  | પટેલ વિપુલ આર. | એફ.વાય. બી.એ.- 275 | ખેલમહાકુંભ રાજ્યકક્ષા | રાજ્ય કક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં પટેલ વિપુલ આર. અને મુલ્લા ઈનામુલ એચ. ફાઈનલ સ્પર્ધામાં 4 X 100 મી. રીલે દોડમાં ત્રીજો ક્મ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. |
| ૨૮ |  | મુલ્લા ઈનામુલ એચ. | એસ.વાય. બી.એ. | ખેલમહાકુંભ રાજ્યકક્ષા | રાજ્ય કક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં પટેલ વિપુલ આર. અને મુલ્લા ઈનામુલ એચ. ફાઈનલ સ્પર્ધામાં 4 X 100 મી. રીલે દોડમાં ત્રીજો ક્મ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. |
| ૨૯ |  | પટેલ પ્રિયંકા બી. | ( એમ. કોમ. – II ) | ખેલમહાકુંભ નવસારી જિલ્લા | 1) ગોલ્ડ મેડલ :- 200 મી. દોડ |
| ૩૦ |  | પટેલ હિરેન એન. | ટી.વાય. બી.એ. - 76 | ખેલમહાકુંભ નવસારી જિલ્લા | ગોલ્ડ મેડલ - 1) 200 મી. દોડ<br>2) 1500 મી. દોડ |


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧ |  | પટેલ<br>નિલેશ્વરી<br>એસ. | ટી.વાય.<br>બી.એ.<br>- 130 | ખેલમહાકુંભ<br>નવસારી<br>જિલ્લા | ગોલ્ડ મેડલ - 1) 1500 મી. દોડ<br>2) 3000 મી. દોડ |
| ૩૨ |  | કોંકણી<br>કાજલ બી. | એસ.વાય.<br>બી.એ.<br>- 202 | ખેલમહાકુંભ<br>નવસારી<br>જિલ્લા | 1) લાંબી કૂદ |
| ૩૩ |  | ગાયન<br>નિરાલી<br>એમ. | ટી.વાય.<br>બી.એ.<br>- 119 | ખેલમહાકુંભ<br>નવસારી<br>જિલ્લા | ગોલ્ડ મેડલ -<br>1) 100 મી. દોડસિલ્વર મેડલ<br>2) 400 મી. દોડ |
| ૩૪ |  | મુલ્લા<br>ઈનામુલ<br>એચ. | એસ.વાય.<br>બી.એ. | ખેલમહાકુંભ<br>નવસારી<br>જિલ્લા | ગોલ્ડ મેડલ -<br>1) લંગડી ફાળ કૂદ<br>બ્રોન્ઝમેડલ - 2) લાંબી કૂદ |
| ૩૫ |  | રાઠોડ<br>જ્યોતિ એસ. | એફ.વાય.<br>બી.એ.<br>- 237 | ખેલમહાકુંભ<br>નવસારી<br>જિલ્લા | સિલ્વર મેડલ -<br>1) 1500 મી. દોડ<br>બ્રોન્ઝ મેડલ :-<br>1) 800 મી. દોડ |
| ૩૬ |  | પટેલ<br>વિપુલ આર. | એફ.વાય.<br>બી.એ.<br>- 275 | ખેલમહાકુંભ<br>નવસારી<br>જિલ્લા | સિલ્વરમેડલ - 1) 400 મી દોડ |
| ૩૭ |  | પટેલ<br>વૃષભ ડી. | ટી.વાય.<br>બી.એ.<br>- 88 | ખેલમહાકુંભ<br>નવસારી<br>જિલ્લા | બ્રોન્ઝ મેડલ :- 1) 800 મી. દોડ |

## (૨૦૧૯–૨૦)

- વર્ષ ૨૦૧૯-૨૦ માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ' ડી ' ઝોન ઈન્ટરક્રિકેટ ટુર્ના.ની ફાઈનલ મેચમાં એસ.બી. ગાર્ડા કોલેજ નવસારીને હરાવી ચીખલી કોલેજ સતત ચોથી વાર ચેમ્પિયન ઓફ ધી ચેમ્પિયન બનેલ છે.
- ગુજરાત રાજ્ય સાઉથ ઝોન ખોખો લીગ 2018 – 19 નું આયોજન ૨૦૧૯-૨૦ માં વ્યારા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે થયું. જેમાં સતત બીજીવાર ચીખલી કોલેજની ખોખો ( બહેનો) ની ટીમ રનર્સ – અપ બનેલ છે જેઓને ૭૫૦૦૦/- રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ |  | તાઈ સાહિલ એસ. | એફ.વાય. બી.એ. – 268 | કુસ્તી | ઓલઈન્ડિયા ઈન્ટર યુનિ.કુસ્તી સ્પર્ધામાં ચૌધરી બંસીલાલ યુનિ. હરિયાણા ખાતે ભાગ લઈ પ્રસંશનીય દેખાવ કરેલ છે. |
| ૨ |  | તાઈ સાહિલ એસ. | એફ.વાય. બી.એ. – 268 | વેઈટ લીફટીંગ | ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ વેઈટ લીફટીંગ સ્પર્ધામાં ચંદીગઢ યુનિ. મોહાલી ખાતે ભાગ લઈ પ્રસંશનીય દેખાવ કરેલ છે. |
| ૩ |  | દેસાઈ ધ્રુમિલ જે. | એફ.વાય. બી.એ. –138 | ક્રિકેટ | વેસ્ટઝોન ઈન્ટર યુનિ ક્રિકેટ સ્પર્ધામાં ITM યુનિ. ગ્વાલિયર મુકામે ભાગ લઈ પ્રસંશનીય દેખાવ કરેલ છે. |
| ૪ |  | બારોટ લકી ડી. | એફ.વાય. બી.એ. - 279 | ક્રિકેટ | વેસ્ટઝોન ઈન્ટર યુનિ ક્રિકેટ સ્પર્ધામાં ITM યુનિ. ગ્વાલિયર મુકામે ભાગ લઈ પ્રસંશનીય દેખાવ કરેલ છે. |
| ૫ |  | પટેલ લેટેસ્ટ એચ. | એફ.વાય. બી.એ. –149 | ક્રિકેટ | વેસ્ટઝોન ઈન્ટર યુનિ ક્રિકેટ સ્પર્ધામાં ITM યુનિ. ગ્વાલિયર મુકામે ભાગ લઈ પ્રસંશનીય દેખાવ કરેલ છે. |
| ૬ |  | ગાયન નિરાલી એમ. | એમ.એ. - I | ખો – ખો | વેસ્ટઝોન ઈન્ટર યુનિ ખો – ખોસ્પર્ધામાં પંજાબ રાવ દેશમુખ કૃષિ વિદ્યાપીઠ, અકોલા ખાતે ભાગ લઈ પ્રસંશનીય દેખાવ કરેલ છે. |
| ૭ |  | રાઠોડ જ્યોતિ એસ. | એફ.વાય. બી.એ. -૨૩૭ | ક્રોસ કન્ટ્રી રેસ | ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ ક્રોસ કન્ટ્રી રેસ ( 10 કિ.મી.) માં આંધ્ર પ્રદેશ ખાતે ભાગ લઈ પ્રસંશનીય દેખાવ કરેલ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ |  | ખલીફા અરબાઝ આઈ. | એફ.વાય. બી.એ. – 349 | ટેબલ ટેનિસ | વેસ્ટઝોન ઈન્ટર યુનિ ટેબલ ટેનિસ સ્પર્ધામાં વૈષ્ણવ વિદ્યાપીઠ ઈન્દોર ખાતે ભાગ ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચી ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે. |
| ૯ |  | સુર્યવંશી શીલા એસ. | એફ.વાય. બી.એ. – 194 | ફુટબોલ | વેસ્ટઝોન ઈન્ટર યુનિ ફુટબોલ સ્પર્ધામાં રાણીદુર્ગાવતી યુનિ. ભોપાલ ખાતે ભાગ લઈ પ્રસંશનીય દેખાવ કરેલ છે. |
| ૧૦ |  | તાઈ સાહિલ એસ. | એફ.વાય. બી.એ. – 268 | કુસ્તી | વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ઈન્ટર કોલેજ કુસ્તી સ્પર્ધામાં એસ.એસ.અગ્રવાલ કોલેજ નવસારી ખાતે ભાગ લઈ પ્રથમ ક્રમ પ્રાપ્તકરી ગોલ્ડ મેડલ મેળવેલ છે. |
| ૧૧ |  | તાઈ સાહિલ એસ. | એફ.વાય. બી.એ. – 268 | વેઈટ લીફટીંગ | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ઈન્ટર કોલેજ વેઈટ લીફટીંગ સ્પર્ધામાં અંબાબા કોમર્સ કોલેજ સાબરગામ ખાતે ભાગ લઈ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવેલ છે. |
| ૧૨ |  | તાઈ સાહિલ એસ. | એફ.વાય. બી.એ. – 268 | પાવર લીફટીંગ | વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ઈન્ટર કોલેજ પાવર લીફટીંગ સ્પર્ધામાં નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ નવસારી ખાતે ભાગ લઈ બીજો ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ મેળવેલ છે. |
| ૧૩ |  | તુમડા નરેશ બી. | એફ.વાય. બી.એ. | આંતર રાષ્ટ્રીય બ્લાઈન્ડ ક્રિકેટ ખેલાડી | 1) નેશનલ બ્લાઈન્ડ ક્રિકેટ ટુર્ના. સીયારામ કપ – મુંબઈ 2019 મેન ઓફ ધી સીરીઝ અને બેસ્ટમેન<br>2) બ્લાઈન્ડ ક્રિકેટ ટુર્ના. 2020 ( લાયન્સક્લબ વડોદરા અને એસો. ઓફ બ્લાઈન્ડ વડોદરા) મેન ઓફ ધી મેચ , બેસ્ટ બોલર |
| ૧૪ |  | તુમડા નરેશ બી. | એફ.વાય. બી.એ. | પેરા એથ્લેટીક્સ | ગુજરાત પેરા એથ્લેટીક્સ ચેમ્પિયનશીપ નડિયાદ ખાતે ભાગ લીધો હતો. જેમાં સિલ્વર મેડલ :- 1) 100 મી. દોડ<br>2) 200 મી. દોડ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ |  | ગવળી રીના ડી. | એફ.વાય. બી.એ. – 348 | ૪૭ મો વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સ રમતોત્સવ | સિલ્વર મેડલ :- ચક્રફેંક<br>બ્રોન્ઝમેડલ :- 4 x 400 રીલે દોડ |
| ૧૬ |  | પટેલ બ્રિજેશ એચ. | એફ.વાય. બી.એ. – 365 | ૪૭ મો વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સ રમતોત્સવ | સિલ્વર મેડલ :- બરછીફેંક |
| ૧૭ |  | રાઠોડ જ્યોતિ એસ. | એસ.વાય. બી.એ. – 207 | ૪૭ મો વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સ રમતોત્સવ | બ્રોન્ઝમેડલ :- 4 x 400 રીલે દોડ |
| ૧૮ |  | સુર્યવંશી શીલા એસ. | એફ..વાય. બી.એ. – 194 | ૪૭ મો વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સ રમતોત્સવ | બ્રોન્ઝમેડલ :- 4 x 400 રીલે દોડ |
| ૧૯ |  | દેશમુખ કલ્પના જી. | એસ.વાય. બી.એ. – 123 | ૪૭ મો વીર નર્મદ દ.ગુ. યુનિ. એથ્લેટીક્સ રમતોત્સવ | બ્રોન્ઝમેડલ :- 4 x 400 રીલે દોડ |
| ૨૦ |  | કોંકણી કાજલ બી. | એસ.વાય. બી.એ. - 202 | ખેલ મહાકુંભ એથ્લેટીક્સ નવસારી જિલ્લા | ગોલ્ડમેડલ :- લાંબી કૂદ<br>સિલ્વર મેડલ :- લંગડીફાળ કૂદ |
| ૨૧ |  | રાઠોડ જ્યોતિ એસ. | એસ.વાય. બી.એ. – 207 | ખેલ મહાકુંભ એથ્લેટીક્સ નવસારી જિલ્લા | ગોલ્ડમેડલ :- 1500 મી. દોડ<br>સિલ્વર મેડલ :- 800 મી. દોડ |
| ૨૨ |  | પટેલ નિલેશ્વરી એસ. | એમ.એ. – I | ખેલ મહાકુંભ એથ્લેટીક્સ નવસારી જિલ્લા | બ્રોન્ઝમેડલ :- 3000 મી. દોડ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩ |  | ગાવીત રૂપેશ ડી. | ટી.વાય. બી.એ. - 112 | ખેલ મહાકુંભ એથ્લેટીક્સ નવસારી જિલ્લા | બ્રોન્ઝમેડલ :- 1500 મી. દોડ |
| ૨૪ |  | ગવળી રીના ડી. | એફ.વાય. બી.એ. – 348 | ખેલ મહાકુંભ નવસારી જિલ્લા | ડાંગજિલ્લા ખેલ મહાકુંભમાં 3 કિ.મી.દોડ માં ગોલ્ડ મેડલ અને લંગડી ફાળફૂદમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. |
| ૨૫ |  | તુમડા નરેશ બી. | એફ.વાય. બી.એ. | સ્પેશિયલ ખેલ મહાકુંભ નવસારી જિલ્લા | સ્પેશિયલ ખેલ મહાકુંભમાં નવસારી જિલ્લા કક્ષાએ 100 મી. દોડ અને બરછી ફેંકમાં ગોલ્ડ મેડલ  પ્રાપ્ત કરેલ છે. |

"Speed is the essence of any sport"

- P T Usha

"Never buy gold simply earn it"

- Mary Kom

"Hard work, will power and dedication

for a man with these qualities, the sky is the limit."

- Milkha singh

# રાષ્ટ્રીય સેવા યોજનાનો વાર્ષિક અહેવાલ (૨૦૧૮–૨૦૨૦)

- પ્રા. અશોકભાઈ પટેલ

પ્રા. હેમાંગિનીબેન દેસાઈ

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન NSS ના બે યુનિટમાં ૨૦૦ સ્વયંસેવકો જોડાયા હતા.

FYBA / FYBCOM = 89  SYBA / SYBCOM = 65  TYBA / TYBCOM = 46

શ્રી એમ.આર.ડી.આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ.એલ.કે. કોમર્સ કોલેજ ચીખલીમાં " રાષ્ટ્રીય સેવા યોજના " **[ NSS ]**" કાર્યરત છે. આ વિભાગ અંતર્ગત દર વર્ષે સમાજલક્ષી તેમજ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ થતી રહે છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન નીચે મુજબની પ્રવૃત્તિઓ કરવામાં આવેલ છે.

(૧) સ્વાતંત્ર્યદિનની ઉજવણી :- તા. ૧૫ મી ઑગષ્ટના રોજ કોલેજ પરિસરમાં ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં *NSS* ના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો રજૂ કરવામાં આવ્યાં હતાં.

(૨) તા. ૦૬/૦૯/૨૦૧૮ થી ૧૨/૦૯/૨૦૧૮ ના સમયગાળા માટે નહેરુ યુવા કેન્દ્ર નવસારી દ્વારા યોજાયેલ **"LIFE SKILL EDUCATION CAMP"** માં **NSS** ના ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

(૩) યોગદિનની ઉજવણી :- વિશ્વયોગદિનની ઉજવણીમાં *NSS* ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

(૪) મહાત્મા ગાંધી જયંતીની ઉજવણી :- ૨ જી ઑક્ટોબરના રોજ "સ્વચ્છતા અભિયાન" અંતર્ગત કોલેજ કેમ્પસની સફાઈ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી.

(૫) સરદાર વલ્લભભાઈ પટેલ જયંતી :- તા. ૩૧/૧૦/૨૦૧૮ ના રોજ કોલેજના એન. એસ. એસ. ના વિદ્યાર્થીઓ માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સરદાર પટેલના જીવન ચરિત્ર વિશે વિદ્યાર્થીઓને વીડિયો ફિલ્મ દર્શાવવામાં આવી. તેમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

( ૬ ) શારદા ફાઉન્ડેશન દ્વારા આયોજીત રામકથા :- રામકથા કાર્યક્રમમાં **NSS** ના વિદ્યાર્થીઓએ સ્વયંસેવક તરીકે ફરજ બજાવી હતી.( ૭ ) મતદાતા જાગૃતિ અભિયાન :-

૨૫ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ યુવા મતદારોને મતદાનનું મહત્વ વિશે માહિતગાર કરવા અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન તા. ૧૨/૦૩/૨૦૧૯ થી ૧૭/૦૩/૨૦૧૯ દરમિયાન કેમ્પનું આયોજન ગડત મુકામે (તા. ગણદેવી, જી. નવસારી) કરવામાં આવ્યું. કેમ્પનાં આયોજનમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી દર્શનભાઈ, સોનલબેન , સિનિયર ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ તથા સંસ્થાના વડા શ્રીમતી ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ દ્વારા અમોને ખૂબજ સુંદર માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કર્યા તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. ધી અંબિકા હાઈસ્કૂલ ગડત દ્વારા રહેવાની સુંદર સગવડ કરવામાં આવી. વિવિધ કાર્યકારી સહકારી મંડળી દ્વારા જમવાની ખૂબ જ સુંદર વ્યવસ્થા કરવામાં આવી.

શિબિર દરમિયાન શિબિરાર્થીઓ દ્વારા અંબિકા હાઈસ્કૂલ ગડત, વિવિધ કાર્યકારી સહકારી મંડળી તથા ગામની સુંદર સફાઈ કરવામાં આવી.

શિબિર દરમિયાન વક્તાશ્રી ડૉ. જય વશી, શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલયનાં આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયક, આર્ટ ઓફ લિવિંગના યોગ શિક્ષક શ્રી અભિષેક મહેતા, સમર્પણ પરિવાર નવસારીના શ્રીમતી શશીકલાબહેન ટંડેલ, જયાબહેન સોલંકી તથા ગણદેવી આચાર્ય તરીકે ફરજ બજાવતા શ્રી દિપકભાઈ પટેલ તથા યોગ શિક્ષક હરીશભાઈ પટેલ વગેરે વિવિધ સમયે હાજર રહીને શિબિરાર્થી વિદ્યાર્થી ભાઈઓ - બહેનોને પ્રોત્સાહિત કર્યા તે બદલ તેમના હમો ખૂબ ઋણી છે.

શિબિર દરમિયાન ગડત સ્કૂલ, સહકારી કાર્યકારી મંડળીના ઈતિહાસ અને પ્રગતિ તથા કામગીરી અંગે ખૂબ જ સુંદર માહિતી આપવામાં આવી. તે ઉપરાંત ગડત પિયત મંડળી, ઐતિહાસિક કામેશ્વર મહાદેવ મંદિર વગેરેની મુલાકાત લઈ તે વિશે પણ શિબિરાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યાં. શિબિર દરમિયાન વિદ્યાર્થી ભાઈઓ -બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું.

શિબિર દરમિયાન સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી દર્શનભાઈ દેસાઈ, આચાર્યશ્રી ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ તથા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફે હાજર રહી અમોને જે પ્રોત્સાહન આપવામાં આવ્યું તે બદલ તેમના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

શૈક્ષણિક વર્ષ 2019 - 20 દરમિયાન એન.એસ.એસ. ના બે યુનિટમાં 200 સ્વયંસેવકો જોડાયા હતા.

| વર્ગ | વિદ્યાર્થીઓનીસંખ્યા |
|---|---|
| એફ વાય બી એ - એફ વાય બી કોમ | 103 |
| એસ વાય બી એ - એસ વાય બી કોમ | 58 |
| ટી.વા.બી.એ. એ - ટી વાય બી કોમ | 39 |
| કુલ | **200** |

શ્રીએમ.આર.ડી. આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ.એલ.કે. કોમર્સ કોલેજ ચીખલીમાં રાષ્ટ્રીય સેવા યોજના NSS કાર્યરત છે આ વિભાગ અંતર્ગત દર વર્ષે સમાજલક્ષી તેમજ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસની વિવિધ પ્રવૃતિઓ થતી રહે છે. 2019-20 દરમિયાન નીચે મુજબની પ્રવૃત્તિઓ કરવામાં આવેલ છે.

**આંતરરાષ્ટીય યોગ દિવસની ઉજવણી :-**

કોલેજમાં તા.૨૧/૦૬/૨૦૧૯ના રોજ આંતરરાષ્ટીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મળી કુલ 67 લોકો હાજર રહ્યા હતા. "આપણું શરીર આપણી મૂડી" આ વાક્યને ખરા અર્થમાં અમલમાં મુકવા માટે યોગ કરવા ખુબ જ જરૂરી છે. આજના પ્રદૂષણયુક્ત વાતાવરણમાં મનુષ્યને શરીરરૂપી મૂડીને સાચવવા માટે આટલું કરવું જોઇએ. જે આજના કાર્યક્રમમાં જોડાયેલા દરેકમાં જોઈ શકાતું હતું. આમ યોગા દિનની ઉજવણી સફળ બનાવી શક્યા.

તા. ૧૫મી ઓગસ્ટના રોજ કોલેજ પરિસરમાં ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. NSS ના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિગીતો રજૂ કરવામાં આવ્યા. રાષ્ટ્રીયપર્વમાં ઉત્સાહપૂર્વક NSS નાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

(3) FIT INDIA MOVEMENT

શ્રી એમ આર ડી આર્ટસ & શ્રી ઈ ઈ એલ કે કૉમર્સ કૉલેજ ચીખલી જિ. નવસારી અંતર્ગત NSS વિભાગ દ્વારા ખેલ દિવસ પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી ના આહ્વાનને યુવાનો સુધી પહોંચાડવા માટે આદરણીય મેનેજિંગ ટ્રસ્ટી શ્રી દર્શનભાઈ એ. દેસાઇ ની અધ્યક્ષતામાં fit india Movement કાર્યક્રમ દિલ્હીથી લાઈવ પ્રસારણમાં NSS ના 225 વિદ્યાર્થીઓ સાથે મળીને કાર્યક્રમ નિહાળ્યો. કાર્યક્રમમાં આદરણીય મેનેજિંગ ટ્રસ્ટી શ્રી દર્શનભાઈ એ. દેસાઈએ યુવાઓને ઉદબોધન કરતા નિયમિત વિવિધ રમતો સાથે જોડાવા આહવાન કર્યુ. તેમણે કહયું કે નિયમિત કસરત કરો અને સ્વસ્થ રહો. કૉલેજના તમામ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શરીરનો પોતાના સમાજ અને રાષ્ટ્ર માટેનો ઉપયોગ કરો. હાજર રહેનારા તેમણે વિવિધ રમતોમાં યુવાનો આગળ વધે તે માટે કૉલેજ કેમ્પસમાં રમતોના મેદાન, સાધનો માટે આવશ્યક પ્રયાસ કર્યા છે. તે માટે વિવિધ રમતોના માર્ગદર્શક { કોચ } પણ ઉપલબ્ધ છે યુવાનોને નિયમિત જીવનમાં કસરત અને તેના ફાયદા વિષય પર વિસ્તૃત વાત કરી આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી ના ફીટ ઇન્ડિયા મુવમેન્ટને કૉલેજના યુવાનો દ્વારા પ્રત્યેક યુવા એમ્બેસેડર બનીને જન આંદોલન બનાવે તે માટે યુવાનોને આહવાન કર્યું. કાર્યક્રમનું લાઇવ પ્રસારણ પ્રધાનમંત્રીશ્રીનુ ઉદબોધન બધાએ સાથે બેસીને સાંભળ્યું અને આગામી દિવસોમાં કૉલેજ સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે fit India movement ને લઈને વિવિધ કાર્યક્રમો કરવાનું કૉલેજે નક્કી કર્યું હતુ.

(4) ગાંધી જયંતિની ઉજવણી બીજી ઓક્ટોબરના રોજ સ્વચ્છતા અભિયાન અંતર્ગત કોલેજ કેમ્પસની સફાઈ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી.

(5) એન.એસ.એસ.ઓરીએન્ટેશન : તા. 14/10/2019 થી૧૬/૧૦/૨૦૧૯ દરમિયાન નવાપ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને એન.એસ.એસ ની સંપૂર્ણ માહિતી આપવામાં આવી. જેમાં એન.એસ.એસની જરૂરીઆત, ધ્યેયો, સિધ્ધાંતો, પ્રતીકો, મહત્વ, વિદ્યાર્થીના જીવનમાં અને સમાજમાં તેની ઉપયોગીતા વગેરે ઉડાણપૂર્વક સમજાવવામાં આવ્યું.

(6) સરદાર વલ્લભભાઈ પટેલ જયંતિ 31 /10 /2019 ના રોજ કોલેજના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સરદાર પટેલના જીવનચરિત્ર વિષે વિદ્યાર્થીઓને વિડિયો ફિલ્મ દર્શાવવામાં આવી તેમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

(7) મતદાતા જાગૃતિ અભિયાન 2020 યુવા મતદારોને જાગૃત કરવા મતદાનના મહત્વ વિશે માહિતગાર કરવા અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

(8) એઈડ્સ જાગૃતિ :- તા-૧-૧૨-૨૦૧૯ ના રોજ વિશ્વ એઇડ્સ દિવસની ઉજવણી નિમિતે વિદ્યાર્થીઓને એઈડ્સ અને ટી.બી. વિશે વિગતે જાણકારી આપવામાં આવી હતી. જેમાં કુલ ૭૧ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

(9) શૈક્ષણિકવર્ષ 2019 -20 દરમિયાન શ્રી એમ.આર.ડી. આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ.એલ.કે. કોમર્સ કૉલેજ ચીખલી ઉપક્રમે કેમ્પનું

આયોજન તા. 09/12/2019 થી 15/12/2019 નાં સમય દરમિયાન **શાંતાબા વિધામંદિર, વાત્સલ્યધામ**, તા. ચીખલી , જિ. નવસારી ખાતે થયું હતું. જેમાં નીચે મુજબ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

(૧) શિબિર દરમ્યાન હાથ ધરવામાં આવેલ કાર્યક્રમની વિગત:

(૧) શાંતાબા વિધામંદિર , વાત્સલ્યધામ કેમ્પસની સફાઈ (૨) રસ્તામાં પાણી નિકાલ માટે નાળા નાખ્યા .

(૩) ખેતરમાં જુવારનાં વાવેતર માટે પાળા બનાવ્યા (૪) પાણી બચાવો સબંધી જાણકારી ગ્રામલોકોને આપી

(૫) ખેતી માર્ગદર્શન (૬) રસોઇ સ્પર્ધા (૭) રોજગારલક્ષી માર્ગદર્શન

(૮) શેરડી વાવેતર તથા વેચાણ સબંધી માહિતી પ્રાપ્ત કરી (૯) એઈડ્સ જાગૃતિ કાર્યક્રમ

(૧૦) એન.એસ.એસ. ની ઉપયોગીતાનું જીવનમાં મહત્વ

(૧૧) ધ્યાન, યોગ પ્રાણાયામ દ્વારા આરોગ્યની જાળવણી માટે ફાયદાકારક ઉપાયો શીખવવામાં આવ્યા.

(૧૨) રોજે–રોજ પ્રભાત ફેરીમાં સ્વચ્છતા અને સમાજિક સમરસતા અંતર્ગત નારા અને ભજનોની રમઝટ બોલાવી ગ્રામજનોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા.

(૧૩) દરરોજ બપોરે ૩ થી ૫ દરમ્યાન બૌદ્ધિક જ્ઞાન પીરસવામાં માટે જુદા-જુદા તજજ્ઞોએ સેવા પૂરી પાડી.

(૧૪) રોજે–રોજ રાત્રિસભામાં સાંસ્કૃતિક મનોરંજન કાર્યક્રમો ગ્રામજનો સમક્ષ રજુ કરી ભારતીય સંસ્કૃતિની પરંપરાને ઉજાગર કરવામાં આવી.

(૧૫) ગામના અતિ ગરીબ કુટુંબો, નિરક્ષર અને શિક્ષિત બેરોજગારોનું સર્વેક્ષણ કાર્ય હાથ ધરી જાગરૂકતા લાવવા પ્રયત્નો કરવામાં આવ્યા.

(૧૬) કુકેરી ગામના દરેક ફળિયામાં લોકોને મતદાર યાદીમાં નવા નામ નોંધાવવા અને મતદાર યાદીમાં રહેલ ભૂલ સુધારવા માટે સમજ આપવામાં આવી.

(૧૭) ચીખલી કોલેજના પચાસ વર્ષ પૂરા થયાની ખુશીમાં ચીખલી કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન રાખવામાં આવ્યું હતું. ગ્રામના સરપંચ, ગ્રામ પંચાયતના કમિટિ સભ્યો, સમાજિક કાર્યકર્તાઓની અને સ્કૂલના આચાર્યશ્રી તેમજ તેમના સ્ટાફગણની રૂબરૂ મુલાકાતો કરવામાંઆવી.

(૧૮) પ્રસ્તુત શિબિર થકી કુકેરી ગામમાં જે કાર્યો આજ દિન સુધી હાથ ધરવામાં આવ્યા ન હતા તે કાર્યો થયા.

૧. ગ્રામ્યસ્વચ્છતા અંગેની સભાનતા આવી ૨. રોજગારલક્ષી માર્ગદર્શન પ્રાપ્ત થયું

૩. જીવનમાં શિક્ષણનું મહત્વ સમજાયું ૪. સામુહિક એકતાની ભાવના વિકાસ પામી.

૫. વ્યશનની ખરાબ અસરોની જાણકારી પ્રાપ્ત થઈ ૬. એઈડ્સ અંગે જાણકારી પ્રાપ્ત થઈ

૭. સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી

(10) શ્રી એમ.આર.ડી. આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ.એલ.કે. કોમર્સ કૉલેજ ચીખલી, જિ. નવસારીમાં આજ રોજ તા. 21/01/2020 રાષ્ટ્રીય સેવા યોજના અને યુવામંચનાં ઉપક્રમે સ્વામી વિવેકાનંદ જન્મજયંતી નિમિત્તે વિચાર ગોષ્ઠિ સંદર્ભે રાષ્ટ્રીયકાર્યની આધ્યાત્મિક સાધના વિષય ઉપર વ્યાખ્યાનનું સુંદર આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી સંજયભાઈ એ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. સ્વામી વિવેકાનંદના જીવનચરિત્ર અને જીવનના પ્રસંગો વિશે પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં ઘણી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફના સભ્યો તેમાં ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્કૃતના અધ્યાપક. સી.ડી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતુ. વક્તાનું પુષ્પગુચ્છથી પ્રા. ડૉ. નયનાબેનના હાથે સ્વાગત કર્યુ હતુ. વક્તાનો પરિચય એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.એચ.એન. દેસાઈ દ્વારા કરવામાં આવ્યો હતો. આભાર વિધિ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.એ.સી.પટેલ દ્વારા કરવામાં આવી હતી.

(11) કૉલેજમાં સાફસફાઈ - શ્રીએમ.આર.ડી. આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ.એલ.કે. કોમર્સ કૉલેજ ચીખલી, જિ. નવસારીમાં આજ રોજ તા. 22/01/2020 રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે કૉલેજમાં સાફસફાઈનું કાર્ય કરવામાં આવ્યું. જેમાં એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

(12) સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતી - શ્રીએમ.આર.ડી. આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ.એલ.કે. કોમર્સ કૉલેજ ચીખલી, જિ. નવસારીમાં આજરોજ તા. 23/01/2020 રાષ્ટ્રીય સેવા યોજના ઉપક્રમે કૉલેજમાં સુભાષચંદ્ર બોઝની 123 મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રા.આઈ.બી. પટેલે સુભાષચંદ્ર બોઝના જીવનચરિત્ર અને જીવનના પ્રસંગો

વિશે પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં એન.એસ.એસ. ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

(13) બેટી બચાવો - શ્રીએમ.આર.ડી. આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ.એલ.કે. કોમર્સ કૉલેજ ચીખલી, જિ. નવસારીમાં આજરોજ તા. 24/01/2020 રાષ્ટ્રીય સેવા યોજના ઉપક્રમે કૉલેજમાં બેટી બચાવો વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સંસ્કૃત વિષયના અધ્યાપક પ્રા.સી.ડી.પટેલની પ્રેરક રજૂઆત દ્વારા સામાજીક જાગૃતિ લાવી જન-ચેતના જાગે એવો પ્રયાસ થયો.

(14) રાષ્ટ્રીય મતદાતા દિવસ - શ્રી એમ.આર.ડી. આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ.એલ.કે. કોમર્સ કૉલેજ ચીખલી, જિ. નવસારીમાં આજરોજ તા. 25/01/2020 રાષ્ટ્રીય સેવા યોજના ઉપક્રમે કૉલેજમાં રાષ્ટ્રીય મતદાતા દિવસે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રા. એ.સી. પટેલ દ્વારા મતદારયાદી સુધારણા અને મતદાન માટે નાગરિકોને જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવ્યા હતા.

(15) 26 મી જાન્યુઆરીની ઉજવણી - શ્રી એમ.આર.ડી. આર્ટસ એન્ડ શ્રી ઈ.ઈ.એલ.કે. કોમર્સ કૉલેજ ચીખલી, જિ. નવસારીમાં તા. 26/01/2020 કૉલેજમાં રાષ્ટ્રીય પર્વ 26મી જાન્યુઆરીની ઉજવણી કરવામાં આવી જેમાં મોટી સંખ્યામાં એન.એસ.એસ. ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

(16) તા. ૨૦/1/20 મહિલા સુરક્ષાની તાલીમ 73 બહેનોને આપવામાં આવી.

# ઉદિશા સેલ અને પ્લેસમેન્ટ ફેર

- પ્રા. ચેતનભાઈ પટેલ

તા. ૩૧/૦૮/૨૦૧૮ ના રોજ આપણી કોલેજમાં નારાણલાલા કોલેજના ડૉ. વિશાલ માળીનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જેમાં " પસંદગી સમિતિમાં જવા માટે વિદ્યાર્થીઓએ કેળવવાના કૌશલ્ય અને હકારાત્મક વલણ" વિષય પર સુંદર અને રોચક શૈલીમાં વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કેસીજી અને કોલેજનાં સંયુક્ત ઉપક્રમે ઉદિશા સેલ કાર્યરત છે. આ વર્ષે પણ ગુજરાત સરકાર દ્વારા આયોજિત મેગા પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ત્રીજા વર્ષનાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનાં 33 વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટનાં કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ઉદિશા સેલનાં સંયોજક પ્રા. ચેતનભાઈ ડી. પટેલે નવસારી મુકામે યોજાયેલ મીટિંગોમાં ભાગ લીધો હતો. તા. 14 મી ફેબ્રુઆરીએ યોજાયેલ મેગા પ્લેસમેન્ટ કાર્યક્રમમાં નવસારીની ગાર્ડા કોલેજ ખાતે બસની વ્યવસ્થા કરી વિદ્યાર્થીઓનાં ભવિષ્યને નવી દિશા અને માર્ગદર્શન મળે તે પ્રકારની પ્રસંશનીય કામગીરી કરી હતી.

તા. ૦૫/૦૧/૨૦૧૯ ના રોજ નવસારી રોજગાર વિનિમય કચેરી અને ઉધના બેન્કીંગ એકેડેમીના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે "કારકીર્દી માર્ગદર્શન" વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્નાતક અને અનુસ્નાતકના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓએ ભાગ લઈ માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમ અંગે રસપ્રદ પ્રશ્નોત્તરી થઈ હતી. ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ વિભાગ ગાંધીનગરના ઉપક્રમે ૧૨/૦૨/૨૦૧૯ ના રોજ નવસારી ગાર્ડા કોલેજ ખાતે "મેગા પ્લેસમેન્ટ જોબ ફેર" નું આયોજન થયું હતું. જેના સંયોજક તરીકે ઈતિહાસ વિભાગના અધ્યાપક પ્રા. ચેતનભાઈ પટેલે સેવા આપી જહેમત ઉઠાવી હતી. જેમાં કોલેજનાં ૩૬ જેટલાં વિદ્યાર્થીઓએ વિવિધ કંપનીઓમાં ઈન્ટરવ્યુ આપ્યા હતાં. જેમાં આપણી કોલેજનાં ઘણાં વિદ્યાર્થીઓનાં સિલેક્શન થયા હતા. જે અંગે પ્લેસમેન્ટની તૈયારી માટેની મિટિંગમાં ક્રમશઃ તા. ૧૩/૧૨/૨૦૧૮, તા. ૨૧/૦૧/૨૦૧૯, તા. ૨૩/૦૧/૨૦૧૯, તા. ૧૧/૦૨/૨૦૧૯ તરીકે હાજર રહી કોલેજનું પ્રતિનિધિત્વ કર્યું હતું. કોલેજમાં અવાર-નવાર કારકિર્દી માર્ગદર્શન અને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી અન્વયે તજજ્ઞોનાં વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવે છે.

# સપ્તધારા અહેવાલ

- ડૉ. નયનાબેન નાયક

**आचार्यात् पादमेकं स्यात् पादं स ब्रह्मचारिभिः।**
**पादं तु मेधया ज्ञेयं शेषं कालेन पच्यते।।**

શિક્ષણનો એક પાદ (¼) ભાગ આચાર્ય (શિક્ષક) પાસેથી પ્રાપ્ત થાય છે. ¼ પાદ – ભાગ વર્ગના સહપાઠીઓ પાસેથી અને બાકીનો અડધો ભાગ વિદ્યાર્થી પોતાની બુદ્ધિશક્તિ તથા અનુભવથી પ્રાપ્ત કરે છે.

વિદ્યાર્થીમાં રહેલા ગર્ભિત કૌશલને ઉદ્ભાસિત કરવા માટે સપ્તધારા હેઠળ વર્ષભર અનેકવિધ શિક્ષણેતર પ્રવૃત્તિઓ થાય છે. ગુજરાત સરકારનો આયામ પણ વિધાર્થીને શિક્ષણ અને શિક્ષણેતર પ્રવૃત્તિમાં જોડી તેની સુષુપ્ત શક્તિઓને, વ્યક્તિત્વને સમગ્રતાલક્ષી નિખાર આપવાનો હોય છે. આનંદ પ્રમોદના સમયે તેમજ આવી પડેલ કુદરતી કે માનવસર્જિત આપત્તિ વચ્ચે આપણો વિદ્યાર્થી ટકી શકે, સમાજોપયોગી થઈ શકે તેવા વિવિધ કાર્યો કરવાની તક સપ્તધારા થકી વિદ્યાર્થીને પ્રાપ્ત થાય છે. વિદ્યાર્થીઓના આત્મતેજની ઝાંખી તેમની પ્રવૃત્તિઓનાં ચિતારમાંથી પ્રાપ્ત થાય છે.

૨૧ જૂનના વિશ્વયોગ દિવસની ઉજવણીથી આરંભાયેલ સત્રમાં વ્યાયામ યોગ ખેલકૂદ ધારા તથા સેવા સમુદાયધારા અને જ્ઞાનધારાના અન્વયે યોગ નિદર્શન, યોગ તાલીમસાથે યોગના વિવિધ આસનો તથા પ્રાણાયામના અભ્યાસના કાર્યમાં કોલેજના સમગ્ર પરિવાર સહિત NSS , P.T. ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. પ્રા. દક્ષાબેન પટેલ તથા આચાર્યા ડૉ. ફાલ્ગુનીબેને યોગના મહત્વ વિશે સમજાવ્યું.

રંગકલા કૌશલ્યધારાના ઉપક્રમે ચિત્ર સ્પર્ધા, આરતીશણગાર, રંગોળી, સાડી પરિધાન, મહેંદી તથા કેશગૂંફન સ્પર્ધાનું આયોજન થયું. પ્રા. ઈન્દુબેન પટેલે સમગ્ર સ્પર્ધાનું આયોજન કર્યું.

સર્જનાત્મક ધારાના ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે કાવ્ય સ્પર્ધા, નિબંધ સ્પર્ધાનું આયોજન થયું. જેનું સંચાલન પ્રા. હેમાંગિનીબેન દેસાઈ એ કર્યું.

જ્ઞાનધારાના ઉપક્રમે વકતૃત્વ સ્પર્ધા તથા કાવ્ય પઠન સ્પર્ધા યોજવામાં આવી. જેનું સંચાલન પ્રા. દક્ષાબેન પટેલ તથા પ્રા. ડૉ. મુકેશભાઈ પટેલે કર્યું.

ગીત સંગીત નૃત્ય ધારા હેઠળ લોકગીત ભજન સ્પર્ધા તથા દેશભક્તિગીત સ્પર્ધા યોજવામાં આવી. સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ કાર્યક્રમોમાં પ્રાર્થના, ગરબો, ડાંગી નૃત્ય તથા દેશભક્તિ ગીતોને નૃત્ય રૂપે રજૂ કર્યાં. પ્રા. ડૉ. નયનાબેન નાયકે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. આચાર્યા ડૉ. ફાલ્ગુનીબેને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન તથા માર્ગદર્શન પૂરું પાડ્યું.

નાટ્યધારાના અધ્યક્ષ ડૉ. રિયાઝ તાઈએ વિદ્યાર્થીઓને એક પાત્રીય અભિનય નાટકની તાલીમ આપી. વિદ્યાર્થીઓએ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે યોજાયેલા રંગારંગ કાર્યક્રમમાં તથા કોલેજના વિવિધ કાર્યક્રમોમાં નાટક, સ્ક્રીપ્ટ ભજવ્યાં.

સેવા સમુદાયધારા હેઠળ એન.એસ.એસ. ના વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અભિયાન, મતદાર જાગૃતિ, દીકરી બચાવો, કોલેજ કેમ્પસ સફાઈ, સ્ત્રી સશક્તિકરણ અંગેના કાર્યક્રમોમાં ઉત્સાહથી ભાગ લીધો. આ સમગ્ર કાર્યક્રમો પ્રા. અશોકભાઈ પટેલ તથા પ્રા. હેમાંગિનીબેન દેસાઈ દ્વારા સંચાલિત થયાં.

વ્યાયામ યોગ ખેલકૂદધારા ના ઉપક્રમે વિદ્યાર્થીઓને યોગ ઉપરાંત આંતર- બાહ્ય રમતો માટે ડૉ. જયમલ નાયકે સતત માર્ગદર્શન આપ્યું. વિદ્યાર્થીઓએ ક્રિકેટ , કબડ્ડી , ખો-ખો જેવી રમતો ઉપરાંત એથ્લેટિક્સમાં યુનિવર્સિટી કક્ષાએ તથા આંતર યુનિવર્સિટી કક્ષાએ ઉત્તમ દેખાવ સાથે વિજય પ્રાપ્ત કરી સંસ્થાને ગૌરવ અપાવ્યું.

આ ઉપરાંત મહિલા સશક્તિકરણ સપ્તાહ, સ્વચ્છતા પખવાડા, ગાંધી જયંતિ, વિવેકાનંદ જયંતી, Fit India, મહિલા સુરક્ષા સપ્તાહ, રક્ષાબંધન પર્વની ઉજવણીના કાર્યક્રમો પણ સપ્તધારા તથા NSS ના સંયુક્ત ઉપક્રમે ઉજવાયા. પતંગ ઉત્સવ, નવરાત્રિ ઉત્સવ, કોલેજનાવાર્ષિક- સાંસ્કૃતિક સમારંભમાં, સંસ્થાના સુવર્ણ જયંતી મહોત્સવમાં પણ વિદ્યાર્થીઓએ ઉમંગથી ભાગ લીધો.

વિદ્યાર્થી મિત્રોએ આનંદ મેળાનું આયોજન કરી સ્વ રોજગાર, આત્મનિર્ભર કેવી રીતે થઈ શકાય તે આપબળે સિધ્ધ કરી બતાવ્યું. આનંદમેળા માટે આચાર્યાશ્રી ડૉ. ફાલ્ગુનીબેને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. ટ્રસ્ટીશ્રી દર્શનભાઈએ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યાં.

કોરોના કોવિદ – ૧૯ ને કારણે દેશભરમાં જાહેર થયેલ લોકડાઉનના સમય દરમિયાન ૧ લી મે ગુજરાત સ્થાપના દિન નિમિત્તે 'ગુજરાતની અસ્મિતા અને કોરોના વોરિયર્સની ભૂમિકા' આ વિષય પર કોલેજમાં ઓનલાઈન આંતરવર્ગીય સ્પર્ધાઓ યોજવામાં આવી. નિબંધ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધામાં લોકડાઉનને કારણે કેટલીક અગવડો સાથે વિદ્યાર્થીઓએ ઉમંગસભર સ્પર્ધામાં ભાગ લીધો.

વર્ષભર યોજાયેલ દરેક કાર્યક્રમોમાં કોલેજ પરિવારના સમગ્ર સભ્યોએ સુયોગ્ય, સુંદર સહકાર આપ્યો. વિદ્યાર્થીઓને સૌએ પ્રેરણા આપી. આચાર્યા ડૉ. ફાલ્ગુનીબેને તથા ટ્રસ્ટીશ્રી દર્શનભાઈ એ સતત ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું. સૌનો હાર્દિક આભાર.

૧ લી મે ગુજરાત રાજ્યના સ્થાપના દિન નિમિત્તે સપ્તધારાના ઉપક્રમે ડિજીટલ માધ્યમથી" ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વૉરિયર્સની ભૂમિકા "વિષયના ઉપલક્ષ્યમાં નિબંધ સ્પર્ધા, કાવ્યસ્પર્ધા, ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના અંતરિયાળ વિસ્તારના દરેક વિદ્યાર્થી એમાં ભાગ લઈ મહામારીના સમયે અડીખમ સેવા આપનાર સૌ તથા રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠાને દર્શાવી શકે એ માટે સૌને ઈમેલ તથા વૉટસએપના માધ્યમથી માહિતગાર કર્યા. ટૂંકી અવધિ અને અલ્પસાધનની મદદ લઈ વિદ્યાર્થીઓએ સ્પર્ધાઓમાં ભાગ લીધો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. શ્રી અશોક પટેલ, પ્રા. શ્રીમતી હેમાંગિની દેસાઈ, ડૉ. જયમલ નાયક તથા ડૉ. રિયાઝ તાઈ એ સેવા આપી. પ્રિ. ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈએ માર્ગદર્શન તથા પ્રોત્સાહન આપી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા. સ્પર્ધાઓના પરિણામ નીચે મુજબ છે.

## ચિત્રસ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમ | પટેલ દિવ્યેશ ભિખુભાઇ | બી.એ સેમ–૪ |
| પ્રથમ | લકી બારોટ | બી.એ સેમ–1 |
| દ્વિતીય | નેહલ ગણેશ ડાંગિયા | બી.એ સેમ–1 |
| દ્વિતીય | તાઇ મુસ્કાન રિયાજ અહમદ | બી.એ સેમ–3 |
| તૃતીયક | સુરતી પ્રિયંકા | એમ.કોમ સેમ–૪ |

## કાવ્યસ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમ | પરમાર નિકુંજકુમાર નરેન્દ્રસિંહ | એમ.કોમ સેમ–૪ |
| દ્વિતીય | હળપતિ કાજલબેન ભિખુભાઇ | બી.એ સેમ–1 |
| તૃતીય | વિરવલ જયના સોહંલાલ | બી.કોમ સેમ–1 |

## નિબંધસ્પર્ધા :

| | | |
|---|---|---|
| પ્રથમ | હરિયાની ગાયત્રી | બી.કોમ સેમ–6 |
| દ્વિતીય | પાંચાલ શિવાની છોટેલાલ | બી.કોમ સેમ–6 |
| તૃતીય | ચૌધરી દર્શના | બી.એ સેમ–3 |

## ---: ગીત સંગીત નૃત્યધારા :---

### લોકગીત – ભજન સ્પર્ધા

| | | |
|---|---|---|
| પ્રથમ | ચૌહાણ મનીષા રઘુનાથભાઈ | બી.એ સેમ–3 |
| પ્રથમ | પટેલ કૃત્તિકા ગોકુળભાઈ | બી.એ સેમ–1 |
| દ્વિતીય | કોરચા આશા મામજીભાઈ | બી.એ સેમ–6 |
| દ્વિતીય | પટેલ કીર્તિ અમ્રતભાઈ | બી.એ સેમ–5 |
| તૃતીય | ગામીત વસના રિનીયાભાઈ | બી.એ સેમ–1 |
| તૃતીય | પઢેર મેઘના અજીતભાઈ | બી.એ સેમ–3 |

### ---: આશ્વાસન પુરસ્કાર :---

| | | |
|---|---|---|
| | પટેલ મીનલ રાજુભાઈ | બી.કોમ સેમ–5 |

### ----: સમુહગાન સ્પર્ધા :----

| | | |
|---|---|---|
| પ્રથમ | પટેલ જૈન્સી ડી. | બી.એ સેમ–1 |
| | પટેલ સુમિત્રા જી. | બી.એ સેમ–1 |
| | પટેલ જિનલ એમ. | બી.એ સેમ–1 |

### ----: દેશભક્તિગીત સ્પર્ધા :----

| | | |
|---|---|---|
| પ્રથમ | ચૌહાણ મનીષા રઘુનાથભાઈ | બી.એ સેમ–૪ |
| પ્રથમ | કોરચા આશા મામજીભાઈ | બી.એ સેમ–5 |
| દ્વિતીય | રાઠોડ યશ રાજેશભાઈ | બી.કોમ સેમ–5 |
| દ્વિતીય | પટેલ જિનલ દિનેશભાઈ | બી.એ સેમ–3 |
| તૃતીય | ગામીત મહેશ્વરી રમેશભાઈ | બી.એ સેમ–3 |
| તૃતીય | પટેલ કૃત્તિકા ગોકુળભાઈ | બી.એ સેમ–1 |

### -: શ્લોકગાન સ્પર્ધા :-

| | | |
|---|---|---|
| પ્રથમ | પટેલ વાસ્તવિકતા શૈલેષભાઈ | બી.એ સેમ–1 |
| પ્રથમ | પટેલ કૈલાશ રતિલાલ | બી.એ સેમ–1 |
| દ્વિતીય | કોરચા આશા મામજીભાઈ | બી.એ સેમ–5 |
| દ્વિતીય | પટેલ મિનલ | બી.કોમ સેમ–5 |
| તૃતીય | પટેલ મેધા | બી.એ સેમ–3 |

## ❖ રંગકલા કૌશલધારા :----

### ---: ચિત્રસ્પર્ધા :---

| | | |
|---|---|---|
| પ્રથમ | શેખ શાહરૂખ રઉફ | બી.એ સેમ–1 |
| દ્વિતીય | પટેલ કેતન ઈલેશભાઈ | બી.એ સેમ–3 |
| તૃતીય | પટેલ ખુશ્બુ ગિરીશભાઈ | બી.એ સેમ–5 |
| તૃતીય | પટેલ વાસ્તવિક્તા શૈલેષભાઈ | બી.એ સેમ–1 |

## ---: મ્હેંદી સ્પર્ધા :---

| | | |
|---|---|---|
| પ્રથમ | લાડ નિરાલી ભરતભાઈ | બી.એ સેમ–1 |
| દ્વિતીય | પટેલ ખુશ્બુ આર. | બી.એ સેમ–1 |
| દ્વિતીય | પટેલ કેનલ મુકેશભાઈ | બી.એ સેમ–5 |
| તૃતીય | પટેલ જીનલ નરેશભાઈ | બી.એ સેમ–3 |
| તૃતીય | પટેલ વિભુતિ અનિલભાઈ | બી.એ સેમ–3 |

## ---: આરતી શણગાર સ્પર્ધા :---

| | | |
|---|---|---|
| પ્રથમ | પારેખ રિંકલ કિશનભાઈ | બી.કોમ સેમ–1 |
| દ્વિતીય | પટેલ અંકુર શૈલેષભાઈ | બી.એ સેમ–3 |
| તૃતીય | પટેલ કામિની સોમાભાઈ | બી.કોમ સેમ–3 |
| તૃતીય | પટેલ વાસ્તવિક્તા શૈલેષભાઈ | બી.એ સેમ–1 |

## ---: રંગોળી સ્પર્ધા :---

| | | |
|---|---|---|
| પ્રથમ | પારેખ રિંકલ કિશનભાઈ | બી.કોમ સેમ–1 |
| દ્વિતીય | પટેલ સોનલ દિલીપભાઈ | બી.એ સેમ–3 |
| તૃતીય | પટેલ વાસ્તવિક્તા શૈલેષભાઈ | બી.એ સેમ–1 |

## આશ્વાસન :-----

| | | |
|---|---|---|
| ૧. | શેખ શાહરૂખ રઉફ | બી.એ સેમ–1 |
| ૨. | રાવલ ભાવેશ | બી.એ સેમ–1 |

## ---: કેશ ગુંફન સ્પર્ધા :---

| | | |
|---|---|---|
| પ્રથમ | પટેલ પૂજા ધનસુખભાઈ | બી.એ સેમ–3 |
| દ્વિતીય | પટેલ વિભુતિ અનિલભાઈ | બી.એ સેમ–3 |

## ---: વેસ્ટમાંથી બેસ્ટ :----

| | | |
|---|---|---|
| ૧. | ભાનુશાળી ચાંદની મોહનભાઈ | બી.કોમ સેમ–5 |
| ૨. | પટેલ જીગરકુમાર અશોકભાઈ | બી.એ સેમ–1 |
| ૩. | દેસાઈ મોહિત મુકેશભાઈ | બી.એ સેમ–3 |
| ૪. | ગુપ્તા ગણેશ દિપકભાઈ | બી.એ સેમ–3 |

---: નિબંધ સ્પર્ધા :---

| | | |
|---|---|---|
| આશ્વાસન | પટેલ વૈશાલીબેન કિરીટભાઈ | બી.એ સેમ–5 |
| તૃતીય | પટેલ કમલભાઈ વિનોદભાઈ | બી.એ સેમ–5 |
| દ્વિતીય | નાયકા સરોજ મુકેશભાઈ | બી.એ સેમ–5 |
| દ્વિતીય | લાખન પ્રિયંકાબેન ભરતભાઈ | બી.એ સેમ–5 |
| પ્રથમ | પટેલ શાલિનીકુમારી બાબુભાઈ | બી.એ સેમ–5 |
| પ્રથમ | પટેલ જીનલકુમારી દિલીપભાઈ | બી.એ સેમ–5 |

-----: કાવ્યપઠન સ્પર્ધા :----

| | | |
|---|---|---|
| પ્રથમ | દિવાન આફતાબ અબુબક્કર | બી.એ સેમ–5 |
| પ્રથમ | પટેલ વાસ્તવિક્તા શૈલેષભાઈ | બી.એ સેમ–1 |
| દ્વિતીય | શેખ નિખત નિસાર | બી.કોમ સેમ–5 |
| દ્વિતીય | પટેલ કૈલાશ રતિલાલ | બી.એ સેમ–5 |
| તૃતીય | લાડ નિરાલી ભરતભાઈ | બી.એ સેમ–1 |
| તૃતીય | તિવારી શિવમ સંજયકુમાર | બી.એ સેમ–1 |

----: વકૃતત્વ સ્પર્ધા :----

| | | |
|---|---|---|
| પ્રથમ | અરીબસકલેન પિરઝાદા | બી.એ સેમ–1 |
| દ્વિતીય | રાજપૂત રાયદીપ અવતારસીંગ | બી.એ સેમ–1 |
| દ્વિતીય | તિવારી શિવમ સંજયકુમાર | બી.એ સેમ–1 |
| તૃતીય | શેખ નિખત નિસાર | બી.કોમ સેમ–5 |

# ૧૫૦ મી ગાંધી જયંતિ અને સ્વચ્છતા પખવાડા ઉજવણી

- નિલમબેન પટેલ

મહાત્મા ગાંધીની ૧૫૦ મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રી ઈ.ઈ.એલ.કે. કોમર્સ કોલેજમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન NSS, NCC , સ્પોર્ટસ તથા બીસીએ કોલેજના સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. સૌપ્રથમ સવારે 7 : 30 કલાકે પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. 'વૈષ્ણવ જન' ની ધૂન સાથે પ્રભાત ફેરીમાં કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. ત્યારબાદ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સીપાલ ડૉ. ફાલ્ગુનીબેન તથા સ્ટાફના બીજા અધ્યાપકો અને વિદ્યાર્થી દ્વારા ગાંધીજીવનની જુદાં – જુદાં પ્રસંગોની ઝાંખી કરાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ને ગાંધીજીના જુદાં – જુદાં પ્રસંગો દ્વારા તેમના સત્ય, અહિંસા, સ્વચ્છતા, ધૈર્ય જેવા વિવિધ ગુણોનો પરિચય કરાવીને પ્રેરણા આપવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતાનાં કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૬/૦૧/૨૦૨૦ થી ૩૧/૦૧/૨૦૨૦ દરમ્યાન સ્વચ્છતા પખવાડાનું આયોજન કરવામાં આવ્યું. આ પખવાડામાં આધુનિક ટેકનોલોજી, સ્વચ્છતા સંબંધિત ચિત્ર સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધાનું આયોજન થયું. જળ બચાવો અભિયાન, વિવિધ તજજ્ઞોના સ્વચ્છતા વિષયક વ્યાખ્યાન વગેરેનું આયોજન કરવામાં આવ્યું.

# ફીનીશીંગ સ્કૂલ

- પ્રા. ડૉ. રિયાઝભાઈ તાઈ

ગુજરાત રાજ્ય સરકારનાં શિક્ષણ વિભાગનાં કેસીજીનાં ઉપક્રમે વિદ્યાર્થીઓમાં રોજગાર ક્ષમતા વધે તે માટે ફીનીશીંગ સ્કુલની શરૂઆત કરવામાં આવેલ છે. શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ & ઈ.ઈ.એલ.કે.કોમર્સ કોલેજનાં આચાર્યા ડૉ. એફ.એચ.દેસાઈનાં દૂરદર્શી દ્રષ્ટીકોણનાં લીધે 2019 થી આપણી કોલેજમાં પણ ફીનીશીંગ સ્કુલના પ્રકલ્પની શરૂઆત થઈ. જેમાં આપણી કોલેજનાં ત્રીજા વર્ષ અને બીજા વર્ષ મળીને 51 જેટલા વિદ્યાર્થીઓને આ નવા અભિગમનો ખ્યાલ ન હોવાથી ઘણાં પ્રયત્નો અને સમજણથી તેઓ તૈયાર થયાં.

સૌપ્રથમ કોમ્પોનન્ટ – ૧ માટે ગુજરાતનાં પ્રતિષ્ઠિત ટ્રેનર શ્રી પરેશભાઈ ભટ્ટે 'લાઈફ સ્કીલ'નાં વિષયમાં સેવા આપી. પ્રથમ બેચનાં પ્રથમ ચરણની શરૂઆત તા. 01.10.2019 થી શરૂ થઈ અને તા. 06.10.2019 ના રોજ પ્રથમ ચરણનાં ટ્રેનીંગ પૂર્ણ થતાં જ આપણા વિદ્યાર્થીઓ આત્માવિશ્વાસથી ભરપૂર અને આંખોથી તેજસ્વી લાગતાં હતાં.

ત્યારબાદ કોમ્પોનન્ટ – ૩ અને ૪ ફંકશનલ અંગ્રેજીનાં ચરણ માટે વડોદરાનાં ટ્રેનર શ્રી તન્મય નાઈકે તા. ૦૯.૧૦.૨૦૧૯ થી તા. ૧૭.૧૦.૨૦૧૯ સુધી સેવા આપી. વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસથી ભરપૂર હતાં. તેથી ટ્રેનીંગનાં અંતે તેના ગુણાત્મક પરિણામો સામે આવ્યાં. એ બેચનાં મોટાભાગનાં વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં વાતચીત કરતાં થઈ ગયા. એટલું જ નહીં તેઓ પોતાના વિચારો પણ અંગ્રેજીમાં રજૂ કરતાં થયાં.

ત્યારબાદ કોમ્પોનન્ટ – ૨ માટે 'એમ્પલોયેબીલીટી સ્કીલ' માટે અમદાવાદનાં ગૌરવ ઠક્કરે તા. 18.10.2019 થી તા. 23-10-2019 સુધી સેવા આપી. બીજા ચરણનાં અંતે દરેકનાં પ્રોફેશનલ ઈન્ટરવ્યું થયાં. આત્મવિશ્વાસ, ગુણાત્મક અભિગમ, ભાષાની રજુઆત ખૂબ સરસ હતાં. આપણી કોલેજનાં કેટલાંક વિદ્યાર્થીઓ માટે ટ્રેનરનું સૂચન હતું કે આ વિદ્યાર્થીઓ પાસે આઈ.પી.એસ.થવાની ટેલેન્ટ છે.

પ્રથમ બેચનાં અંતે વિદ્યાર્થીઓ પ્રતિભાવમાં ગદ્દ-ગદ્દીત થયા હતાં. હર્ષનાં આંસુથી ભાવ – વિભોર થઈ તેમનાં ઉદ્દગારો હતાં, 'સારું થયું અમે આ તક ન ગુમાવી' આજે અમારી જાત અને જીવન પ્રત્યે ગર્વ છે. તેમનો ગજબનો આત્મવિશ્વાસ ટ્રેનીંગનાં અંતિમ દિવસનાં કાર્યક્રમનું આયોજન, સંચાલન બધા જ વિદ્યાર્થીઓએ સ્વયં કર્યું હતું. આ આહલાદક પ્રસંગ આચાર્યાશ્રી , કો-ઓર્ડિનેટરશ્રી, સ્ટાફ પરિવારના સભ્યો અને વિદ્યાર્થીઓનાં આંખોમાંથી આંસુ છલકાવી ગયાં.

